ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 40 • સાહિત્યકાર વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

તંત્રી : ડો ધીમંત પુરોહિત



## ડો. ચંદ્રકાન્ત મહેતા @ 40

www.newzviewz.com

ગુજરાતી ઈમેગેઝીન • વર્ષ 2 • અંકઃ 40 • સાહિત્યકાર વિશેષાંક • ઓગસ્ટ, 2019

# વાતાયન

'Vatayan'- the title is our tribute to the legendary Gujarati litterateur Chandrakant Bakshi, his pen and his column.

તંત્રીઃ ડો.ધીમંત પુરોહિત

## સાંકળિયું


1. તંત્રીલેખ : ગુરૂ દેવો ભવ : ડો ધીમંત પુરોહિત
2. શુભાશીર્વાદ : મોરારી બાપુ
3. સંદેશ : નરેન્દ્ર મોદી
4. सुहृदवर: श्री चन्द्रकांत : डॉ वासुदेव पाठक 'वागर्थ' प्रा. चन्द्रिका पाठक
5. બઢો,માધુર્ય સર્વદા : પદ્મશ્રી કુમારપાળ દેસાઈ
6. શિક્ષણ અને સાહિત્યજગતનો તેજસ્વી તારલો : પ્રવીણ ક. લહેરી
7. શૈક્ષણિક સુસજ્જતા અને વહીવટી દક્ષતાનો સમન્વય : નરહરિ અમીન
8. સારા કામમાં સહુની સાથે : રઘુવીર ચૌધરી
9. મારા પપ્પાજીના શૈક્ષણિક વિચારો : પ્રો. ઈશ્વર પરમારની મુલાકાત આધારિત : પિનાકિન મહેતા
10. પત્રકારત્વ શિક્ષણનો યજ્ઞ આરંભનાર મહર્ષિ : મહેશ ઠાકર

11. કલમ, કૉલમ અને વ્યવહારમાં સદાબહાર
યુવા શુભચિંતક : અજય ઉમટ
12. પત્રકારત્વમાં યશસ્વી પ્રદાન
: બળવંતરાય શાહ
13. લાગણી અને વાત્સલ્યનો મહાધોધ
: સોનલ પંડ્યા
14. સદાબહાર સાહિત્યકાર : વસુબહેન ભટ્ટ
15. સાહિત્યકારોની નજરે : શાલિની પી. મહેતા
16. પ્રાથમિક શિક્ષકપદથી પ્રારંભી ઉપકુલપતિપદ
સુધીની ઊંચી ભાવનાપ્રધાન 'ઉડાન' એટલે
ડૉ. ચન્દ્રકાંત મહેતા : રાધેશ્યામ શર્મા
17. પતિ મારા પરમેશ્વર : મંજુલા મહેતા
18. દાદાજી : સિદ્ધાંત(પૌત્ર)
19. એક પ્રગટ સારસ્વત : ડૉ. ચન્દ્રકાંત મહેતા
: પ્રો. ઈશ્વર પરમાર
20. ડૉ. ચન્દ્રકાંત મહેતા : આત્મકથ્ય

પ્રકાશકઃ ન્યુઝવ્યુઝ.કોમ વતી ડો.ધીમંત પુરોહિત,

મેગેઝીન ડિઝાઈનઃ હર્ષલ ગિલ્ડર

અવલોકન માટે પુસ્તક મોકલવાનું સરનામું

www.newzviewz.com, Comminicators, 509, Shivalik High Street,
Near Mansi Circle, Vastrapur, Ahmedabad : 380015
dhimantaajtak@gmail.com Mobile : +91 98798 10101



# તંત્રીલેખ

# ગુરુદેવોભવ:

## ડૉ ધીમંત પુરોહિત

આજથી 40 વરસ પહેલાં ગુજરાતમાં જ નહિ, ભારતમાં પણ પત્રકારત્વના શિક્ષણ વિશે ભાગ્યે જ કોઈ જાગૃતિ હતી, ત્યારે ડો ચંદ્રકાંત મહેતાએ અમદાવાદના નવગુજરાત મલ્ટીકોર્સ ઇન્સ્ટીટયુટમાં પત્રકારત્વના શિક્ષણની શરૂઆત કરી હતી. ત્યાંથી શરુ થયેલો એ શિક્ષણ યજ્ઞ એમણે જ સ્થાપેલા પાંચ અન્ય ઇન્સ્ટીટયુટ થઈને ગુજરાત યુનિવર્સીટીનાં પત્રકારત્વ વિભાગ સુધી વિસ્તર્યો. જે યજ્ઞમાંથી આજ સુધી 1500 વધુ પત્રકારો ડો ચંદ્રકાંત મહેતાએ ગુજરાતને આપ્યા છે. તદુપરાંત ગુજરાત યુનિવર્સીટીમાં પત્રકારત્વના પહેલા ગાઈડ તરીકે એમણે ગુજરાતને પહેલાં નવ પીએચડી આપ્યા. હું એમાંનો નવમો, એટલે મારા સહીત 1509 પત્રકારોના ડો ચંદ્રકાંત મહેતા મીડિયા ગુરુ છે. એમના હિન્દી, ગુજરાતી અને સાહિત્ય – પત્રકારત્વ લેખનના વિદ્યાર્થીઓ ગણવા જાવ, તો એ આંકડો લાખોમાં જાય કારણકે શાળાના પ્રાથમિક શિક્ષણથી યુનિવર્સીટીનાં શિક્ષણ સુધી ડો ચંદ્રકાંત મહેતાનું 60 વર્ષનું ઋષિ તુલ્ય તપ છે.

આ તો થઇ પત્રકારત્વ શિક્ષણની વાત. ગુજરાતીઓ તો એમને છેલ્લા સાડા ચાર દાયકાથી ઓળખે છે, 'ગુજરાત સમાચાર'નાં એક અત્યંત લોકપ્રિય કટાર લેખક તરીકે. એમની અઠવાડિયાની ત્રણ કોલમો – 'એક જ દે ચિનગારી', કેમ છે દોસ્ત' અને 'ગુફ્તગુ'નાં ચાહકો દેશ વિદેશમાં ફેલાયેલા છે. 5,000થી વધુ તો એમના પ્રકાશિત લેખો છે અને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં 167 પુસ્તકો.

શિક્ષણ અને સાહિત્ય ઉપરાંત મને વધુ સ્પર્શતું એમનું માનવીય પાસું છે. વિદ્વાનની સાથે સાથે એ ઉમદા માણસ પણ છે. એમના ઉમદા સ્વભાવ અને પ્રેમનો સ્પર્શ પામેલા મારા જેવા ગુજરાત, દેશ અને દુનિયામાં અનેક છે. મને લાગે છે, કે એ પ્રેમના બળે જ ડો ચંદ્રકાંત મહેતાને 80 વર્ષની ઉંમરે પણ યૌવનસભર, પ્રવૃત્તિમય, સક્રિય અને સ્વસ્થ રાખ્યા છે.

હા, ડો ચંદ્રકાંત મહેતા આ છઠ્ઠી જુલાઈએ જીવનના આઠ દાયકા પસાર કરીને 81માં વર્ષમાં પ્રવેશે છે. જીવનના 100માં વર્ષની ઉજવણી વેળાએ પણ એ આવા જ તરોતાજા હોય એવી હૃદયપૂર્વકની શુભેચ્છા.

# શુભાશીર્વાદ

## – મોરારી બાપુ



॥ સીતારામ ॥

સૌ ભાઈ-બહેનો !

જય સિયારામ !

શ્રી રાજેશ મકવાણે આપણાં વિદ્વાન સાહિત્યકાર સ્વ. ચંદ્રકાંત લાલ મહેતા નો અભિનંદન ગ્રંથ તૈયાર કરવા તથા અભિવાદન સમારંભ યોજવા જઈ રહ્યા છો. ત્યારે મારી પ્રસન્નતા અને પ્રભુ પ્રાર્થના ! સ્વ. ચંદ્રકાંતલાલ સાહિત્ય અને સમાજના સેવક છે). એમના પુસ્તકો સમાજના મનસ્વીને પ્રેરણા અને પ્રકાશ આપ્યા કરશે એવી શ્રદ્ધાથી પુન: મારી શુભ કામના ! રામ સ્મરણ સહિત

7-5-2010

(મોરારિબાપુ)

# સંદેશ

## - નરેન્દ્ર મોદી



સત્યમેવ જયતે

તા.૧૮-૦૩-૧૧

નિરક્ષરોને અક્ષર ઉકેલતા કરવાથી માંડીને સાહિત્યની સર્જન સેવાઓ માટે ઉચ્ચત્તમ માન-અકરામો મેળવ્યા છે એવા શ્રી ચંદ્રકાન્તભાઈ યથાર્થમાં પ્રકટ સારસ્વત અને કર્મઠ સમાજસેવી તરીકે શોભતા સ્વજન છે. એમની કલમનું કર્તૃત્વ અને સાક્ષરતાનો સથવારો શિક્ષણ, સાહિત્ય અને સમાજસેવાના ક્ષેત્ર માટે પારસમણિ પુરવાર થયો છે. મૃદુ અને સૌજન્યશીલ સ્વભાવના આ સારસ્વતને માન-સન્માન અને અભિવાદનના અવસરો સામે આવીને સાંપડ્યા છે. શિક્ષક સ્વરૂપમાં શરૂઆત કરી આજે જીવનના સાતમા દાયકે યશસ્વી સફર સાથે આગળ વધતા રહ્યા છે.

એમનું સન્માન સંતકૃપાના સાનિધ્યમાં પૂ. મોરારિ બાપુના આશીર્વાદ સાથે સુઆયોજિત થનાર છે, એ ગુજરાત માટે વિરલ ઘટના છે. ડૉ. **ચંદ્રકાન્તભાઈ મહેતા અભિવાદન સમિતિ અને અભિનંદન ગ્રંથ સંપાદન સમિતિ** દ્વારા આયોજિત અવસરને શુભેચ્છાઓ સહિત શ્રી ચંદ્રકાન્તભાઈને માટે દીર્ઘાયુ કામના પાઠવું છું.

**સૌનો,**

(નરેન્દ્ર મોદી)

**નરેન્દ્ર મોદી**

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

# सुहृदवर :
# श्री चन्द्रकांत - डॉ वासुदेव पाठक 'वागर्थ'
# प्रा. चन्द्रिका पाठक

द्रवति दीनजनदु:खं दृष्ट्वा
चन्दनसारसमानं चोक्त्वा ।
परसन्तापनिवारणदक्ष :
जयतु चन्द्रकान्तस्सुहृद्वर: ॥

चंद्रकान्तप्रभा सौम्या
द्रवत्येव दयान्विता ।
कांतिशान्तियुता चैव
तत्त्वसत्त्वसमन्विता ॥

हसितेन युता हृद्या
रिपोरपि प्रियंकरी ।
शंतमा शुभदा कान्ति :
कमनीया मुखे शुभा ॥
रम्या रुचिकरा वाणी
मकरन्दमयी प्रिया ।
हेतुपूर्णा तथा हृद्या
तारिणी हितकारिणी ॥

कृपया गुरुवर्याणां
स्थिरा विद्या शुभा भवेत् ।
चञ्चलाप्यचला स्याते
मंञ्जुला मोदकारिणी ॥
पञ्चसप्ततिवर्षाणि ॥
वागर्थ प्रतिपत्तये ।
तथा शतार्थं सद्भाव :
चन्द्रिकावासुदेवयो: ॥
कृतं सारस्वतं येन
जीवनं लक्ष्यशोभितम् ।
तच्छक्तिभक्तियुक्तं स्यात्
स्वप्रयत्नैश्च सात्त्विकै: ॥

•

# બઢો, માધુર્ય સર્વદા

## - પદ્મશ્રી કુમારપાળ દેસાઈ

૧૯૬૬માં નવગુજરાત કૉલેજના સંકુલમાં હિન્દી વિષયના નવા નિમાયેલા અધ્યાપક ડૉ. ચંદ્રકાન્ત મહેતા સાથેની મૈત્રીભરી યાત્રાનો અનુભવ આજ સુધી માણતો રહ્યો છું. અમે બન્ને એકબીજાના જીવનની દુઃખભરી પરિસ્થિતિઓમાં પરમ સાથી બની રહ્યા અને એ મુશ્કેલીઓનો સામનો કરવામાં ખભેખભા મિલાવીને કાર્યરત રહ્યા છીએ. નવગુજરાત કૉલેજ, એ પછી નવગુજરાત મલ્ટીકોર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ અને 'ગુજરાત સમાચાર'નું કોલમ-લેખન - આ બધા જ ઘટનાપ્રસંગોએ અમે સ્નેહભરી સંવાદિતાથી કામ કર્યું છે. ક્યારેક અમે એક સંસ્થામાં રહ્યા અને સાથે કામ કર્યું, ક્યારેક અમારા રાહ પણ પલટાયા. એ હીરામણિ શિક્ષણ સંકુલના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બન્યા અને નિવૃત્તિ બાદ હું ગુજરાતી વિશ્વકોશ કે ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજી જેવી સંસ્થાઓ સાથે કાર્યરત રહ્યો; પરંતુ અમારા બન્નેનો હૃદયનાતો સદૈવ એટલો જ સુદૃઢ રહ્યો. નવગુજરાત મલ્ટીકોર્સ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટમાં એમની સાથે રહીને પત્રકારત્વનું શિક્ષણ આપવાનો પ્રારંભ કર્યો, તો 'ગુજરાત સમાચાર'માં શ્રી શ્રેયાંસભાઈ શાહ સાથે એમનો પરિચય કરાવીને એમની માંગલ્યદર્શી કોલમોનો પ્રવાહ શરૂ થયો.

આજે એ બધાં સ્મરણો તાજાં કરું છું, ત્યારે ઘણી ઘણી ઘટનાઓ ચિત્તમાં ઊભરાય છે. આઠમા ધોરણમાં અભ્યાસ કરતો તેર વર્ષનો વિદ્યાર્થી અમદાવાદની અચરતલાલ ગિરધરલાલ બોર્ડિંગમાં દાખલ થયો હતો. આ બોર્ડિંગ તેજસ્વી કિંતુ આર્થિક સંકડાશ અનુભવતા વિદ્યાર્થીઓને ભોજન-આવાસની વ્યવસ્થા આપતી હતી. આ આઠમા ધોરણનો વિદ્યાર્થી એકવાર નોટ-ચોપડી વિના આવ્યો અને શિક્ષકે એને સ્કૂલમાંથી કાઢી મૂક્યો. દિલ્હીચકલામાં આવેલી દેના બેંકના પગથિયાં પાસે બેસીને રડતા આ વિદ્યાર્થીને બોર્ડિંગના ઈન્ટર સાયન્સમાં ભણતા બીજા વિદ્યાર્થીએ જોયો. એમણે આ આઠમા ધોરણના વિદ્યાર્થીને પૂછ્યું તો ખબર પડી કે એની પાસે ભણવા માટે પાઠ્યપુસ્તક નથી, લખવા માટે નોટ નથી, અરે ! કપડાં ધોવાનો સાબુ સુદ્ધાં નથી.

તરત જ એ વડો નિશાળિયો આઠમા ધોરણમાં અભ્યાસ કરતા ચંદ્રકાન્તભાઈને દિલ્હીચકલામાં આવેલી શેઠ બ્રધર્સ નામની કટલરી-હોઝીયરીની દુકાને લઈ ગયો. અહીંથી એણે પાઠ્યપુસ્તકો, નોટ, પેન, પેન્સિલ બધું અપાવ્યું. આ વડો વિદ્યાર્થી તે શંકરભાઈ પટેલ, જેઓ સમય જતા નર્મદા યોજનાના એક્ઝિક્યુટિવ એન્જિનિયર બન્યા હતા; પરંતુ આ ઘટનાએ આઠમા ધોરણમાં અભ્યાસ કરતા ચંદ્રકાન્તભાઈના હૃદયમાં શુભ ભાવનાની ગંગોત્રીનું સર્જન કર્યું.

જિંદગીની આકરી તાવણીમાંથી બહાર આવનાર મોટે ભાગે જિંદગી પ્રત્યે કટુતા કે તિરસ્કાર ધરાવતા હોય છે, જ્યારે ચંદ્રકાન્તભાઈએ આ ઘટનામાંથી અમૃતનું આચમન કર્યું અને મનોમન સંકલ્પ કર્યો કે હું સ્વાવલંબી બનીશ, એટલું જ નહીં, પણ જીવનમાં બીજાનાં આંસુ લૂછવા પ્રયત્ન કરીશ.

એમના ભાવનાજગતમાં માંગલ્યનું માધુર્ય પ્રગટ થયું. એનું ખરું સિંચન સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ વિદ્વાન આચાર્ય નટવરલાલ યાજ્ઞિકે કર્યું. એ સમયે ડૉ. નટવરલાલ યાજ્ઞિક પાલનપુરમાં આચાર્ય હતા. એમની સાથે રોજ સાંજે અધ્યાપક ચંદ્રકાન્ત ટહેલવા જાય. આચાર્યશ્રી આ વિદ્યાર્થીને જીવનોપયોગી વાતો કરે, રસ્તામાં કોઈ ગરીબ આવે અને સાહેબને વંદન કરે તો સાહેબ એમના ખિસ્સામાં હોય એ રકમને એને મદદરૂપે આપી દે. આચાર્ય નટવરલાલ યાજ્ઞિકે અધ્યાપક ચંદ્રકાન્તને સામાન્ય માનવીની આંખના આંસુને પોતાના અંતરમાં ઝીલવાની શિક્ષા-દીક્ષા આપી. એની સાથોસાથ પ્રચ્છન્ન રીતે આવા વિદ્વાન આચાર્યના સત્સંગમાં એમની ધર્મ પ્રત્યેની સમજ કેળવાવા માંડી. આચાર્યશ્રી નટવરલાલ યાજ્ઞિક પાસેથી ધર્મની ઉદાત્ત ભાવનાનું આચમન કર્યું, એનું પરિણામ એ આવ્યું કે આજે પણ ડૉ. ચંદ્રકાન્ત મહેતાના વ્યાખ્યાનોમાં 'ઉપનિષદ્' કે 'ભગવદ્ ગીતા' જેવા ગ્રંથોના અવતરણો આપોઆપ પ્રગટતાં હોય છે.

એ પછી અમદાવાદમાં આવ્યા બાદ મદદરૂપ થવાની એમની ભાવના સતત પ્રબળ રહી. કોઈ આંખે ઓછું દેખનાર રસ્તામાં આમતેમ ચાલતો હોય, તો એને જાળવીને રસ્તો પાર કરવામાં મદદ કરે. રસ્તો પસાર કરનાર વડીલ એવી વિનંતી કરે કે મારે અહીં આંખની હોસ્પિટલમાં આંખની તપાસ કરાવવી છે, તો ચંદ્રકાન્તભાઈ મીઠાખળીમાં આવેલી નગર હોસ્પિટલમાં લઈ જઈ જરૂરી કાર્યવાહી કરી આપે. ચંદ્રકાન્તભાઈ એની સાથે જાય, ફોર્મ લે, એની પાસેથી વિગતો મેળવી લખે અને એની સહી કરાવીને ફોર્મ આપે. જુએ કે આ અતિ ગરીબ માનવી છે તો એને થોડા પૈસા પણ આપી જાય અને કહે કે આમાંથી ચશ્માં લઈ લેજો. નવનિર્માણના આંદોલનના સમયે હોસ્પિટલમાં ઘવાઈને આવેલા દર્દીઓને ફળ-ફળાદિ વહેંચવા માટે ચંદ્રકાન્તભાઈ અને એમના પત્ની મંજુબહેનને દોડી જતાં મેં જોયાં છે. ધીરે-ધીરે ચંદ્રકાન્તભાઈની એ જીવનભાવના દૃઢ થઈ ગઈ કે માણસ મૂળભૂત રીતે, એના સ્વભાવમાં શુભ ભાવ ધરાવતા હોય છે. માત્ર ક્યારેક આપણે એની શુભ ભાવના જગાડવી પડે છે.

નવગુજરાત કૉલેજની એક ઘટનાનું સ્મરણ થાય છે : ઈ.સ. ૧૯૭૧ની સાલ. એ સમયની સ્ટાફરૂમની આગળ પોતાના રાજીનામાની અરજી લઈને સોમાભાઈ મૂળાભાઈ પરમાર નામનો વિદ્યાર્થી ઊભો હતો. એના પગમાં પગરખાં નહોતાં, વસ્ત્રો મેલા-ઘેલાં હતાં અને એમાંય એ કોલેજ છોડી દેવાનો વિચાર કરતો હતો.

બનાસકાંઠાના થરાદ ગામના મૂળ વતની સોમાભાઈ પરમારની અરજી વાંચીને ચંદ્રકાન્તભાઈએ કહ્યું કે હમણાં કોલેજ છોડવાની ઉતાવળ કરતો નહીં. સાંજે મારા ઘરે આવજે. ભદ્ર વિસ્તારમાં રહેતા ચંદ્રકાન્તભાઈને ઘેર એ ગયો અને એણે કહ્યું કે મારા ૭૮ વર્ષના પિતાને બનાસકાંઠાના એક નાનકડા ગામમાં મજૂરી કરવી પડે છે. હું કેવો અભાગી કપૂત કે ૭૮ વર્ષે બાપને કડકડતી ઠંડીમાં અને બળબળતી ગરમીમાં કે પછી મુશળધાર વરસાદમાં તનતોડ મહેનત કરવી પડે છે !

ચંદ્રકાન્તભાઈએ કહ્યું કે તને એક સ્કૂલમાં પટાવાળાની નોકરી અપાવું છું, પણ શરત એટલી કે આ નોકરીની સાથે તારે આગળ વધુ અભ્યાસ કરવો પડશે. સોમાભાઈ નવગુજરાતમાં અભ્યાસ કરે અને નિશાળમાં પટાવાળાની પૂર્ણ સમયની નોકરી કરે.

એ છોકરો નવગુજરાતમાં પ્રથમ નંબરે તો આવ્યો જ, પરંતુ યુનિવર્સિટી પરીક્ષામાં પણ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયો.

એ સમયની સ્થિતિનો વિચાર કરું છું, ત્યારે એમ લાગતું કે સોમાભાઈના પિતાને સુખી કરવાનું સ્વપ્ન એ જાણે ચંદ્રકાન્ત મહેતાનું સ્વપ્ન બની ગયું હોય. એ સોમાભાઈ પરમારે સમય જતાં થાનગઢની સ્ટેટ બેંકમાં કેશિયર તરીકે નોકરી મેળવી અને પોતાના પહેલા પગારમાંથી ચંદ્રકાન્ત મહેતાના નામના થાનગઢના પ્રસિદ્ધ કપ-રકાબીનો સેટ એમને આપી ગયા. આ ઘટના ચંદ્રકાન્તના હૃદયમાં પણ પરિવર્તન કરતી ગઈ અને આ ઘટનાએ એમનામાં યુવાન પેઢી માટે શ્રદ્ધા જગાવી. આથી કોઈ યુવાન પેઢીની નિંદા કરે કે એને ઉતારી પાડે, તો ચંદ્રકાન્તભાઈ એનો સણસણતો જવાબ આપે છે. જીવનનું આ માંગલ્ય દર્શન એમના વ્યવહારમાં અને લેખનમાં સાંગોપાંગ પ્રગટ થયું. એ ઘણીવાર કહે કે આઠ વર્ષની ઉંમરે કાકા નહીં, ફોઈ નહીં, ફુઆ નહીં, બીજા કોઈ સ્વજન નહીં અને બધું એકલે હાથે કર્યું. પરિવારની જવાબદારી સંભાળી, માતાની સેવા કરી. સંઘર્ષ ખેડ્યા. સંઘર્ષ પણ કેવો ? માસિક પચીસ રૂપિયાના પગારે બાળમંદિરના શિક્ષક તરીકે પહેલી નોકરી કરી. એ પછી બાણું રૂપિયાના પગારે મ્યુનિસિપલ શિક્ષક તરીકેની કામગીરી બજાવી અને ત્યારબાદ ૧૧૦ રૂપિયાના પગારે હાઈસ્કૂલમાં નોકરી કરી. આ સંઘર્ષ એ જેવોતેવો સંઘર્ષ નહોતો, કારણ એટલું જ કે એ સંઘર્ષ અનુભવનાર પાસે એવું વિશાળ દિલ હતું કે જેને પરિણામે કોઈ ઝાઝી બચત રહેતી નહીં. પોતાની માતા તરફનો એમનો એટલો બધો ભાવ હતો કે માની જીવનભર જાળવણી કરી. એની સેવાશુશ્રૂષા અને સારવાર માટે હજારો રૂપિયાનો ખર્ચ કર્યો. સવારે એલ.ડી. આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કરવા જાય, અગિયાર વાગે નોકરી શરૂ થાય અને તે પૂર્ણ કરી સાંજે ટ્યૂશન કરે.

આવા ચંદ્રકાન્તભાઈ કહે છે કે હું જેવો છું તેવો મિત્રોએ મને બનાવ્યો છે; પરંતુ મિત્ર બનાવવાની એમની કળા પણ અદ્‌ભુત. કોઈપણ વ્યક્તિ એમના સંપર્કમાં આવે એટલે એવી નાનામાં નાની બાબતની કાળજી રાખે. દર દિવાળીએ એને

યાદ કરીને શુભેચ્છા પાઠવે અને જેવાં એમના કપડાં, જેવા એમના વાળ એવી જ સુઘડ એમની વ્યવસ્થાશક્તિ. એકેએક બાબતની ઝીણવટ એમના જીવનમાં જોવા મળે. ખૂબ ઝીણવટપૂર્વક કાર્યક્રમનું આયોજન કરે અને એવી રીતે આયોજન કરે કે આવનારને કશું પૂછવાનું રહે નહીં. એમની વ્યવસ્થાશક્તિનો લાભ નવગુજરાત મલ્ટીકોર્સને મળ્યો અને હીરામણિ વિદ્યાસંકુલને પણ સાંપડ્યો. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે એમણે વિરોધી વાતાવરણ વચ્ચે પણ નવી કેડી કંડારવાનો પ્રયાસ કર્યો હતો.

આવા ચંદ્રકાન્તભાઈનું ગુજરાતી સાહિત્યમાં આગવું પ્રદાન રહ્યું છે. એમના પુસ્તકોમાં નવલિકાસંગ્રહ, નિબંધસંગ્રહ, ચિંતનાત્મક લેખસંગ્રહ, બાળસાહિત્યના પુસ્તકો અને સમૂહ માધ્યમના પુસ્તકો મળે છે. ગુજરાતીની સાથોસાથ હિન્દીમાં એમના પુસ્તકોએ આગવી પ્રતિષ્ઠા મેળવી છે. સમૂહ-માધ્યમના ક્ષેત્રમાં એમનું પાયાનું કામ છે. ગુજરાતમાં યાસીન દલાલ અને ચંદ્રકાન્ત મહેતા એ બે નામો એવાં છે કે જેમણે આ નવા ક્ષેત્રથી ગુજરાતને વાકેફ કર્યું, એટલું જ નહીં, પણ એ વિષયમાં પુસ્તકો તૈયાર કરીને તેમજ એનું પ્રોફેશનલ શિક્ષણ આપીને વિદ્યાર્થીઓની એક પેઢી તૈયાર કરી.

સાહિત્યિક સંસ્થાઓમાં વિચારીએ તો હિન્દી સાહિત્ય પરિષદ, મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ, શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ, ભાષાસાહિત્ય સંસદ અને ઓથર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા જેવી સંસ્થાઓમાં માનવંતા હોદ્દા ધરાવે છે. એમને 'સંસ્કાર પરિવાર' વડોદરા તરફથી શ્રેષ્ઠ યુવા સર્જક એવોર્ડ મળ્યો છે, તો હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા 'લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ' મળ્યો છે. હિન્દીભાષી પ્રદેશોમાંથી એમને 'ભારતીભૂષણ સન્માન', 'દિવ્ય સન્માન', 'સૌહાર્દ' અને 'કાદંબરી પુરસ્કાર' પ્રાપ્ત થયા છે. એમનાં પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો મળ્યા છે. છેલ્લાં ત્રણ દાયકાથી શહેર સમાજ શિક્ષણ સમિતિ દ્વારા નિરક્ષરતા નિવારણ, પ્રૌઢશિક્ષણ, સમાજશિક્ષણ, એઈડ્ઝ નિયંત્રણ જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન કર્યું છે. આમ જીવનના અનેકવિધ ક્ષેત્રોમાં પ્રસન્નતાપૂર્વક યોગદાન કરનારા ચંદ્રકાન્ત મહેતાએ પુરુષાર્થ, પ્રગતિ અને પારંગતતાના ઉત્તુંગ શિખરો સર કરી જીવનને દીપાવ્યું છે. આવી વ્યક્તિને મિત્ર તરીકે પામીને ધન્યતા અનુભવું છું અને સાથોસાથ એમને નિરામય શતાયુનું વરદાન સાંપડે એવી અંતઃકરણપૂર્વક પ્રભુપાર્થના કરું છું.

•

# શિક્ષણ અને સાહિત્યજગતનો તેજસ્વી તારલો

- પ્રવીણ ક. લહેરી

શિક્ષણ અને સાહિત્યજગતના ઓજસ્વી આદિત્ય, સૌમ્યતા, સજ્જનતા અને સમજણનો ત્રિવેણી સંગમ જેમનામાં રચાયો છે તેવા વિરલ વ્યક્તિત્વના સ્વામી **ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા** ગુજરાતની પ્રજાની બે પેઢીના ઘડવૈયા રહ્યા છે. વાણી અને કલમથી તેમણે શબ્દને શણગાર્યો જ નથી, પરંતુ તેનો ઉપયોગ કુશળતાપૂર્વક કરી યુવાનો અને યુવતીઓને સાચો રાહ ચીંધ્યો છે. તેમનાં લખાણોની વિશેષતા એ રહી છે કે નવાં આકર્ષક નામો શબ્દોમાંથી નીકળતો એક મધુર ધ્વનિ અને માનવ મનની ઊંડી લાગણીઓના પ્રવાહને સર્જનાત્મક માર્ગે વાળી દેવાની તેમની કુશળતાના કારણે તેમના લેખો સમાજના તમામ ક્ષેત્રના લોકો માટે આકર્ષણ રૂપ રહ્યા છે.

**ડૉ. ચંદ્રકાન્તભાઈ**ની કારકિર્દી એટલે શિક્ષણ દ્વારા સમાજઘડતર માટે સ્વનું સમર્પણ. **ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા**ની દસકાઓથી શિક્ષણસેવા અવિરત ચાલુ રહી છે. શિક્ષણમાં સંશોધન, વિશ્લેષણ, સંસ્કાર અને સામાજિક સમરસતા સહજપણે સંયોજાય તે માટેની તેમની કુશળ કલમનો સદુપયોગ દાદ માગી લે છે. શિક્ષણની સાથે જીવનોપયોગી વિષયો અંગેના તેમના પ્રવચન લેખો અને તેમનાં ભાષાંતરોએ ગુજરાતની ભાવિ પેઢીનું સંસ્કારસિંચન કર્યું છે. તરવરાટભર્યા યુવાન અને યુવતીઓની વર્તમાન પેઢી અને અગાઉની પેઢીના પ્રયત્નોને કારણે ગૂર્જરધરા આજે શાંતિ, સમૃદ્ધિ અને સાહસિકતાથી ઝગમગી રહી છે. તેના બીજ રોપવાનું અતિ મહત્ત્વનું કામ ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતાએ કર્યું છે. સામી વ્યક્તિને મળતાંની સાથે જ જેમના સમગ્ર શરીરમાંથી ઉષ્મા, આદર અને સ્નેહની સરવાણીઓ ફૂટી નીકળે છે તેવા આ નખશિખ સજ્જન, મોહ-માયા, લોભ, કામ, ક્રોધ કે ઈર્ષા જેવા નકારાત્મક ભાવોથી સદાય મુક્ત રહ્યા છે. કઠોર પરિશ્રમ, સ્વસ્થ ચિત્તે ચિંતન અને દરેક શબ્દને મઠારીને પોતાના વિચારો સશક્ત રીતે રજૂ કરવામાં **ડૉ. ચંદ્રકાન્તભાઈ**એ ઊંચાં કીર્તિમાન સ્થાપ્યા છે. તેમનું સાહિત્ય ગુજરાતી ભાષા માટે સદાય સુશોભનનું નહીં, પરંતુ સમગ્ર જીવનને નિખારતું અમૂલ્ય આભૂષણ બની રહેશે.

**ડૉ. ચંદ્રકાન્તભાઈ** સાથેના પરિચયને ત્રણ દસકાનો સમય વીતી ચૂક્યો છે. અનેક પ્રસંગોએ તેમની સાથે વિચારોની આપલે કરવાનો મોકો મળ્યો છે. તેમનાં વિસ્તૃત લખાણોનો શક્ય તેટલો અભ્યાસ કરવાની પણ તક મળી છે. તેમનામાં સ્વજન તરીકેના આત્મીય વ્યવહારની અનુભૂતિ પણ કરી છે. તેમને પ્રાપ્ત થયેલાં અનેક માન-સન્માનનો હું સાક્ષી છું. ગુજરાતના સમાજને એક આગવી અસ્મિતા, એક નવી ઓળખ અને એક નવી દિશા આપનારા આ સિદ્ધહસ્ત લેખકનું સન્માન તે આપણા સૌ માટે ગૌરવ અને આનંદની બાબત છે. તેમને અભિનંદન આપીને આપણે તેમનું ઋણ ચૂકવી શકીએ નહીં. તેઓની દીર્ઘકાલીન આરાધનાનું ફળ કઈ રીતે સમાજના તમામ સ્તરે વહેંચાતું રહે, વધતું રહે અને સૌના વિકાસનું નિમિત્ત બનતું રહે તેવી યોજનાને જ તેમની અનોખી સિદ્ધિની સાચી ઉજવણી કહી શકાય. તેમના જીવનનાં ભગીરથ કાર્યોમાં તેમના પરિવાર, બહોળા મિત્ર સમુદાયનો સહયોગ પણ મહત્ત્વનો રહ્યો છે.

આ પ્રસંગે ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતાના દીર્ઘ, આરોગ્યમય, સુખી, સંપન્ન અને સેવામય જીવન માટે અગણિત શુભેચ્છાઓ પાઠવુ છું. આશા રાખું છું કે તેમના શબ્દોની સૂરવાણીનો પ્રવાહ લાંબા સમય સુધી વહેતો રહે અને ગુજરાતના સમાજ સમુદ્રમાં મીઠાજળ ઠાલવતો રહે.

# શૈક્ષણિક સુસજ્જતા અને વહીવટી દક્ષતાનો સમન્વય

## - નરહરિ અમીન

ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા લેખક, કવિ, કેળવણીકાર, સાહિત્યકાર અને પત્રકાર તરીકે ગુજરાતમાં જ નહીં, પણ સમગ્ર ભારતમાં આગવું સ્થાન ધરાવે છે. કૉલેજના અધ્યાપક તરીકે શૈક્ષણિક કારકિર્દી શરૂ કરી ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ તરીકે, ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તથા કુલપતિ (કાર્યકારી) જેવા મહત્ત્વના હોદ્દા પર તેમણે આગવું યોગદાન આપેલ છે.

ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી, સંસ્કૃત તેમ જ પ્રાકૃત જેવી ભાષાઓ પર સરસ પકડ ધરાવે છે. આ બધી ભાષાઓને તેઓ પચાવી શક્યા છે અને તમામ ભાષાઓમાં તેમની નિપુણતા અનેક પ્રસંગોએ સાબિત થયેલી છે. ગુજરાતી, હિન્દી, પ્રાકૃત અને અંગ્રેજીમાં તેમનાં ૧૨૦ પુસ્તકો પ્રકાશિત થયેલ છે.

નવગુજરાત કૉલેજમાં હું તેમનો વિદ્યાર્થી હતો. તેઓ જનરલ ઍજ્યુકેશન વિષયના મારા પ્રોફેસર હતા. ૧૯૭૨-૭૩ના વર્ષથી તેમની સાથેના સંબંધોની શરૂઆત થઈ. નવગુજરાત કૉલેજકાળ દરમિયાન કૉલેજની યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ, એડ્મિશન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં હરહંમેશાં તેમની સાથે રહીને મને ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું. મેં જનસહાયક ટ્રસ્ટની શરૂઆત કરી. તેઓ અમારી સાથે ટ્રસ્ટમાં જોડાયા અને ટ્રસ્ટ મારફતે સામાજિક, શૈક્ષણિક અને આરોગ્યની જુદી જુદી પ્રવૃત્તિઓ કરીને અમે સહુએ સમાજસેવાની શરૂઆત કરી. સ્ટુડન્ટ રિલેશન કમિટી દ્વારા તેઓ વિદ્યાર્થીઓની સમસ્યા ઉકેલમાં સેતુરૂપ રહેતા.

૧૯૯૯માં 'હીરામણિ' નામથી મારાં માતા-પિતાશ્રીના નામે શૈક્ષણિક સંસ્થા શરૂ કરવાનો અમે નિર્ધાર કર્યો. અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની હીરામણિ સ્કૂલ જૂન, ૨૦૦૦માં શરૂ કરી. આજે નર્સરીથી ધોરણ-૧૨ સુધીમાં આશરે ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હીરામણિ મીડિયા ઇન્સ્ટિટ્યૂટમાં પત્રકારત્વના અભ્યાસ માટે ડિપ્લોમાથી પીએચ.ડી. સુધીના વિદ્યાર્થીઓ તેમણે દસ વર્ષમાં તૈયાર કર્યા, જેમાં છ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર સંશોધકોનો પણ સમાવેશ થાય છે. હીરામણિ હૉસ્ટેલમાં ૩૭૪ વિદ્યાર્થીઓ રહી શકે તેવી અદ્યતન સુવિધા સાથેની આદર્શ હૉસ્ટેલની શરૂઆત કરવામાં આવી. ત્યાર બાદ સામાજિક જવાબદારીની ફરજ સમજીને માતા-પિતા માટેની ફરજ અંગે સભાનતા રહે, તે ઉદ્દેશથી એક અદ્યતન હીરામણિ સાંધ્યજીવન કુટીર (વૃદ્ધાશ્રમ)નું બિલ્ડિંગ ઊભું કરવામાં આવ્યું. ૧૯૯૯થી આ હીરામણિ સંસ્થાની સ્થાપના અને તેના વિકાસના મુખ્ય સ્તંભ તરીકે ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ જવાબદારી સંભાળી. ખૂબ જ ટૂંકાગાળામાં આ સંસ્થાને સમગ્ર ગુજરાતમાં આગવું સ્થાન અપાવવામાં તેમનું અગત્યનું યોગદાન રહેલ છે.

૧૯૭૮થી પત્રકારત્વના શિક્ષણ સાથે તેઓ સંકળાયેલા છે. આજે અખબારો, માહિતી ખાતું, આકાશવાણી, દૂરદર્શન તથા ચેનલોમાં તેમના હાથ નીચે તૈયાર થયેલા વિદ્યાર્થી કાર્યરત છે. ડૉ. મહેતા સ્વાધ્યાયનિષ્ઠ શિક્ષણકાર છે. સતત વાંચન, લેખન અને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવાનો તેમનો પ્રયત્ન કોઈ પણ અધ્યાપક માટે પ્રેરણાદાયક છે. એમનામાં એક વિદ્વાન વક્તાની હથોટી છે. એમના વિદ્વતાપૂર્ણ વક્તવ્યથી પ્રભાવિત થઈને જ ભાવનગર ખાતેના એક કાર્યક્રમમાં પૂ. મોરારિબાપુએ તેમને માટે 'પ્રગટ સારસ્વત' શબ્દનો પ્રયોગ કરી તેમને સન્માનિત કર્યા હતા. છેલ્લાં ૫૩ (ત્રેપન) વર્ષથી તેમનો શિક્ષણસેવાયજ્ઞ સતત ચાલતો રહ્યો છે. તેઓ ઉત્તમ વહીવટકાર છે. ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા એ રીતે શૈક્ષણિક જગતનો આદર્શ છે. અમારો તેમની સાથેનો પારિવારિક નાતો છે, જેમાં અમારા સહુ પ્રત્યે એમના હૃદયમાં વાત્સલ્યભાવ છે. હું તેમના નિરામય અને શતાયુ માટે અંતઃકરણપૂર્વક શુભેચ્છા પાઠવું છું.

# સારા કામમાં સહુની સાથે

## - રઘુવીર ચૌધરી

શ્રી ચંદ્રકાન્ત મહેતા (જન્મ તા. ૬-૮-૧૯૩૯)ના પિતાશ્રી હરિશંકરભાઈ ધોળકાના સરોડા ગામે પોતાની ખેતી સંભાળતા સાથે પુરોહિત તરીકે પણ સેવા આપતા. સને ૧૯૪૯માં એમનું અવસાન થયું ત્યારે ચંદ્રકાન્ત માત્ર દસ વરસના હતા. પ્રતિકૂળ સંજોગોમાં પણ એમનો અભ્યાસ આગળ વધતો ગયો. સને ૧૯૫૮થી શિક્ષક થઈ ચૂક્યા હતા. એમ.એ. થયા અને ૧૯૬૩માં, હિન્દી અને અર્ધમાગધી પ્રાકૃત સાથે.

ડૉ. જી. ડી. શર્માના માર્ગદર્શનમાં અને ૧૯૬૯માં ચંદ્રકાન્ત પીએચ.ડી. થયા. વિષય હતો 'મીર કાવ્ય પરંપરા એવં ગુજરાત કા અજ્ઞાત કવિ મીર મુરાદ' વિષય જોતાં લાગેલું કે ચંદ્રકાન્ત મધ્યકાલીન ભાષાસાહિત્યના સંશોધન-સંપાદનમાં વધુ ને વધુ કામ કરતા રહેશે. એમનાં પત્ની મંજુલાબહેન કસ્ટમ સુપરિન્ટેન્ડન્ટ થયેલાં અને પુત્ર પિનાકિન એન્જિનિયર થયા તેથી પણ વિદ્યાની ઉપાસનાની અનુકૂળતાઓ વધી. એમાં પત્રકારત્વ અને વહીવટે ભાગ પડાવ્યો. કૉન્ગ્રેસના એક આગેવાન નરહરિ અમીન એમના વિદ્યાર્થી હતા. આ સંબંધ દૃઢ થતો ગયો. પરિણામે નિવૃત્તિનાં વર્ષોમાં હીરામણિ શૈક્ષણિક સંકુલનો વહીવટ પણ એમણે સંભાળવાનો થયો. 'ગુજરાત સમાચાર'માં દાયકાઓથી લખતા રહ્યા છે એ પણ નોંધપાત્ર ઘટના છે. શ્રેયાંસભાઈ સાથેનો સંબંધ અને વાચકોનો પ્રેમ બંનેમાં સાતત્ય હોય તો જ આમ બને.

'વ્યક્તિત્વ વિકાસ'ના ઉપાયો વિશે દરેક પ્રકાશન પુસ્તકો પ્રગટ કરે છે. ઉદ્યોગક્ષેત્રે ધીરુભાઈ અંબાણી ઝડપી વિકાસનું દૃષ્ટાંત છે. રાજકારણમાં શ્રી નરેન્દ્ર મોદી અવિરત વિકાસનું દૃષ્ટાંત છે તો પત્રકારત્વ અને જાહેર સંસ્થાઓના વહીવટમાં ચંદ્રકાંત મહેતા અને કુમારપાળ દેસાઈ ઉત્તરોત્તર વધતી સફળતાનું દૃષ્ટાંત છે. બંને મિત્રો વિશે પ્રગટ થયેલાં પુસ્તકોમાંથી એમના વિકાસનો આલેખ જોઈ શકાય.

આનું એક કારણ વિકાસલક્ષી કારકિર્દી ઘડતા રહેવાની એમની તત્પરતા અને બીજું કારણ કોઈની સાથે વાંધો ન પડે એ જોવાની કાળજી. બને ત્યાં સુધી વિરોધીનેય મદદરૂપ થવું, લડવું નહીં. કુમારપાળ તો જૈન છે તેથી એમને લડવાની છૂટ નથી. ચંદ્રકાન્ત બ્રાહ્મણ છે, પણ મેં એમનો પુણ્યપ્રકોપ કદી જોયો નથી. વ્યક્તિત્વમાં આવું લક્ષણ દૃઢ કરવું સહેલું નથી. પ્રભુની કૃપા અને મંજુલાબહેનનો સ્નેહ. એમની જન્મકુંડળી મેં જોઈ નથી, નહીં તો એમાંથી ગજકેસરી જેવો કોઈક યોગ શોધી કાઢત.

વિકટ પ્રશ્નો ઉકેલવાની ચંદ્રકાન્તની કોઠાસૂઝ વિશે ડૉ. ઈશ્વર પરમારે એક પ્રસંગ વિસ્તારથી લખ્યો છે. (પૃ.૩૧-૩૨ એક પ્રગટ સારસ્વત, પ્રવીણ પ્રકાશન) એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના વિદ્યાર્થીઓનાં ટોળાં સાથે એમણે કેવા સદ્ભાવથી કામ પાડેલું એની એમાં વિગતો છે. ચંદ્રકાન્ત આત્મકથા લખે તો આવા અનેક પ્રસંગ જાણવા મળે.

ગુજરાતી અને હિન્દીનાં મળીને એમનાં (૭૮ + ૨૪) ૧૦૨ પુસ્તકોની સૂચિ મારી સામે છે, જે વધીને હવે ૧૨૦ થઈ છે. એમના માર્ગદર્શનમાં પીએચ.ડી. કરતા વિદ્યાર્થીઓને સામગ્રી સુલભ કરી આપવા એ કેવા ઉત્સુક હોય છે એની વાત મારી દીકરી દૃષ્ટિ એકથી વધુ વખત કરી ચૂકી છે. પત્રકારત્વ વિષયનાં પુસ્તકો આપવામાં પણ એમનો ફાળો નોંધપાત્ર છે.

આચાર્ય તેજેન્દ્રપ્રસાદજી જેવા ધર્મગુરુ વિશે તેમ જ બાબાસાહેબ આંબેડકર વિશે લખવામાં એ સમાન અધિકાર દાખવે છે. એમનું લક્ષ્ય છે પ્રેરણા આપવાનું અને સ્વપ્ન છે સારા કામમાં સાથ આપવાનું છે.

# મારા પપ્પાજીના શૈક્ષણિક વિચારો
# પ્રો. ઈશ્વર પરમારની મુલાકાત - આધારિત

## - પિનાકિન મહેતા

ડૉ. ચંદ્રકાન્ત મહેતા શિક્ષણના એક એવી દ્વારિકા છે કે તેમનું મધુરું તેજ સાહિત્યસૃષ્ટિને પણ અજવાળે છે. પરિવારના વિપરીત સંજોગો વચ્ચેથી મારગ કાઢતા રહીને - Earn and learnની રાહે એમણે એમ.એ., પીએચ.ડી., એલએલ.બી. અને પી.જી. ડિપ્લોમા ઈન જર્નાલિઝમ જેવી ઉપાધિઓ મેળવી. પ્રાથમિક શિક્ષણ તરીકેની શરૂ થયેલી તેમની કારકિર્દી ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદની કક્ષાએ પહોંચી. સાહિત્ય અને પત્રકારત્વક્ષેત્રે તેમના ૯૩ જેટલા પુસ્તકો પ્રકાશિત થયાં. તેમની છલોછલ સામાજિક સેવાઓ શિક્ષકત્વને ગૌરવ અપાવે તેવી ને તેટલી છે. અનેક એવોર્ડ્ઝ અને સન્માનો દ્વારા તેમની પ્રેરક જીવનસાધના પોંખાતી રહી છે. 'ગુજરાત સમાચાર' દૈનિકમાં પ્રકાશિત થતી એમની કતારો (કૉલમ્સ) વાચકોને-સવિશેષ યુવાનોને માટે દિશાસૂચક છે. માનવીય વ્યવહાર થકી તેઓ અનેકોના પ્રેમાદરને પાત્ર રહ્યા છે.

શિક્ષણક્ષેત્રના પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવોએ ડૉ. ચંદ્રકાન્ત મહેતામાં વસતા શિક્ષણકારનું ધિંગું ઘડતર કર્યું છે. આવા શિક્ષણકારો દ્વારા શિક્ષણની વ્યાખ્યાનો વ્યાપ વિસ્તરતો હોય છે. તેમના શૈક્ષણિક વિચારો સામયિકો દ્વારા અવારનવાર વાંચવા મળતા હોય છે; પરંતુ અસલી લિજ્જત તો એમને હરુભરુ હાંભળીને હોંકારો દેવામાંજ હો ! આવો, એમના હીરા અને મણિ જેવા બહુમૂલ્ય શૈક્ષણિક વિચારો જાણવા. આ માટે સાંભળો સગી આંખે અમારી ગોઠડી :

'નમસ્કાર, ચંદ્રકાન્તભાઈ. શિક્ષણક્ષેત્રના આપના સઘન અનુભવોને આધારે, આપના મતે શિક્ષણ એ શું છે ?'

'એ તો એક યજ્ઞ જ છે. વિદ્યાર્થી માનવજીવનની મહત્તા સમજે અને તેનું બૌદ્ધિક, આત્મિક અને ચારિત્ર્યલક્ષી ઘડતર થાય એ માટે હોંશીલા, જ્ઞાનસમર્પિત શિક્ષકોનો દૃષ્ટિસંપન્ન પ્રયાસ એટલે શિક્ષણ.'

'આપે તો વ્યાખ્યાની ગાગરમાં સાગર ભરી દીધો ! આ વ્યાખ્યાનો વિસ્તાર શિક્ષકોને પ્રેરક પ્રવચનની ગરજ સારે તેમ છે. ચંદ્રકાન્તભાઈ, આપને શિક્ષણની પ્રાથમિક કક્ષા માટે વિશેષ નિસ્બત હોય એમ માનવાનું મન થાય છે. સરકારે અને સમાજે ઉચ્ચ શિક્ષણ કરતા પ્રાથમિક શિક્ષણ માટે વધુ નાણાં અને વખત ખરચવા જોઈએ એવું આપને નથી લાગતું ?'

"ઈશ્વરભાઈ, પ્રાથમિક શિક્ષણ એ તો શિક્ષણ-ભવનની પાયાની ઈંટ છે. સરકાર ઉપરાંત સમાજનું પણ પ્રાથમિક શિક્ષણ માટે મદદરૂપ થવાનું કર્તવ્ય છે. લગ્નોત્સવ અને ધર્મોત્સવોમાં આડેધડ રૂપિયાની છોળો ઉડાડવા કરતાં શાળાના વર્ગખંડો, સેનેટરી સુવિધાઓ, ગ્રંથાલયો વગેરે માટે સમાજે દાન આપવું જોઈએ અને સરકારે પ્રાથમિક શિક્ષણને સર્વાધિક અગ્રતા આપી તેને માટે વધુ નાણાં ફાળવવા જોઈએ. સામાજિક સરભાગીદારિતાની સંકલ્પના વીસરાઈ જ ગઈ છે, તે વિકસવી જોઈએ."

'લોકો બાળકો માટે પ્રાથમિક કક્ષાએ નહીં પણ ઉચ્ચ કક્ષાએ આર્થિક ભોગ આપવા માટે વિશેષ તત્પર હોય છે, નહીં ?'

'ખરી વાત છે. લોન-સ્કોલરશીપ તેમજ અન્ય યોજનાઓ દ્વારા તેઓ ઉચ્ચ શિક્ષણના ખર્ચને પહોંચી વળવા મથતાં હોય છે. ઉચ્ચ શિક્ષણમાં 'નાણાં-કોથળી'ના લાભાર્થે કૂદી પડેલી શિક્ષણ-સંસ્થાઓની દાઢ ન વકરે તેવાં નિયંત્રણો અતિઆવશ્યક છે.'

'આપ નાણાં-કોથળી માટે આતુર સેલ્ફ ફાઈનાન્સ શિક્ષણ સંસ્થાઓના સંચાલકો તરફ આંગળી ચીંધી રહ્યા છો, નહીં ?'

"ઈશ્વરભાઈ, હું સેલ્ફ ફાઈનાન્સને બદલે 'સેલ્ફિશ' ફાઈનાન્સ કહેવું પસંદ કરું; અને તેના સંચાલકો ખરું જુઓ તો 'સંચાલાકો છે'."

"સંચાલાકો ?"

"હા, સારી રીતે ચાલાકી કરી શકે તે સંચાલાક !"

"ચાલાકીની ચેષ્ટાથી લગભગ દૂર એવા પ્રાથમિક શિક્ષકો માટેનો આપનો સમભાવ અવારનવાર વ્યક્ત થતો રહે છે. એમને માટે આપનો સંદેશ ?"

"શિક્ષકમિત્રો, પ્રાથમિક શિક્ષક થવું એ સ્વયંસ્વીકૃત 'વ્રત' છે, એ 'નોકરી' નથી. વ્રતમાં પવિત્રતા, આરાધ્યની માનસિક અને આત્મિક નિકટતા, વિચારશુદ્ધિ, જાગરણ અને પૂજન-અર્ચનનું આગવું મહત્ત્વ છે. 'બાળનારાયણ'ને લાડ લડાવવાનો, ઘડવાનો અને કેળવવાનો મોકો મળ્યો, એ નાનપનો નહીં પણ આત્મતુષ્ટિનો અમૂલ્ય અવસર મનાવો જોઈએ. યાદ રહે, જ્ઞાનની ગંગોત્રીનું ગુરુશિખર સ્વાધ્યાય છે. એ વાતનું નિરંતર સ્મરણ અને શિક્ષણ પ્રત્યેનું અશેષ સમર્પણ, બસ - આના થકી જ સારસ્વતનું જીવન દીપી ઊઠે છે."

'પ્રાથમિક શિક્ષક તરીકે આપને કેવું ફીલ થતું ?'

'પ્રાથમિક શિક્ષક હોવાની મને કદી દીનતા - ઈન્ફિરિઓરિટી - મને લાગી નથી. હું તે કક્ષાએ હતો ત્યારે તેમાં મસ્ત હતો.'

'અને તેથી જ આપને તેમાં કાર્યસંતોષ મળતો હશે. ચંદ્રકાન્તભાઈ, કોઈપણ સ્તરના શિક્ષકે કાર્યસંતોષ - જોબ સેટિસ્ફેક્શન - માટે શું કરવું જોઈએ ?'

'આ તો પ્રભુ પાસે માગવા જેવું વરદાન છે, ઈશ્વરભાઈ. પોતાના વ્યવસાય તરફની સન્માનપૂર્ણ દૃષ્ટિ, પોતાના કર્મને ઈશ્વરે સોંપેલું ઉત્તરદાયિત્વ છે એની સતત અનુભૂતિ, વ્યર્થ બળાપા અને બકવાટથી અળગા રહેવાની મનોવૃત્તિ, જ્ઞાનવૃદ્ધિ માટે સદાય વાચન-મનન-ચિંતન અને જ્ઞાનના નવીનીકરણ માટેનો સભાન પ્રયાસ : આ છે મારી નજરે કાર્યસંતોષ પામવાનું રહસ્ય.'

'જોબ સેટિસ્ફેક્શન ઉપરાંત લાઈફ-સેટિસ્ફેક્શન માટે જાગૃત રહેવા માટે આપે કોઈ જીવનસૂત્ર અપનાવ્યું છે ?'

'પ્રિય કાવ્યપંક્તિમાં જ કહું : 'ના જિંદગી ભાઈ વિલાસભોગ, કર્તવ્યનો એ અધિકાર-યોગ....'! ઈશ્વરભાઈ, ક્ષણેક્ષણનો સાર્થક રીતે પૂરો લાભ લેવા નિરંતર કર્મશીલ રહેવું એ જ મારું જીવનસૂત્ર છે.'

'આપ તો હિન્દી કે આદમી હૈં ! એટલું કહો ને, અંગ્રેજીના શિક્ષણ અને પ્રસાર માટે ગુજરાતમાં વરતાતા અતિ ઉત્સાહ - કહો ને, ઘેલછા - ક્રેઝના વાતાવરણમાં હિન્દી ભાષા તથા સાહિત્ય અંગે આપની કેવી ચિંતા છે ?'

'સાચું કહું તો, અંગ્રેજીને જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતિજોના વિસ્તાર માટે શીખવું અનિવાર્ય છે, પણ એ માટે 'ઘેલા' બનવાની જરૂર નથી ! વિદ્યાર્થી કોઈપણ માધ્યમમાં ભણતો હોય, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી - ત્રણેને અભ્યાસમાં શાળાકક્ષાએ પૂરતું મહત્ત્વ આપવું જોઈએ. તેનો આરંભ હળવાશપૂર્વક ધો.૧થી થવો જોઈએ. કેવળ 'અભ્યાસક્રમ' નહીં, પણ વિદ્યાર્થીમાં ભાષાપ્રેમ અગ્રસ્થાને રહે એવી રીતે સમયપત્રક અને શિક્ષણ-વ્યવસ્થા ગોઠવવા જોઈએ.'

'આ સંદર્ભે માતા-પિતા કે વાલીની ભૂમિકા - ખાસ કરીને આ ટી.વી. યુગમાં ?'

'માસ-મીડિયા-આકર્ષણ પ્રધાન આજના યુગમાં ટી.વી. જોવા પરનું યથોચિત નિયંત્રણ અને ઘરેલુ લાઈબ્રેરી દ્વારા વડીલો વિદ્યાર્થીને સાહિત્ય-વાચન માટેનું પ્રોત્સાહન આપે એ જ હિન્દી, ગુજરાતી ભાષા માટેનું રક્ષાકવચ બની શકે અને તેના દ્વારા જ સાહિત્યિક વારસાના સંવાહકો અને રક્ષકો પણ ઉપલબ્ધ થશે.'

'ચંદ્રકાન્તભાઈ, એક શિક્ષક લેખે આપની જીવન-ઝંખના ?'

'શિક્ષક એ પરમાત્માનો વરેણ્ય પુત્ર છે - એવી પરિતૃપ્તિનો ઓડકાર, આત્મદર્શન, સારસ્વત કર્તવ્યોમાં અશેષ સમર્પણ અને માનવતાથી મહેકતું ઉજ્જવળ ચારિત્ર્યસંપન્ન વ્યક્તિત્વ : ભવરણના રઝળપાટમાં આટલી કમાણી કરી શકીએ તોય ભયો ભયો ! ઈશ્વરભાઈ, પોતાના નહીં પણ શિક્ષણના વિજય માટેના સતત આયાસો અને પોતે એક ઉત્તમ વ્યવસાયમાં જોડાયા છે, એની પરિતૃપ્તિ : મારા સરખો શિક્ષક આનાથી વધુ શું ઝંખે ?'

'આપની એ ઝંખના ખરે જ ઝંકૃત કરે છે; એ સર્વે શિક્ષકની બની રહે તો બાત બની જાય !'

('એક પ્રગટ સારસ્વત'માંથી સાભાર)

★

શિક્ષણના આધુનિક દેવાલય-રૂપે વિકસતા વિદ્યાધામ 'હીરામણિ'ના પરિસરમાં થયેલી આત્મીય મુલાકાતના અંતે એકાંતમાં મારા મનમાં રમ્યા કર્યું :

આદરણીય ચંદ્રકાન્તભાઈ, આપના સરખો જ નહીં, સાચો શિક્ષક, આપે ઝંખ્યું તેથી વિશેષ શું ઝંખે ? આપના પસાર થયેલા જીવનપંથેથી ઊડી આવતાં રજકણો ખરે જ રોમાંચિત કરે છે ! વિદ્યાપ્રેમી સંત મોરારિબાપુને પણ આપને પ્રત્યક્ષ જોઈને સરસ્વતી-દર્શન થયાનો રોમાંચ થયેલો ને, બરાબર એવા જ ભાવ સાથે અનંત શુભકામનાઓ !

•

# પત્રકારત્વ શિક્ષણનો યજ્ઞ આરંભનાર મહર્ષિ

## - મહેશ ઠાકર

ડૉ. ચંદ્રકાન્તભાઈને સાચા અર્થમાં પત્રકારત્વ શિક્ષણના મહારથી કહી શકાય. ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ અનેક દાયકાઓ જૂનો છે. છતાં કેટલાય દાયકાઓ સુધી પત્રકારત્વના સુવ્યવસ્થિત શિક્ષણ માટે કાંઈ થયું નહીં. અમારી પેઢીના અને તેનીય આગળની પેઢીના પત્રકારો અખબારમાં કામ કરતાં કરતાં શીખતા ગયા અને આગળ વધ્યા. જેમના હાથ નીચે કામ કરવાનું હતું તેમને નવા પત્રકારોના ઘડતર કે શિક્ષણમાં ખાસ કોઈ દિલચસ્પી ન હતી. જોકે કેટલાક અપવાદરૂપ તંત્રીઓ અને વરિષ્ઠ ઉપતંત્રીઓ નવા અને આશાસ્પદ પત્રકારોને તૈયાર કરતા હતા, પણ એમની સંખ્યા આંગળીના વેઢે ગણાય તેટલી હતી. જોકે અમદાવાદમાં અખબારોની સંખ્યા પણ લગભગ તેટલી જ હતી. પત્રકારત્વનું શિક્ષણ સંસ્થાના ક્લાસરૂમમાં બેઠાં બેઠાં આપી ન શકાય અને પરંપરાગત વિષયોના શિક્ષણની જેમ તેમાં ચૉકસ્ટિક કે બ્લૅકબોર્ડને સ્થાન હોતું નથી. વળી તે માટેનાં કોઈ આધારભૂત પુસ્તકો પણ ઉપલબ્ધ ન હતાં. પત્રકારે રોજેરોજ શીખતા રહેવું પડે છે અને તેના શિક્ષણનો કોઈ અંત હોતો નથી. આ અર્થમાં તે નિરંતર શિક્ષણ છે. ડૉ. ચંદ્રકાન્તભાઈ આ વાત સુપેરે જાણતા હતા. પોતે પત્રકારત્વના શિક્ષણનો જે યજ્ઞ આરંભ્યો છે તેમાં અનેક વિઘ્નો આડે આવે તેમ છે. આ વિઘ્નોથી નાસીપાસ થવાને બદલે તેમણે એક પછી એક નવી સંસ્થાઓને પોતાના કાર્યમાં રસ લેતી કરી અને છેક યુનિવર્સિટી સ્તરે તેમણે પોતાના મિશન કહો તો મિશનને પહોંચાડ્યું. તેમણે પત્રકારત્વનાં વિવિધ પાસાંઓ અંગે પુસ્તકો પણ લખ્યાં. ખરેખર તો આ કામ અખબારી સંસ્થાઓએ અને વરિષ્ઠ પત્રકારોએ કરવા જેવું હતું, પરંતુ એક યા બીજા કારણસર તે કરી શક્યાં નહિ. ડૉ. ચંદ્રકાન્તભાઈએ તે કાર્ય ઉપાડી લઈ પત્રકારત્વના અભ્યાસને એક નવો આયામ (ડાયમેન્શન) આપ્યો. આમ પત્રકારત્વના શિક્ષણ અંગે જે સુવિધાઓ ન હતી તે તેમણે પૂરી પાડી.

ડૉ. ચંદ્રકાન્તભાઈ અને ડૉ. કુમારપાળ દેસાઈએ નવગુજરાત કૉલેજમાં પત્રકારત્વના શિક્ષણકાર્યનો યજ્ઞ આરંભ્યો. પોતે રોજબરોજના પત્રકારત્વનો અનુભવ ધરાવતા નથી એ વિશે તેઓ સજાગ અને સભાન હતા એટલે તેમણે વિવિધ અખબારોના પીઢ, અનુભવી વરિષ્ઠ પત્રકારોને પોતાના આ કાર્યમાં સહભાગી બનાવ્યા અને તેમને વિઝિટિંગ ફેકલ્ટીનું સન્માન પણ આપ્યું. આમાં મારો પણ સમાવેશ થયો. તેને હું મારું સદ્ભાગ્ય લેખું છું. ખરેખર કહું તો મને આ કાર્યમાં જોડાવાથી પત્રકાર તરીકેની કેટલીક બુનિયાદી અને સૈદ્ધાંતિક બાબતોનો અભ્યાસ કરવાનો એક અવસર મળ્યો. પત્રકારત્વના શિક્ષણના નવા ઉપક્રમ વિશે કેટલાક પત્રકારો સાશંક હતા. અખબારના કાર્યાલયમાં જેમણે ભાગ્યે જ પગ મૂક્યો હોય તેઓ વળી પત્રકારત્વના શિક્ષણ માટે કશુંય ફળદાયી કરી શકે કે કેમ એવી શંકા પણ સેવાતી હતી. કદાચ આને લક્ષમાં રાખી ડૉ. ચંદ્રકાન્તભાઈએ આગળ જણાવ્યું તેમ વ્યવસાયી અને સંનિષ્ઠ પત્રકારોને પોતાની સાથે જોડ્યા. બીજા શબ્દોમાં તેમણે સોનામાં સુગંધ ભેળવી; આનું પરિણામ આપણે આજે જોઈ શકીએ છીએ. એક પછી એક અનેક સંસ્થાઓ અને કૉલેજોમાં આજે પત્રકારત્વનો સુબદ્ધ અભ્યાસક્રમ ચાલે છે. આજે સર્ટિફિકેટથી આગળ વધી ડિપ્લોમા ડિગ્રી, અનુસ્નાતક અને ડૉક્ટરેટ સુધીના

અભ્યાસક્રમની સુવિધા ગુજરાતની અનેક યુનિવર્સિટીઓમાં ઉપલબ્ધ છે. દર વરસે નવા પત્રકારો તૈયાર થાય છે. આના પાયામાં ડૉ. ચંદ્રકાન્તભાઈએ આદરેલા સફળ પ્રયાસો રહ્યા છે. એમની સાથે મારે નવગુજરાત કૉલેજ, સહજાનંદ કૉલેજ, ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગમાં સેવા આપવાનો સુઅવસર સાંપડ્યો છે. આ ઉપરાંત 'ગુજરાત સમાચાર' દ્વારા શરૂ કરાયેલી એકૅડેમીમાં પણ હું એમની સાથે સંકળાયેલો હતો. આના પ્રતાપે પત્રકારત્વના મારા અનુભવ અને જ્ઞાનમાં વૃદ્ધિ થઈ છે.

ડૉ. ચંદ્રકાન્તભાઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યોની યુનિવર્સિટીઓના પત્રકારત્વના અભ્યાસક્રમો ઘડવાનો અને પરીક્ષણના કાર્યનો બહોળો અનુભવ હોવાથી શિક્ષણકાર્ય વધારે સમૃદ્ધ અને અર્થપૂર્ણ બન્યું છે. આ અર્થમાં તેમને પત્રકારત્વ શિક્ષણના મહારથી કહેવા તદ્દન યોગ્ય છે. તેમની કર્તવ્યનિષ્ઠા, સાલસતા અને હાથમાં લીધેલા કાર્યને સોળે કળાએ દીપાવવાની ધગશ અને જહેમત આજે આપણે સહુ જોઈ રહ્યા છીએ. હું તેમને એક અજાતશત્રુ અને સંવેદનશીલ ઉષ્માસભર મિત્ર માનુ છું. દરેકની પાસેથી તેનામાં રહેલા સાચા સત્ત્વને પૂરેપૂરું ખીલવવાની તક આપવાની તેમની પ્રકૃતિને પણ દાદ આપવી જોઈએ.

રાજ્ય અને રાષ્ટ્રના સ્તરે પણ પત્રકારત્વ નવી ઊંચાઈએ પહોંચાડવું હોય તો પત્રકારત્વના અધ્યાપનને અન્ય વ્યવસાયી વિદ્યાશાખાઓના અધ્યાપન જેવું આકર્ષક અને ફળદાયી બનાવવું જોઈએ. પત્રકારત્વના ક્ષેત્રને ખૂબ જ તેજસ્વી અને મેધાવી બનાવવું હોય તો સંબંધકર્તા સહુએ ડૉ. ચંદ્રકાન્તભાઈનું અભિવાદન કરીને જ સંતોષ માનવો જોઈએ નહિ; પરંતુ તેમના મિશનમાં તનમન અને ધનથી સહયોગ આપવો જોઈએ.

# કલમ, કૉલમ અને વ્યવહારમાં સદાબહાર યુવા શુભચિંતક

## - અજય ઉમટ

'ડૉ. ચંદ્રકાન્ત મહેતા સન્માન સમિતિ' દ્વારા તેમના શિક્ષણ, સાહિત્ય અને સમાજઘડતરના પ્રદાન વિશે એક ગ્રંથ તૈયારીના ભાગરૂપે મને જ્યારે ઉક્ત વિષય પર એક લેખ તૈયાર કરવાનું ઈજન આપવામાં આવ્યું, ત્યારે ડૉ. મહેતા વિશેની સંખ્યાબંધ સ્મૃતિઓ માનસપટ પર તરવરી ઊઠી. શિક્ષકથી શિક્ષણવિદ, વૃત્તવિવેચકથી સફળ લેખક-સંપાદક, વિભાગીય અધ્યક્ષથી ઉપકુલપતિ તથા કાર્યકારી કુલપતિ તરીકેની વહીવટી કુશળતા - આ તમામ જવાબદારીઓ તેમણે ભારે અડગતા, સંનિષ્ઠતા અને સંવાદિતાપૂર્વક નિભાવી છે.

વિપરીત સામાજિક-આર્થિક પરિસ્થિતિ વચ્ચે માત્ર ૧૩ વર્ષની વયે બાબુની કલમે 'સાહિત્ય અને સમાજ'ના શીર્ષક હેઠળ 'સ્ત્રી' સામયિકમાં ફૂટેલી લેખનની સરવાણી બાબુ ઉર્ફે ડૉ. ચંદ્રકાન્ત મહેતામાં ૭૨ વર્ષની પાકટવયે આજ પર્યંત અવિરત અસ્ખલિતપણે વહી રહી છે. સમય જતાં બાબુનું ટ્રાન્સફૉર્મેશન ચંદ્રકાન્ત મહેતા, સાહેબ અને ડૉ. ચંદ્રકાન્ત મહેતામાં જરૂર થયું, પરંતુ તેમની કલમ અને કૉલમને ક્યારેય વય નડી હોય તેવું મને કદીય નથી અનુભવાયું! આ દૃષ્ટિએ કૉલમના 'સદાબહાર લેખક' તરીકેનું બિરુદ ડૉ. મહેતાને આપવું હોય તો તે અતિશયોક્તિભર્યું નહીં જ ગણાય.

૧૯૬૬માં 'ધીરે વહે છે ગીત' નામના પ્રથમ પુસ્તકથી ગીત-ગઝલના રચના-કૌશલ્યોનો ખ્યાલ આપનારા ડૉ. મહેતા ત્યાર બાદથી ગદ્યક્ષેત્રે સતત ધસમસતા રહ્યા છે. આ પાછળનું કારણ અખબારોમાં છેક ૧૯૭૩થી નિયમિતપણે પ્રકટ થતી રહેલી કતારો (કૉલમ)નું લેખન હોઈ શકે. પત્રકારત્વ અને લેખન સાથેનો મારો પણ વર્ષોનો નાતો રહ્યો હોઈ એટલું તો નિ:શંકપણે કહી શકું કે 'લેખન એ કંઈ ખાવાનો ખેલ તો નથી જ!' આ ક્ષેત્રમાં હૈયું અને હાથને બાળ્યા પછી લેખનપ્રવૃત્તિ માટે કેટલી સજ્જતા જોઈએ તે તેમનાં ૧૧૮ પુસ્તકોનાં પ્રકાશનથી હું સુપેરે સમજી શકું છું. 'શશિન્'ના ઉપનામથી પણ કલમ ચલાવી લેતા ડૉ. મહેતાએ ૧૯૭૩માં 'હલ્લો યંગ ફ્રેન્ડ'થી કતારલેખનનો પ્રારંભ કર્યો અને ત્યાર બાદ 'કેમ છો દોસ્ત?', 'એક જ દે ચિનગારી', 'ગુફ્તેગો', 'નારી તારાં નવલાં રૂપ' વગેરે કૉલમોથી તેઓ લોકમાનસ અને ખાસ કરીને યુવાન હૈયાંઓ પર છવાઈ ગયા. મહેતાજીની આ સમયની સાથે યુવાન થતી કલમ અને કૉલમ હજુ 'knock out' છે, તેનો આનંદ છે. ૧૯૭૨થી ૨૦૧૦ સુધીમાં ટૂંકી વાર્તા, નિબંધ, એકાંકી, જીવનચરિત્ર, બાળસાહિત્ય, સંપાદનો સહિત ત્રણેય ભાષાઓ - ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં લગભગ ૧૧૮ જેટલાં પુસ્તકોનું પ્રકાશન એ એક અનોખી સિદ્ધિ નહીં તો બીજું શું?

લેખન-સંપાદનની સાથોસાથ પ્રાથમિક શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરનાર ડૉ. મહેતાએ સારા શિક્ષકો, પત્રકારો અને સંશોધકો તૈયાર કરવામાં પણ અદકેરી ભૂમિકા અદા કરી છે. ગુજરાતમાં અને ખાસ કરીને અમદાવાદમાં પત્રકારત્વ શિક્ષણને લગતી જે કોઈ સંસ્થાઓનો પ્રારંભ થયો તેના મૂળમાં ડૉ. મહેતા મળી આવશે. પત્રકારોની સાથે હિન્દી ભાષામાં સારા સંશોધકો તૈયાર કરવાનું બહુમાન પણ તેઓ ખાટી જાય છે. શૈક્ષણિક પ્રવૃત્તિને ઉત્તેજન આપવાની

સાથોસાથ તેના કુશળ સંચાલનની ભૂમિકામાં ૧૯૯૪-૧૯૯૭ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તથા કાર્યકારી કુલપતિ તરીકેની તેમની ભૂમિકા અત્યંત ગૌરવપ્રદ રહી. તે સમયગાળાથી આજદિન સુધી વિદ્યાર્થીઓ પ્રત્યેનો તેમનો પ્રેમ અકબંધ રહ્યો છે.

ડૉ. મહેતા કેવળ અધ્યાપક, વહીવટકાર, લેખક જ નથી બની રહ્યા, તેમણે કંચનભાઈ પરીખ સાથે 'અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિ'ના સભ્યસચિવ તરીકે ૧૯૮૧થી આજ દિન સુધી ઉમદા સેવાઓ આપીને સામાજિક ક્ષેત્રે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. પ્રાથમિક શિક્ષકથી ઉપકુલપતિપદ અને હાલ એક શૈક્ષણિક સંકુલના મૅનેજિંગ ટ્રસ્ટીપદે સેવારત છે. જિંદગીના અનેકાનેક પડકારો વચ્ચે સતત વિકાસશીલ રહેવું તે ડૉ. ચંદ્રકાન્ત મહેતાના અદકેરા વ્યક્તિત્વની પ્રેરણાદાયી ઘટના છે.

ડૉ. મહેતાના આ 'સારસ્વત' કર્મને બિરદાવી આ અજાતશત્રુના નિરામય દીર્ઘાયુ માટે અંતઃકરણપૂર્વકની શુભકામનાઓ.

# પત્રકારત્વમાં યશસ્વી પ્રદાન

- બળવંતરાય શાહ

આશ્રમરોડ પર આવેલી નવગુજરાત કૉલેજ એના દરવાજે બનાસકાંઠાના નાનકડા ગામના એક દીન યુવાન સોમાભાઈ પરમાર ઊભા છે. મેલાંઘેલાં કપડાંમાં સ્લીપર પહેર્યા છે. ચંદ્રકાન્ત મહેતા ત્યાં આવે છે. એમની પાસે જઈને એ રડતાં રડતાં કહે છે, "સાહેબ, મારે અભ્યાસ છોડી દેવો છે." મહેતા એને પૂછે છે, "એસ.સી.સી.માં ૮૫ ટકા માર્ક્સ મેળવ્યા છે તોય અભ્યાસ કેમ છોડવો છે?"

"સાહેબ, મારા બાપુજી ૮૦ વર્ષના છે. મને ભણાવવા માટે ઘરડે ઘડપણે એમને તળાવ ખોદવાની ભરબપોરે મજૂરી કરવી પડે છે, ગામડે જઈ હું મજૂરી કરીશ તો એમને આ ઉંમરે મજૂરી નહીં કરવી પડે." આંખમાં આંસુ સાથે સોમાભાઈએ પોતાની વેદના રજૂ કરી.

એને સાંત્વન આપતાં મહેતાએ કહ્યું, "તને નાનકડી નોકરી અપાવીશ, પણ અભ્યાસ છોડતો નહીં. આમ કહી ચંદ્રકાન્તભાઈએ એને ઘેર બોલાવી બે જોડ કપડાં અને ચંપલની વ્યવસ્થા કરી આપી. એક બૅન્કની સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસાડ્યો. પરીક્ષામાં તે પાસ થયો. બૅન્કમાં ક્લાર્ક તરીકેની નોકરી મળી.

પોતાની નાની વયમાં પિતાનો દેહાંત થયો હોવાથી જે વિષમતા અને કઠોર સંજોગોમાંથી પસાર થયેલા ચંદ્રકાન્તભાઈ ગરીબ અને જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ સારી પેઠે સમજતા હતા. તેથી તેઓ જીવનભર અંબાલાલ પ્રજાપતિ, કચરાકાકા, કિશોર ઘટાડ, વત્સલાબહેન, દીપક જેવા કેટલાયને પોતે સહાયરૂપ થયા છે. એક વખતે તો એમણે નદીકિનારે ઝૂંપડામાં રહેતા મજૂરના અગ્નિસંસ્કાર માટે લાકડાંના પૈસાય નહોતા એવી એની વિધવા પત્નીને સવારે જઈને રૂા. ૫૦૦ની આર્થિક સહાય કરી હતી.

૧૯૭૮માં નવગુજરાત મલ્ટી કોર્સ ઇન્સ્ટિટ્યૂટના નિયામક તરીકે જોડાયા ત્યારથી એમની સાથે મારો પરિચય. એમને મળવા જઈએ ત્યારે એમનો ગોળમટોળ હસતો ચહેરો સ્વાગત કરે. લગભગ ચાર દાયકાના પત્રકારત્વ ક્ષેત્રે એમનું નોખુંઅનોખું પ્રદાન રહ્યું છે. જે હજી પણ ચાલુ જ છે. ૧૨ વર્ષ નવગુજરાત મલ્ટી કોર્સ ઇન્સ્ટિટ્યૂટના નિયામક તરીકે, સાત વર્ષ ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ તરીકે, એક વર્ષ 'ગુજરાત સમાચાર' એકૅડેમીમાં પત્રકારત્વ વિભાગના સ્થાપક અને નિયામક તરીકે, ચાર વર્ષ સહજાનંદ મલ્ટી કોર્સ ઇન્સ્ટિટ્યૂટના ટ્રસ્ટી અને પરામર્શક તરીકે તેમ જ છેલ્લા દશેક વર્ષથી હીરામણિ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મીડિયા એજ્યુકેશન ઍન્ડ રિસર્સની જવાબદારી સંભાળી રહ્યા છે. આ બધી સંસ્થાઓમાં એમણે વિવિધ પ્રકારના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરાવીને યુવાનોને રોજગારી મળે એવા પ્રયાસો કર્યા છે. તેઓ માસ મીડિયા જર્નાલિઝમ વિષયમાં ગુજરાત યુનિવર્સિટીના માન્ય પ્રથમ ગાઇડ છે. અન્ય રાજ્યોની પીએચ.ડી. થીસિસના પરીક્ષક તરીકે પણ એમણે કામગીરી બજાવી છે. એમના હાથ નીચે હજારો યુવાન-યુવતીઓ પત્રકારત્વનો અભ્યાસ કરી તૈયાર થયાં છે.

એમણે પત્રકારત્વના સિદ્ધાંતો, કાયદાઓ, સંશોધનપદ્ધતિ તથા પ્રત્યાયનનો ઊંડો અભ્યાસ કરી તે અંગેનાં પુસ્તકો લખ્યાં છે. આ પુસ્તકો ગુજરાતી તેમ જ હિન્દી ભાષામાં છે. તેમાં ખાસ નોંધપાત્ર પુસ્તક 'મીડિયા અને આચારસંહિતા' છે. તેઓ ગુજરાતી તેમ જ હિંદી ભાષાના સાહિત્યકાર પણ છે. અંગ્રેજી સહિત અત્યાર સુધીમાં એમનાં ૧૧૫ જેટલાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. સાહિત્યમાં એમણે આવરી લીધેલાં વિવિધ ક્ષેત્રોમાં કવિતા, વાર્તાઓ, નિબંધ, ચિંતન, જીવનઘડતર, બાળસાહિત્ય, યુવાસાહિત્ય, પત્રકારત્વ, જીવનચરિત્ર, પ્રેરકકથાઓ, પ્રૌઢ શિક્ષણ, એકાંકી, સમાજચિંતન, સંશોધન, સમીક્ષા, સંપાદન વગેરેનો સમાવેશ થાય છે.

છેલ્લા ત્રણ દાયકા ઉપરાંતથી ગુજરાતના અખબાર 'ગુજરાત સમાચાર'માં આવતી એમની નિયમિત કતારો ખૂબ જ લોકપ્રિય બની છે. વર્ષો પહેલાં 'હલ્લો યંગ ફ્રેન્ડ' કતાર 'સંદેશ'માં આવી હતી. અત્યારે 'ગુજરાત સમાચાર'માં એમની ત્રણ કતારો 'કેમ છે દોસ્ત?', 'એક જ દે ચિનગારી' અને 'ગુફ્તેગો' ચાલી રહી છે. આ ઉપરાંત વિવિધ દેશોનો પ્રવાસ કરી એમણે સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને ધર્મ પર પ્રેરક પ્રવચનો આપ્યાં છે. આ ઉપરાંત 'ગુજરાત સાપ્તાહિક', 'ગુજરાત જર્નલ', 'નવચેતન', 'અખંડ આનંદ', 'ગુજરાત ટાઈમ્સ' સહિત વિવિધ સામયિકોમાં એમના લેખો પ્રકાશિત થયા છે. કેટલાંક સામયિકોનું એમણે સંપાદન પણ કર્યું છે.

આકાશવાણી અને દૂરદર્શન જેવાં સમૂહ માધ્યમોમાં એમણે સેવાઓ આપી છે, હિંદી તેમ જ ગુજરાતીમાં વિવિધ વિષયો પર અનેકવિધ વાર્તાલાપો ઉપરાંત તેઓ આકાશવાણી અખિલ ભારતીય ડૉક્યુમેન્ટરી સ્પર્ધામાં જજ તરીકે, ગુજરાતી ધારાવાહિકો અને ફિલ્મોની સિલેક્શન સમિતિના સભ્ય, દૂરદર્શન પ્રોગ્રામ સલાહકાર સમિતિના સભ્ય તરીકે રહી ચૂક્યા છે. ક્વીઝ કાર્યક્રમના તેમ જ કારકિર્દીને ઝરૂખેથી કાર્યક્રમના તેઓ પ્રથમ આયોજક અને સંચાલક હતા. તેઓ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદ અને કાર્યકારી કુલપતિપદ તરીકે પણ રહી ચૂક્યા છે.

આમ પત્રકારત્વના વિવિધ ક્ષેત્રે એમની યશસ્વી કારકિર્દી રહી છે. તેમાં ખાસ કરીને પત્રકારોની વિવિધ સંસ્થાઓ, વિદેશોમાં અખબારોની આચારસંહિતાનું વિવરણ કરીને એમણે લખેલું 'મીડિયા અને આચારસંહિતા'નું પુસ્તક પત્રકારો ઉપરાંત અખબારોના માલિકોએ પણ વાંચવા જેવું છે. એમણે લખ્યું છે : 'આજનું પત્રકારત્વ રંગીન બન્યું છે, પણ સંગીન બન્યું છે ખરું?' બાબુરાવ વિષ્ણુ પરાડકરે ભવિષ્યવાણી કરી હતી કે, 'આને વાલે સમય મેં પત્રકારિતા ઓર પત્રોં મેં ચમક તો બહુ હોગી પર ઉસકે ભીતર કી આત્મા નહીં બચેગી' મીડિયા બુદ્ધિવિલાસનું સાધન બનવાને બદલે લોકમંગલની પ્રાણવંત ભાવનાનું વિકાસબળ બને એ જરૂરી છે. સેક્સ, સાંપ્રદાયિક, વિદ્વેષ, વિવિધ પ્રકારનાં કૌભાંડો, હિંસા, હત્યા, ભ્રષ્ટાચાર અને દુરાચાર અને બળાત્કારની તસવીરો રજૂ કરવામાં દેખાડાતી વિવેકશૂન્યતા એટલી હદે વકરી છે કે માણસમાંથી માણસની સમૂળી શ્રદ્ધા ડગી રહી છે. યથાર્થતાને નામે નગ્નતા અને અશ્લીલતાની આળપંપાળ - કલમ, કાગળ અને તથા તસવીરો દ્વારા થતો વ્યભિચાર છે. લોકરીઝવણીનો અતિરેક એ બે તો તે પ્રયોજનાર માટે પણ વિનિપાત સર્જનનું નિમિત્ત જ બને છે. આજે સમાચારો અને ધારાવાહિકોમાં બહુઆયામી જીવનનાં અનેકવિધ પાસાંની ઉપેક્ષા થઈ રહી છે. ક્ષણિક આવેગોના ભડકાની બોલબાલા વધી રહી છે. કાકાસાહેબે કહ્યું છે કે, 'આપણને પશ્ચાત્તાપ થાય છે એને બદલે પૂર્વાતાપ થાય તો સારું. માધ્યમોને જો પૂર્વાતાપ થાય તો આચારસંહિતા એમનાં કદમ ચૂમતી રહેશે.' પણ એ દિવસ ક્યારે આવશે?

# લાગણી અને વાત્સલ્યનો મહાધોધ

- સોનલ પંડ્યા

કુલપતિ ઑફિસની બહાર પોતાનું પેપર અધૂરું છૂટી ગયું એટલે એક છોકરી ડૂસકાં ભરતી ઊભી હતી. ભાવનગર જિલ્લાના નાનકડા ગામ સણોસરામાંથી પત્રકારત્વનું ભણવા આવેલી છોકરી કુલપતિને નહીં; પોતાના શિક્ષક ડૉ. ચંદ્રકાન્ત મહેતાને મળવા આવી હતી. પુષ્કળ કામ અને વ્યસ્તતા વચ્ચે મહેતાસાહેબે મળવાનો સમય જ નહીં, પણ બોલાવીને પુષ્કળ સાંત્વન પણ આપ્યું. પત્રકારત્વના આખાય વર્ગમાં પ્રથમ આવવાની ઇચ્છા તો પૂર્ણ ન થઈ શકી, પરંતુ પાસ થઈ જવાયું. તે ક્ષણે જો મહેતાસાહેબે સાંત્વન ન આપ્યું હોત તો આ લખનારને પોતાની જાત પરથી અને કદાચ પત્રકારત્વના શિક્ષણ (શિક્ષક?) પરથી પણ વિશ્વાસ ઊઠી ગયો હોત! પોતાના વિદ્યાર્થીઓને ખૂબ પ્રેમ કરવો એ મહેતાસાહેબનો સાહજિક સ્વભાવ. આ દૃષ્ટિએ વિચારીએ તો તેઓ માત્ર પિનાકીનભાઈના જ નહીં, મારા જેવા અનેક વિદ્યાર્થીઓના જીવનમાં પિતા સમાન શિક્ષક છે. વિદ્યાર્થીઓની મુશ્કેલીઓને ધ્યાનથી સાંભળે, વિદ્યાર્થીઓ પર પુષ્કળ વિશ્વાસ રાખે, વિદ્યાર્થીઓની શક્તિમાં પણ અતૂટ શ્રદ્ધા ધરાવે. ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે માનનીય ગવર્નરશ્રીએ લખનારની પસંદગી કરી, ત્યાર બાદ સિન્ડિકેટ સભ્ય તરીકેની ચૂંટણી લડવાનો પ્રસ્તાવ આવ્યો. કેટલીક મૂંઝવણો સાથે મહેતાસાહેબને પૂછવા ગઈ. મારી શક્તિઓ પર અતૂટ વિશ્વાસ હોય તેમ તેમણે કહ્યું, "તમે ઝંપલાવો, તમારી ફરજો સુપેરે અદા કરી શકશો." આ દૃષ્ટિએ મહેતાસાહેબ પીએચ.ડી.ના માર્ગદર્શક તો હતા જ, પરંતુ જીવનના પથદર્શક પણ બની રહ્યા.

કોઈ પણ વિદ્યાર્થીનો જન્મદિવસ હોય એટલે ખિસ્સામાંથી રૂા. ૧૦૦/- ની કડકડતી નોટ હાથમાં મૂકીને કહેશે, આ મારી શુભેચ્છા માનીને સ્વીકારી લે. કોઈની પણ પાછળ કશુંક ખર્ચવાની કે ઘસારો વેઠવાની વાત આવે એટલે મહેતાસાહેબના દરિયાવ દિલનો પરિચય થાય. ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ બન્યા પછી વિભાગના સંચાલનની કેટલીક સુંદર પરંપરા ઊભી કરી અને પારદર્શક પદ્ધતિ પણ વિકસાવી, જેનો સીધો લાભ આ લખનારને વિભાગના અધ્યક્ષ બન્યા પછીથી મળે છે. પત્રકારત્વ વિભાગનું સંચાલન એકલે હાથે કરી શક્યા તેમાં પણ અધ્યક્ષની ધાક કરતાં બીજાના હૃદયના તારને છેડવાની તેમની ક્ષમતા મહત્ત્વની હતી.

અધ્યાપક બન્યા પછીથી યુનિવર્સિટીના વહીવટમાં પડ્યા, ઉપકુલપતિ બન્યા અને થોડો સમય કુલપતિનો કાર્યભાર પણ સંભાળ્યો. વહીવટમાં 'વહન' વધારે અને 'વટ' ઓછો દેખાડે તેવો તેમનો વહીવટ. યુનિવર્સિટીમાં તેમના ચાહકોની સાથે તેમની સાથે મતભેદ ધરાવતા

લોકોનો પણ એક વર્ગ તો ખરો જ, પરંતુ તેમની વાતમાં કે ચિત્તમાં કોઈના પણ માટેનો દ્વેષભાવ જોવા ન મળે. સંવેદનશીલ બનીને વહીવટ કરવાનું કામ કેટલીક વાર અશક્ય લાગે, પરંતુ વહીવટી જવાબદારી વચ્ચે પણ તેમની સંવેદનાને કોઈ આંચ આવી હોય તેમ ન લાગે. કોઈક વાર ઘણા સમય સુધી મળવાનું ન બને તો નારાજ પણ થાય. તમારો ફોન પણ નથી આવતો? તમે વિદ્યાર્થીઓ જ મારી મૂડી છો. આટલુ બોલતાં જ તેમની આંખોના ખૂણા ભીના થઈ જાય!

આ લખનારને તેમના હાથ નીચે પ્રથમ પીએચ.ડી. પૂર્ણ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું. પોતાના વિદ્યાર્થીને પીએચ.ડી.ની પદવી એનાયત થાય એટલે મહેતાસાહેબ પોતાના વિદ્યાર્થીને હોટેલમાં પાર્ટી આપે. આજના યુગમાં આવા શિક્ષકો એક(?) આંગળીના વેઢે ગણી શકાય તેટલા પણ મળે તો સદ્‌ભાગ્ય સમજવું. આ ઉપરાંત પણ તમારી શિક્ષણયાત્રા દરમિયાન પણ પૂર્ણ સહયોગ અને સ્વતંત્રતા બંને આપે. તમારી સતત કાળજી પણ લે.

હીરામણિ પર પીએચ.ડી. માર્ગદર્શન માટે જઈએ એટલે ભરપેટ નાસ્તો કરાવે. એટલું જ નહીં અશ્વિન માટે ઘરે લઈ જવા નાસ્તો ભેગો પણ બંધાવે! આવા શિક્ષકના સ્નેહ બંધનમાં બંધાવવાનું કોને ન ગમે? પત્રકારત્વના શિક્ષણમાં પ્રવેશ મળ્યો ત્યારથી આજ દિન સુધી મહેતાસાહેબમાં સંનિષ્ઠ શિક્ષક ઉપરાંત એક 'સજ્જન માણસ'નાં દર્શન પણ સતત થયાં છે. શિક્ષક બન્યા પછી વિદ્યાર્થી પર વાત્સલ્ય વરસાવતા શિક્ષકની કિંમત વધુ સમજાય છે. તેમના વિદ્યાર્થી તરીકે વર્ગખંડના સિવાયના સમયમાં પણ અમે એમના જીવનમાંથી ઘણું શીખ્યા છીએ. વિદ્યાર્થીઓને નિઃસ્વાર્થ અને નિરંતર પ્રેમ કરવાના ગુણો એક શિષ્યા તરીકે મને વારસામાં મળ્યા છે. મહેતાસાહેબ ખરેખર અમારા માટે માના સ્તરે મૂકી શકાય તેવી વાત્સલ્યમૂર્તિ પુરવાર થયા છે. તેમના આશીર્વાદની અપેક્ષા સાથે શુભેચ્છા પાઠવું છું.

•

# સદાબહાર સાહિત્યકાર

## - વસુબહેન ભટ્ટ

કોઈ પણ સમારંભમાં ઉચ્ચ આસને બિરાજેલા ડૉ. ચંદ્રકાન્ત મહેતા તદ્દન નમ્રભાવે અને આત્મીયતાથી તમારી હાજરીની નોંધ લઈ સ્મિત કરે. ક્યારેય એમનામાં એ અહમ્‌ભાવ જોવા ન મળે કે તમારાથી હું આ કક્ષાએ બિરાજું છું. તેમના સ્મિતમાં કે એમના આવકારમાં અહંકારનો અભાવ જોવા મળે. આત્મીયતા હોય એટલે ઔપચારિકતાને સ્થાન જ ન હોય. તેઓએ જીવનમાં કેટલાય હોદ્દાઓ પ્રાપ્ત કર્યા છે એ એમની આગવી શક્તિ અને લોકચાહનાને આભારી છે. શિક્ષણ ક્ષેત્રે તેઓએ જે કંઈ સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે પાછળ તેમની દૃષ્ટિ અને પ્રામાણિકતા સંકળાયેલી છે. યુનિવર્સિટીના ઉપકુલપતિ હોય, સાહિત્યકાર હોય, કટારલેખક હોય તે સદા ડૉ. ચંદ્રકાન્ત મહેતા જ રહે છે. પોતે ભારે મહેનતુ છે. કોઈ પણ કાર્ય વ્યવસ્થિત કરવા માટે જહેમત ઉઠાવે છે. વક્તા તરીકે એ તૈયારી સાથે આવે છે અને વક્તવ્ય એવી રીતે રજૂ કરે કે શ્રોતાજનોને લાગે કે એમણે કંઈ પ્રાપ્ત કર્યું છે. એમની સ્મરણશક્તિ ધારદાર છે. એથી વક્તવ્યમાં પણ જુદી જુદી ભાષાનાં કાવ્યો, ગીતો, ટુચકા વગેરે રજૂ કરે. નાનામોટા પ્રસંગોમાં એ પોતાના આત્મીયનો આદર કરે છે. તેમની પ્રશસ્તિ કરવાનું ચૂકે નહીં. જ્યારે મળો ત્યારે સરસ રીતે તૈયાર થયેલા ડૉ. ચંદ્રકાન્ત મહેતા બુશશર્ટમાં અને પાટલૂનમાં શોભી ઊઠે. ક્યારેય એમના વાળ વિખરાયેલા ન હોય, ક્યારેય એમના મોઢા પર ચિંતા, બોજો ન હોય. ઉંમરનો તકાજો એમને નડતો નથી એ નિત્ય યુવાનની સ્ફૂર્તિ અનુભવે છે. કાર્યને વધુ દીપાવવા એ વ્યવસ્થિત રીતે અભ્યાસરસ કરી પૂર્ણતા પામવાનો પ્રયત્ન કરે છે અને એટલે જ એમનું કાર્ય દીપી ઊઠે છે. ઘણા ઍવૉર્ડથી એમને નવાજવામાં આવ્યા છે, પણ પોતાના પ્રદેશમાં એમનું સન્માન થાય એ એમની તેજસ્વી કારકિર્દીને શોભાવે તેવું છે. મારા નાના ભાઈ જેવા ડૉ. ચંદ્રકાન્ત મહેતાની જીવનમાં ઇચ્છેલી સર્વે ઇચ્છાઓ પ્રાપ્ત થાવ અને દીર્ઘાયુ પૂર્ણ સ્વસ્થ જીવન જીવો એવા ડૉ. ચંદ્રકાન્ત મહેતાદંપતીને સહ આશીર્વાદ.

**'ડૉ. ચંદ્રકાન્ત મહેતા અભિનંદન ગ્રંથ'**ના સંપાદક મંડળમાં જોડાવા સ્નેહભર્યું ઇજન છે તેમાં સંમતિ આપું છું. મારો પત્રવ્યવહાર કરતો ભાઈ બિપિન બહારગામ હતો એટલે સ્વીકૃતિમાં વિલંબ થયો છે. ક્ષમાયાચના.

કુશળતા પ્રાર્થું છું.

સ્નેહપૂર્વક

(વસુબહેન)

# સાહિત્યકારોની નજરે

## - શાલિની પી. મહેતા

### જુવાન હૈયાંનાં કંપનો ઝીલવાનો કુદરતી 'સીસ્મોગ્રાફ'

ડૉ. ચંદ્રકાન્ત મહેતા સંવેદનશીલ લેખક અને જાગ્રત પત્રકાર છે. આસપાસના સમાજમાં ધબકતા જુવાન હૈયાંના કંપનો ઝીલવાનો કુદરતી 'સીસ્મોગ્રાફ' તેમની પાસે છે. એટલે તરુણ સ્ત્રી-પુરુષોમાં વિવિધ વૃત્તિ અને વલણો અને તેની સમાજ પર થતી ક્રિયા-પ્રતિક્રિયાને તેઓ સહજ રીતે સમજી શકે છે. અદ્યતન યુગના સામાજિક વ્યવહારનું તાદૃશ્ય પ્રતિબિંબ 'સ્વપ્નલોક'ની વાર્તામાં ઝીલયા છે.

- ડૉ. ધીરુભાઈ ઠક્કર

•

### ચંદ્રકાન્તને ઝરૂખેથી

પુસ્તક મિત્ર છે, તીર્થ પણ છે. એને લઈને ચંદ્રકાન્ત નિરીક્ષણ પર ભાર મૂકે છે. જે જીવનમાંથી સીધું જડે છે એ પોતીકું જરૂર હોય છે. સન્નિષ્ઠ વિદ્યાર્થીના સારદોહન કરતા ક્યારેક સહૃદય અનુભવાર્થીનું નિરીક્ષણ ચઢી જાય છે. ચંદ્રકાન્ત ખુલ્લી નજરે મનુષ્યોને જુએ છે. એને અણગમા નથી બહુ ઓછી સગવડોથી એણે જાતને ઘડીને પ્રસન્નતા આત્મસાત્ કરી છે, આવા માણસના સ્વાનુભવો પણ એક શ્રદ્ધેય ઝરૂખો ખીલી આપે, જે બહિરંતરને જોડી આપે.

હું ચંદ્રકાન્તને વિકસતા જોતો આવ્યો છું અને એમનો વિકાસ વાચકોને સમર્પિત થતો રહ્યો છે. 'જિંદગીને ઝરૂખે'થી શ્રેણીના પુસ્તક સંપુટને હું આવકારું છું.

- રઘુવીર ચૌધરી

•

### સંચાર-સંશોધન અંગે મૂલ્યવાન અને પ્રમાણભૂત અભ્યાસ ગ્રંથ

ગુજરાતી ભાષામાં સંચાર-સંશોધન વિશેનું આ આગવું પુસ્તક એક નવીન ક્ષેત્રમાં વિશિષ્ટ પદાર્પણ રૂપ છે. સમૂહ-માધ્યમો વિષયક અધ્યાપન, લેખન, ચિંતન અને સંશોધન એ ડૉ. ચંદ્રકાન્ત મહેતાની માધ્યમ-સેવાનું આગવું ક્ષેત્ર છે. ગુજરાતીમાં સંચારમાધ્યમો વિશે ઘણા પુસ્તકો લખાયાં છે, પરંતુ સંચારમાધ્યમના આજના યુગની આવશ્યકતા જેવા 'સંચાર-સંશોધન' વિશેનું આ સર્વપ્રથમ પુસ્તક ડૉ. ચંદ્રકાન્ત મહેતાના શૈક્ષણિક અનુભવ, સંશોધન માટેની ઝીણવટ અને લાંબા પરિશ્રમનું ફળ છે. આમાં આલેખાયેલી પ્રમાણભૂત માહિતી, વિષયોનો વ્યાપ અને સામગ્રીની અદ્યતનતા એ વિષયનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જ નહીં, બલકે સંશોધકોને પણ માર્ગદર્શક બનશે.

- કુમારપાળ દેસાઈ

•

## ડૉ. મહેતાના નિબંધો : હરતી-ફરતી સંસ્કારશાળા

ડૉ. મહેતા મનુષ્યને જગતને આંખ-કાન-મન ખુલ્લાં રાખીને જોનારા લેખક છે. તેમાં વિધિ નિષેધના કશાય આગ્રહો દુરાગ્રહો નથી. જે છે તે સત્ય છે, ઉન્નત જીવન છે. સમોતું 'જગત' છે. તેમના શબ્દને તેથી જ ચાહનારો એક બહોળો વાચક મળ્યો છે. એ વાચકને તેમના શબ્દમાં આસ્થા છે. વાચકના સાચા અર્થમાં મિત્ર, ચિંતક અને માર્ગદર્શક બનીને આ નિબંધોમાં ઉપસ્થિત થયા છે. માનવનું સંસ્કાર ઘડતર કરતી હરતી-ફરતી શાળા જેવી આ નિબંધસૃષ્ટિ છે.

**- પદ્મશ્રી પ્રવીણ દરજી**

## સરવર-તરુવર-શી પ્રતિભા

ડૉ. ચંદ્રકાન્ત મહેતા એટલે સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિનું સંગમતીર્થ, હજારો ગુજરાતી યુવક-યુવતીઓ માટે શીતળ વડલાના વાત્સલ્ય સરીખા હૂંફાળા, પ્રેમાળ પથદર્શક. તેમના પ્રત્યેક શબ્દમાં ભારતની માટીની ભીની મહેક, ઉત્સાહના નિરંતર વહેતા ઝરણાં, પ્રકાંડ કાર્યશીલતા, અહાલેક યજ્ઞવૃત્તિ અને સમયની સૂક્ષ્મ પરખ... આ સર્વ ગુણસમૃદ્ધિએ તેમને અઢળક વાંચકોનું વહાલ આપ્યું છે, ચિંતનશીલ જીવન આપ્યું છે અને સચિંત ગતિશીલતાથી તેઓની દિનચર્યાને આભા-પ્રભામંડિત કરી છે. શબ્દપુરુષ સૂક્ષ્મ અર્થમાં રાષ્ટ્રપુરુષ પણ હોય તે રીતે તેઓએ આધુનિક વિચારધારાના મૌક્તિકોને તેમણે પોતાની વાણીમાં મઢી લીધા છે. તેમનું શાંત સરવર અને તરુવર જેવું નિશ્છલ હાસ્ય તેમની સાધનાની પરિતોષક અભિવ્યક્તિ છે. તેમનો શબ્દ આપણા સહુના અંતઃકરણનો સર્વકાલીન ઉજાસ બની રહે છે.

**- કુલીનચંદ્ર યાજ્ઞિક**

## વૈતાલિકનો સાદ

વિધ વિધ સ્તરે પોંખાયેલા અને અસંખ્ય વાંચકોના હૈયે વીખરાયેલા ડૉ. ચંદ્રકાન્ત મહેતા નામને અનુરૂપ સર્વાશ્લેષી, પ્રસન્નમધુર પ્રતિભા ધરાવતા નખશિખ શિક્ષક કમ સર્જક છે. માતૃભાષાને લાડ લડાવનાર આવા જીવનબદ્ધ સમર્પિત લેખકને 'ગુજરાત સમાચાર' જેવું મોકળું મેદાન મળ્યું, પછી બાકી જ શું રહે ? અતિલેખન ફળ્યું હોય એવા જૂજ લેખકોની પંગતમાં ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું નામ મોખરે મૂકી શકાય. ભારોભાર 'ક્રિએટીવ' કટારો દ્વારા એમણે વાંચકને આ કંઠ ધરાવ્યો છે, ગુજરાત અને ગુજરાતીને એમણે એવા જ મોટા ગજાના કટારચી ગુણવંત શાહની જેમ રળિયાત કરી મૂક્યા છે. શિશુસહજ મલકતું સ્મિત, ચળકતો ચહેરો, હળુ હળુ નિર્દંભ વ્યક્તિત્વ અને પ્રગલ્ભ છતાં નિર્દંશ વૈખરીના વરદાન થકી એ કોઈ બીજી દુનિયાના જણ લાગે છે-જાણે કોઈ યોગભ્રષ્ટ આત્મા આપણી વચ્ચે ભૂલો ન પડ્યો હોય ! પોતાની પાસે જે કંઈ છે તે ઉમળકાભેર ઉલેચી નાખવાની ઉતાવળ સાથે એ અષાઢી મેઘની જેમ વણથંભ્યા વરસતા રહ્યા છે. એમના માંગલ્યપ્રેરક લખાણોમાં જિંદગીનું પંચામૃત ઘોળાયેલું હોઈ એ મૂંઝાયેલા જીવને મોકળાશ અર્પે છે, તપ્ત ચિત્ત પર ટાઢક રોળે છે, આદર્શો અને મૂલ્યોની મેઘધનુષી રંગોળી પૂરે છે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા વ્યાખ્યામાં ન બંધાય એવા મોટા ગજાના ક્રિએટીવ પત્રકાર-કેળવણીકાર અને એથી પણ ઊંચેરા સત્પુરુષ છે. એમની કલમ કલમ નથી, બલકે માંગલ્યની અખૂટ રસધાર દૂઝતું અક્ષયપાત્ર છે. સાચા સર્જકની જેમ એ સમયનો સાદ બરાબર સાંભળી શકે છે અને પછી શબ્દબ્રહ્મના વૈતાલિક લેખે બધાને સંભળાવી ય જાણે છે.

**- ડૉ. કેશુભાઈ દેસાઈ**

## 'અક્ષરદેહ'ના આરાધક

ચહેરા પર નજર ખોડી રાખવાનું કોઈનેય ગમે એવો માસૂમ રૂપાળો ચહેરો, ગીત-ગઝલથી ધબકતું ગુલાબી દિલ, નિષ્પાપ આંખમાંથી ટપકતું સ્મિત, કાળજીથી ઓળાએલ વાળ, કપડાંથી માંડીને તે એકે એક "જેસ્ચર"માં નીતરતી સુઘડતા- આ બધાનો સરવાળો કરીએ તો તેમાંથી ઉપસી આવે ચંદ્રકાન્ત તે ડૉક્ટર છે, પણ તેમણે ક્ષર નહીં, અક્ષરદેહ સાથે કામ પાડ્યું છે. કવિ, લેખક, નાટ્ય-દિગ્દર્શક, પ્રાધ્યાપક, પત્રકાર અને સંશોધક... એક સાથે તે ઘણું બધું છે. નવગુજરાત કોલેજમાં હિન્દી વિષયના વડા છે. નવગુજરાત મલ્ટીકોર્સ ઈન્સ્ટિટ્યૂટના માનદ નિયામક પણ છે. "ગુજરાત સમાચાર"માં નામ તેમજ

ઉપનામથી ઘણી લોકપ્રિય કટારો તે લખે છે. ટૂંકમાં જે કામ કરતા મારા જેવા "એવરેજ" માણસને બોંતેર કલાક લાગે એ જ કામ તે ચોવીસ કલાકમાં આસાનીથી ને થાક્યા વગર પૂરું કરે છે.

- **વિનોદ ભટ્ટ**

•

## સ્વપ્નશિલ્પી વાર્તાકાર

તાજું સ્નાન કરીને આવી હોય એવી શુદ્ધ અને સ્વચ્છ આંતર-બાહ્ય વિમલ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિઓ જવલ્લે જ જોવા મળે છે ! દેહની તાજગી સાથે પહેરવેશની પસંદગી, ચીવટ અને ચોકસાઈ, મુખ પર નિરાડંબર નીતરતી નિર્મળ પ્રસન્નતા જોતા હૈયું હરખાઈ ઊઠે છે. અંતરની વિશુદ્ધતા વગર આવું વ્યક્તિત્વ શક્ય છે ?

સ્વપ્નશીલ વાર્તાકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાને વિદ્વાન પ્રાધ્યાપક, વક્તા, લેખક અને પત્રકાર છે. ગુજરાત યુનિવર્સિટીનું કુલપતિપદ પણ સંભાળે છે. તે સાથે સજ્જન-સહૃદયી મિત્ર છે. પ્રથમ પરિચયમાં પોતાના લાગે તેવી આત્મીયતાની ઓળખ આપે છે. તેમની વાણી, વાતચીત અને વર્તનમાં શુદ્ધતા, શુચિતા અને સચ્ચાઈનો રણકો છે એમની સદ્‌ભાવી દૃષ્ટિ નાના-મોટા સૌ પ્રતિ એકસરખી છે. એમનો સર્વ સાથેનો સંબંધ સમતાનો છે. દોસ્તી માટેનો ઉષ્માભર્યો હાથ તેઓ આગળ ધરે છે : **'કેમ છે, દોસ્ત !'** એવા ઉમળકા સાથે એથી તો પાત્રોની પાસે જઈ એમની હૈયાવરાળ કઢાવે છે. એમની **'ગુફ્તેગો'** માત્ર પ્રેક્ષક બનીને જોતા નથી, પરંતુ પ્રકાશ પાથરવાનું દિલમાં દીપ જલાવવાનું **'ચિનગારી'** બનવાનું પરમ કાર્ય કરે છે. આવી કથનીઓને કથામાં કંડારે છે. જીવનની ઊજળી બાજુઓને જોવાનો અને જીતવાનો યત્ન કરે છે. તેમને વાણીનું વરદાન પ્રાપ્ત થયું છે એટલે વક્તવ્યમાં છટા છે, પણ ત્યાં હોઠ કરતા હૈયાને પ્રાધાન્ય છે.

- **વસુબહેન ભટ્ટ**

•

## એક મહેકતું વ્યક્તિત્વ

ડૉ. ચંદ્રકાન્ત મહેતા એટલે માનવતા સમર્પિત ચિંતક. એમના વ્યક્તિત્વના અનેક પહેલદાર પાસાં છે. એમના લેખન અને પ્રવૃત્તિનો વ્યાપ પણ અતિ વિસ્તીર્ણ છે.

ડૉ. મહેતા ઉત્કૃષ્ટ સર્જક હોવાની સાથે સાથે પ્રતિબદ્ધ શિક્ષણકાર છે. ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ અને હીરામણિ શિક્ષણ સંસ્થા સંકુલ તેમજ મીડિયા ઈન્સ્ટિટ્યૂટના વહીવટી નિયામક છે.

તેમની કસદાર કલમે સાહિત્ય અને પત્રકાર ઈત્યાદિ ક્ષેત્રે ૧૨૦થી પણ વધુ શિષ્ટ, સ્વસ્થ, પ્રેરક અને દૃષ્ટિસંપન્ન કૃતિઓનું સર્જન થયું છે. ગુજરાતી-હિન્દી નવલિકા, નિબંધ, કવિતા, એકાંકી અને બાળ સાહિત્યમાં પણ એમનું એટલું જ નોંધપાત્ર પ્રદાન છે. 'ગુજરાત સમાચાર'ની તેમની 'કેમ છે દોસ્ત', 'એક જ દે ચિનગારી' અને 'ગુફ્તેગો' કોલમોને વિશાળ વાચકવર્ગનો ઉષ્માભર્યો સત્કાર સાંપડ્યો છે. તાજેતરમાં જ ડૉ. મહેતાએ ઈલિનોઈસ યુનિવર્સિટી, અમેરિકાના વિશેષ નિમંત્રણથી 'મહાત્મા ગાંધીની પ્રાસંગિકતા' વિષય પર આપેલું વ્યાખ્યાન પ્રશસ્તિપાત્ર રહ્યું હતું.

ડૉ. ચંદ્રકાન્ત મહેતા વ્યક્તિત્વવિકાસક અને જીવનઘડતરલક્ષી સાહિત્યના સિદ્ધહસ્ત લેખક છે. 'મહેકતો રહેજે મનવા' લેખકસંગ્રહ તેમની જીવનાભિમુખતા, માનવતાની ચિંતા અને ઊંડા ચિંતનનું પ્રેરક નજરાણું છે. આવા મૂલ્યવાન પ્રકાશનને મારી હાર્દિક શુભેચ્છાઓ.

- **પ્રો. પ્રિયકાન્ત પરીખ**

•

## મજાનો તાર

ડૉ. ચંદ્રકાન્ત મહેતા (અમદાવાદ) સુ-કવિ છે, એમ કહેતા ખુશી થાય છે. 'વહીવટ' તથા 'સંચાલન' જેવા કપરા અને ખાસ્સો સમય ખાઈ જનારા કાર્યોમાં ગળાડૂબ આગળ પડતા હોવા ઉપરાંત એમની સાહિત્યકાર તરીકેની પણ આગવી ઓળખ છે. 'ધીરે વહે છે ગીત' એમનો ગઝલ-ગીત સંગ્રહ છે. આ સંગ્રહમાંથી પસાર થતા એમની કેટલીક લાક્ષણિકતાઓ ઊડીને આંખે વળગે છે : (૧) એ ઋજુ માણસ છે. (૨) એ સૌ કોઈને માટે વહાલનો વરસાદ વરસાવે છે. (૩) એ દીન-દલિત-દુઃખી-પતિત પ્રત્યે ખરા હૃદયની લાગણી ધરાવે છે. (૪) એ મનુષ્ય તરીકે ઊંચે ને વધારે ઊંચે ગતિ કરવાની શુદ્ધ ભાવના

સેવે છે. (૫) ગઝલકાર કે ગીતકાર અથવા કહો કે કવિ થવા માટે જોઈતી તમામ વિદ્યાથી એ સજ્જ છે. (૬) એમની પાસે 'સર્જક'ની આંખ છે. (૭) એમના સુમધુર વ્યક્તિત્વની મહેક એમની રચનાઓમાંથી અનુભવાય છે.

એમના કેટલાક શેર અને ગીત પંક્તિઓ માણીએ;

જીવન ને ફાવતી ને ભાવતી ખુશબો મળે તેથી
નકામાં વેલ-વૃક્ષો ત્યાગતા કોઈ બાગ બદલીશું.

મનુજ છું. એટલે હું, દુઃખ કોઈનું સ્હૈ નથી શકતો
કવિ છું, એટલે હું, કથ્ય વિણ પણ રહૈ નથી શકતો

અન્ય કેરા દર્દ દેખી, જો હૃદયમાં ગમ નથી
તો તમારી જિંદગીમાંની જરી યે દમ નથી

શ્રાવણ વરસે તોય કોરું !
હે સખિ ! એવું શેં ઉર તારુ ભોળુ,

તમારો છું અને તેથી હૃદયની બહાર માગું છું.
કદી તૂટે નહીં એવો, મજાનો તાર માગું છું.
કવિ ચંદ્રકાન્તને, કદી તૂટે નહીં એવો, મજાનો 'તાર' મળી રહો.

**- મનહર મોદી**

## એમનો પ્રધાન રસ છે ઉન્નત જીવન

કેટલાંક વ્યક્તિત્વ જ એવાં હોય છે કે એમનું સ્મરણમાત્ર આપણા ચિત્તને લાગણીથી ભરી દે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા એક આવું વ્યક્તિત્વ છે. એક સાથે કોડીબંધ જવાબદારીઓ નિભાવતા, કોડીબંધ મોરચા સંભાળતા અને છતાં, એ કશાયનો ભય અનુભવ્યા વિના સતત સ્મિત વેરતા, ઉમળકાભેર મીઠો આવકારો આપતા, મિત્રો કશું પણ કામ ચીંધે તો એ કરી છૂટવા સદાય તત્પર રહેતા ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું સ્મરણમાત્ર મને તો ઉત્સાહથી ભરી દે છે.

પત્રકારત્વ વિભાગના વડા અને ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે સેવાઓ આપી ચૂકેલા ડૉ. મહેતા જાણીતા શિક્ષણકાર, પત્રકાર, સમાજચિંતક અને સમાજસેવી તરીકે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અને આ બધી પ્રવૃત્તિઓ વચ્ચેથી સમય કાઢીનેય એમણે અનેક કૃતિઓનું સર્જન કર્યું છે, તે એમની ગજાવર કાર્યશક્તિની પ્રતીત કરાવે છે. એમનો પ્રધાનરસ ઉન્નત જીવનમાં છે. સૌ સુખ-શાંતિ આનંદ-ઉલ્લાસભર્યું અર્થપૂર્ણ જીવન કેમ કરતા જીવે એનું ચિંતન એ સતત કરતા રહે છે. 'ગુજરાત સમાચાર'માં 'કેમ છે દોસ્ત' ગુફ્તેગો, એક જ દે ચિનગારી વગેરે એમની કોલમો જીવન પ્રત્યેની એમની નિષ્ઠા સૂચવે છે. ભારતીય સંસ્કૃતિને ઉજાળનારાઓ અંગે માહિતી પીરસતું તેમનું સ્વાતંત્ર્યની અર્ધશતાબ્દીના અર્ધ્યસ્વરૂપ પુસ્તક પણ વાચકોને ગમશે એવી શ્રદ્ધા છે. ઉચ્ચાશયી અને શિષ્ટ વાચનની કદર કરનારાઓને ડૉ. મહેતાના પુસ્તકો વિના સંકોચે ચીંધી શકાય.

**- યશવંત મહેતા**

## જીવનલક્ષી સાહિત્યના સર્જક અને પ્રેરણાસ્રોત

ડૉ. ચંદ્રકાન્તભાઈનું વાંચન વિશાળ છે અને તેમનાં લખાણોમાં ઊંડાણ હોય છે, છતાંય તેમની રજૂઆત ક્યાંય ક્લિષ્ટ બનતી નથી. જેવું તેમનું વ્યક્તિત્વ સરળ અને સરસ, તેવું તેમનું સાહિત્ય. તેમનું વ્યક્તિત્વ બહુઆયામી છે. કેટલી બધી સિદ્ધિઓ જીવનમાં મેળવ્યા છતાંય આપણને તેમનામાં ક્યાંય અભિમાનનો અણસાર વર્તાય નહીં. વિનમ્ર છતાંય આત્મવિશ્વાસથી ભરપૂર તેમનું વ્યક્તિત્વ વિશિષ્ટ છે.

જીવનને તેમણે રસથી જોયું છે અને તે જેવું છે તેવું માણ્યું છે. આ તેમની જેવી-તેવી સિદ્ધિ નથી. આટલા બધાં ક્ષેત્રો સાથે સંકળાયેલા હોવા છતાં પક્ષાપક્ષીના રાજકારણથી તેઓ પર રહ્યા છે. તેઓ ઉચ્ચ કૃતિઓના પારખુ છે. જ્ઞાન અને જ્ઞાનીનું

બહુમાન કરવાનો તેમનો ગુણ આજે બહુ ઓછા સાહિત્યકારોમાં જોવા મળે છે. પરમાત્મા તેમને દીર્ઘાયુ બક્ષે અને તેમની કલમના અજવાળાં ચિરકાળ સુધી જગતમાં પથરાતાં રહે તેવી અંતરની શુભેચ્છાઓ.

- **ચંદ્રહાસ ત્રિવેદી**

## પત્રકારત્વના સિદ્ધાંતો સંશોધન-સામગ્રી સજ્જ પુસ્તક

ટૂંકી વાર્તા, કવિતા, ચિંતનાત્મક સાહિત્ય, પત્રકારત્વ વગેરે ક્ષેત્રોમાં એકસરખી સહજતાથી પ્રવૃત્ત રહેતા તથા 'ગુજરાત સમાચાર' જેવા દૈનિકના કટારલેખક ડૉ. ચંદ્રકાન્ત મહેતા પત્રકારત્વના શિક્ષણ સાથે દોઢ દાયકાથી જોડાયેલા છે. પત્રકારત્વ હવે વિદ્યાસંસ્થાઓમાં અભ્યાસ-વિષય તરીકે પ્રવેશ કરી ચૂક્યું છે, ત્યારે તેના વિવિધ પાસાંને સ્પર્શતાં પુસ્તકોની આવશ્યકતા પણ ઊભી થવાની.

ડૉ. મહેતાએ તેમના પરિશીલનના પરિપાક રૂપે 'પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન' - એ શીર્ષક હેઠળ આ પુસ્તક લખ્યું છે. જે આ દિશાની જરૂરિયાતોને પહોંચી વળવાનો પ્રશસ્ય પુરુષાર્થ છે.

'જર્નાલિઝમ' શબ્દના ઉદ્ભવથી માંડી 'અખબારી સ્વાતંત્ર્ય'ની આધુનિક વિભાવના સહિતના વ્યાપને પહોંચી વળતા આ પ્રકાશનમાં એક વિદ્વાન અધ્યાપકની નિષ્ઠા અને ચીવટનાં દર્શન થાય છે. પત્રકારત્વની પરિભાષા, વિશ્વપત્રકારત્વના પરિપ્રેક્ષ્યમાં ભારતીય પત્રકારત્વની રૂપરેખા, પત્રકારની આચાર-સંહિતા વગેરે વિષયો અહીં આવરી લેવાયા છે, પણ તેની સાથે જાહેર માહિતીના માધ્યમોને પણ સમુચિત રીતે સમાવી લઈને આ માધ્યમને સર્વગ્રાહી બનાવવાનો પ્રયત્ન થયો છે.

પત્રકારત્વ વિદ્યાસંસ્થાઓમાં અભ્યાસ વિષય તરીકે પ્રવેશે છે, ત્યારે આવા સંશોધન-સામગ્રીસજ્જ પુસ્તક સાથે ડૉ. ચંદ્રકાન્ત મહેતા આપણી પાસે હાજર થયા છે, એ વાતનો આનંદ છે. તેમની રસાળ કલમે લખાયેલ આ અધ્યયન પત્રકાર થવા ઈચ્છનારને તો ઉપયોગી થશે જ, પણ પત્રકારત્વના સિદ્ધાંતો વિશે માહિતી મેળવવા ઉત્સુક જનોને પણ તે અવશ્ય ખપ લાગશે જ.

- **હરીન્દ્ર દવે**

## પ્રતિભાશાળી સર્જક અને શિક્ષણપ્રેમી

ગુજરાતના જાણીતા કવિ લેખક, પ્રાધ્યાપક અને પત્રકાર ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું આ પુસ્તક લોકસાહિત્ય પ્રત્યેના એમના પ્રેમની પ્રતીતિ અને સંશોધન પ્રત્યેની એમની ધગશને હૂબહૂ બતાવે છે. એમના લોકસાહિત્ય વિશેના વ્યાખ્યાનો, વાર્તાલાપો અને લેખોએ આ શક્તિશાળી સર્જકની બહુમુખી સિદ્ધિમાં નવી યશકલગીનો ઉમેરો કર્યો છે. ગુજરાતના અજ્ઞાત હિન્દી કવિ મીર મુરાદ પર મહાનિબંધ લખીને તેમણે પીએચ.ડી.ની પદવી મેળવી છે. આકાશવાણી પરથી પ્રસારિત થતા એમના હિન્દીશિક્ષણ પાઠો લોકપ્રિયતાને વર્યા છે. આ ઉપરાંત એમણે સંપાદિત કરેલી સાત અને આઠ તથા અન્ય ધોરણનાં હિન્દી પાઠ્યપુસ્તકની હસ્તપ્રતોને ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળે પ્રથમ પુરસ્કાર પાત્ર ઠરાવી છે.

ડૉ. ચંદ્રકાન્ત મહેતાની સાહિત્યિક પ્રવૃત્તિની શરૂઆત "ધીરે વહે છે ગીત" નામના કાવ્યસંગ્રહથી થઈ. એ પછી "ચંદ્રશેખર આઝાદ", "ડૉ. આંબેડકર" "સ્વાતંત્ર્ય-સેનાની યોગાનંદ" વગેરેના પ્રેરણાદાયી જીવનચરિત્રો એમની જોશીલી કલમ દ્વારા જીવંત બની રહ્યા છે. આવી સાહિત્યિક પ્રવૃત્તિની સાથોસાથ નાટક પ્રવૃત્તિની સાથે પણ તેમનો નિકટનો પરિચય રહ્યો.

જીવનપયોગી અને વ્યવસાયલક્ષી તાલીમ આપતી નવગુજરાત મલ્ટીકોર્સ ઈન્સ્ટિટ્યૂટના માનદ્ નિયામક અને નવગુજરાત આર્ટ્સ કોલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. ચંદ્રકાન્ત મહેતાના માર્ગદર્શન હેઠળ ૬ વિદ્યાર્થીઓ પીએચ.ડી.નું સંશોધનકાર્ય કરી ચૂક્યા છે. યુવક પ્રવૃત્તિના પ્રોત્સાહક ડૉ. ચંદ્રકાન્ત મહેતાની શિક્ષણ પ્રવૃત્તિ વિશેની ઊંડી સમજ અને બહોળા અનુભવની ઝલક એમની જુદી જુદી કોલમમાં જોવા મળે છે.

- **શ્રી જોરાવરસિંહ જાદવ**

## ડૉ. ચંદ્રકાન્ત મહેતા : લોકપ્રિય લેખક

'ગુજરાત સમાચાર'માં "કોલેજની હવામાં" એ શીર્ષક હેઠળ "શશિન્"ના તખલ્લુસથી પ્રસિદ્ધ થતી લોકપ્રિય સાપ્તાહિક કટારના સહૃદયી લેખકને મારા સન્મિત્ર ડૉ. ચંદ્રકાન્ત મહેતા ઉંમરે, દેખાવે અને અભિગમે કરીને યુવાન છે ને અધ્યાપક છે, અને તેથી "કોલેજની હવામાં"ની લેખશ્રેણીના અધિકારી સર્જક છે.

"आकृतिर्गुणान् कथयति" ।

એ કાલિદાસની ઉક્તિ ડૉ. ચંદ્રકાન્ત મહેતાની પ્રસન્નમધુર મુખમુદ્રાને સરસ રીતે બંધ બેસે છે કુદરતે તેમને મોહક વ્યક્તિત્વને શોભે તેવી પ્રકૃતિ, ને લખવામાં ને બોલવામાં-બેઉમાં હૃદયગમ વાગમાધુર્ય આપ્યું છે. તેમાં તેમની અભ્યાસનિષ્ઠા અને જીવનમાંગલ્યનો રચનાત્મક અભિગમ ઉમેરાતા વ્યક્તિત્વનું જે મધમીઠું રસાયણ નિપજે તે ડૉ. ચંદ્રકાન્ત મહેતા.

વિપુલતા અને વૈવિધ્યની સાથે જીવનમાંગલ્યની દૃષ્ટિ એ તેમના સાહિત્ય સર્જનનું એક વિશિષ્ટ અને તાજગીભર્યું લક્ષણ છે.

**- કંચનભાઈ ચ. પરીખ**

•

## યુવાશક્તિનો વિકાસપંથ

ડૉ. ચંદ્રકાન્ત મહેતા નવગુજરાત કોલેજમાં હિન્દી વિદ્યાર્થી પ્રિય અધ્યાપક અને નવગુજરાત મલ્ટીકોર્સ ઈન્સ્ટિટ્યૂટના કુશળ ડાયરેક્ટર તરીકે વિદ્યાર્થીવૃંદના સતત જીવંત સંપર્કમાં રહે છે. તેમની સ્વાભાવિક નિરીક્ષણ શક્તિ અને યુવામાનસને સમજવાની મનોવૃત્તિને લીધે યુવાવર્ગના આશા-અભિલાષા, ભાવના આદર્શો, ચૈતન્ય-સ્ફૂર્તિ, કાર્ય પ્રવૃત્તિઓ, મનોવ્યથાઓ અને સંઘર્ષનો અભ્યાસ કરે છે. તેમાંથી તેમની માર્ગદર્શક વિચારણા અવિર્ભાવ છે. પામી છે. 'ગુજરાત સમાચાર' અને બીજા વર્તમાનપત્રોના કટારલેખનમાં તેમની સરળ અને ચિંતનાત્મક અભિવ્યક્તિને લીધે તેઓ લોકપ્રિય બન્યા છે. તેમનું શિક્ષણક્ષેત્ર સીમિત ન રહેતા, બહુજન સમાજ સુધી વિસ્તર્યું છે.

એમનાં પુસ્તકોમાંથી મુગ્ધચિત યુવાવર્ગને માર્ગદર્શક નીવડે તેવી વિચારધારણાની અને કાર્યપ્રવૃત્તિની સામગ્રી તથા ચૈતન્યશીલ ક્રિયાશક્તિને સાચો રાહ મળશે તેવી મને શ્રદ્ધા છે. તટસ્થ દૃષ્ટિ છે અને સ્વસ્થ ચિંતન એ ડૉ. મહેતાના લખાણોની વિશેષતા છે. લેખક વાર્તાકાર અને કવિ પણ છે. તેમની કલાત્મક અભિવ્યક્તિ તથા યુવા વર્ગના હૃદયચિત્તને સ્પર્શે તેવી તેમની વિચારણાનું હું આનંદપૂર્વક સ્વાગત કરું છું. આ વિચારણા મુગ્ધ યુવાવર્ગને વિકાસને પંથે લઈ જાય તેવી શુભેચ્છાઓ.

**- અમૃતલાલ યાજ્ઞિક**

•

# પ્રાથમિક શિક્ષકપદથી પ્રારંભી ઉપકુલપતિપદ સુધીની ઊંચી ભાવનાપ્રધાન 'ઉડાન' એટલે ડૉ. ચન્દ્રકાંત મહેતા ઉર્ફે 'શશિન'-

- રાધેશ્યામ શર્મા

**ચંદ્રકાન્ત મહેતા**, ઉપનામ 'શશિન્'.

કવિ (ગીત-ગઝલકાર), વાર્તાકાર, નિબંધકાર, એકાંકીકાર, ચરિત્રકાર, યુવા-બાળસાહિત્યકાર અને ખાસ તો જીવનઘડતરલક્ષી કૃતિઓના લેખક.

**ઉપાધિઃ** એમ.એ., પીએચ.ડી., એલએલ.બી., પીજી ડિપ્લોમા-ઇન-જર્નાલિઝમ. ગુજરાતીમાં તેમ જ હિન્દીમાં થઈ કુલ ૭૮ (ઇઠ્યોતેર) પુસ્તકો પ્રકટ.

આ લેખકની કારકિર્દીનો કાર્ડિયોગ્રામ ઊંચે ને ઊંચે ચઢતો રહ્યો છે, પણ છેક નીચેથી એનો પ્રારંભ થયો છે. પ્રગતિ અને પુરુષાર્થનો મહિમા અહીં ઝળહળતો ન્યાળવા મળે. ૧૯૫૮થી પ્રાથમિક શિક્ષક તરીકે જોવા મળતી વ્યક્તિ ૧૯૯૪-૯૭ના સમયગાળામાં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તથા કાર્યકારી કુલપતિપદે પહોંચે, ૧૯૯૮-૯૯માં 'ગુજરાત સમાચાર' એકેડેમીના ડિરેક્ટર બને અને હાલ ૧૯૯૯થી હીરામણિ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મીડિયા ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચના નિયામક આ જ શિક્ષણસંકુલનો એક્ઝિક્યુટિવ ડિરેક્ટ લેખે સક્રિય છે. હિન્દી વિષયના પીએચ.ડી. ગાઇડ ઉપરાંત જર્નાલિઝમ માસ-મીડિયાના ગુજરાત યુનિવર્સિટીના એકમાત્ર માન્ય શોધનિર્દેશક પણ ખરા.

પીએચ.ડી.ની પદવી 'ડૉક્ટર' થવા લીધી એ વિષય હતો : 'મીર કાવ્ય પરંપરા એવં ગુજરાત કા અજ્ઞાત કવિ મીર મુરાદ' - એવા હિન્દી વિષયમાં સંશોધનકાર્ય હાથ ધર્યું તેમ જ ગુજરાત ખાતે પહેલી વાર મીર મુરાદની કાવ્યવાણીનું સંચયન-સંપાદન કર્યું. સાહિત્યિક, શૈક્ષણિક તથા સામાજિક સંસ્થાઓમાં એટલી સેવાઓ આપી છે કે એમને પોતાને પણ કેટલી યાદ આવે તે કહી ન શકાય એવો કોયડો છે.

પુરસ્કાર-પારિતોષિકો કુલ આઠ (૮) મળ્યાં છે. સંસ્કાર પારિતોષિક, સંસ્કૃતિ પુરસ્કાર, સૌહાર્દ પુરસ્કાર, 'રાજભાષા સમ્માન' પુરસ્કાર ઉપરાંત 'અન્વેષણ ઔર એક અન્ય એકાંકી' (હિન્દી)ને ગુજરાતની હિન્દી સાહિત્ય અકાદમીનો તથા 'ચંદ્રશેખર આઝાદ', 'વીર ભગત સિંહ' જેવાં શિશુસાહિત્યનાં પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો છે.

પૂર્વ આફ્રિકા, યુ.કે. (લંડન), ફ્રાન્સ-સ્વિટ્ઝર્લેન્ડનો પ્રવચન-પ્રવાસો કરી ચૂકેલા લેખક, છેલ્લાં ૨૦ (વીસ) વર્ષથી પર્યુષણ વ્યાખ્યાનમાળાના માનીતા વક્તા છે.

ગુજરાતના લોકકવિ મીર મુરદ વિશેના શોધનિબંધને શ્રી દુલેરાય કારાણીએ - પ્રશંસતી પ્રસ્તાવના 'ચીંથરે વીંટ્યું રતન'ના યોગ્ય શીર્ષકથી કરેલી.

ડૉ. મધુસૂદન પારેખસાહેબે ધોળકા કૉલેજમાં પ્રાધ્યાપન પતાવી લેખક સાથે ઘોડાગાડીમાં પાછા ફરતાં મધુર શીખ દીધેલી કે 'તમે છૂટક છૂટક લખો છો એને બદલે બે-ત્રણ નિયમિત કૉલમ લખો.' ઓછું હોય તેમ 'ગુજરાત સમાચાર'ના મૅનેજિંગ તંત્રી શ્રી શ્રેયાંસ શાહને ભલામણ કરી. પરિણામે 'કેમ છે દોસ્ત?' અને 'એક જ દે ચિનગારી' જેવી અતિ લોકપ્રિય કટારો પ્રકાશમાં

ઝગમગી! **મધુરાત્માનાં ઊંડાણો પણ પુણ્યાત્મા જેવાં આભા અગાધ છે.** ફાધર વાલેસ પછી યુવાનોના ઘડતર માટે પ્રેરક લેખનકાર રૂપે ચંદ્રકાન્તને ઓળખનાર પણ મધુસૂદનભાઈ છે!

'શબ્દલોકના યાત્રીઓ'માં સહર્ષ સમાવેશ કરતાં જાણીતા વિવેચક ડૉ. રમણલાલ જોશીએ લેખકના મુખ્ય મિશનને યાદ રાખી 'યુવાનોને પ્રિય અને પ્રેરક સાહિત્યના રચયિતા' રૂપે સુયોગ્ય ઓળખ આપી હતી. નવગુજરાત મલ્ટી કોર્સ ટ્રેઈનિંગ ઇન્સ્ટિટ્યૂટના નિયામકપદે એક દસકો રહેલા લેખક ધ્યાનાર્હ અભિનેતા છે એ કેટલાક જાણે છે, પણ ઘણા બધા નહીં જાણતા હોય કે લેખક એવા માતૃભક્ત છે જેમણે પુણ્યસ્મૃતિનું જતન એમના ગામમાં બાલમંદિર સ્થાપીને સાધ્યું છે.

'ભૂખે-દુઃખે થાક્યાં, જગતજન જે છે તડપતાં, વહાવો નિત્યે આ, જીવનઝરણું તુષ્ટ કરવા' - લેખક-કવિએ આ કડીકંડિકાઓ લખવા ખાતર જ નથી લખી, જગતને જીવી બતાવવા પણ રચી છે.

અત્યંત લોકભોગ્ય નવલકથા લેખક પ્રો. પ્રિયકાન્ત પરીખે પોતાના આ સુમિત્રની 'નવચેતના'ના પાને મુલાકાત લેતાં લેખકને 'ઉન્નત જીવનના હિમાયતી યુવાચિંતક' વિશેષણથી નવાજી અંતે કોઈ મજાની કાવ્યપંક્તિ સંભળાવવા સૂચવ્યું ત્યારે ચંદ્રકાન્તજીએ ઈસુહૈયાને હોઠ પર લાવી લલકારેલું :

**રહો હલકાં સદા વાટે તમારો ભાર માગું છું.**
**ફના થાવા છતાં સાચા જિગરનો યાર માગું છું.**

યાર પ્રિયકાન્તે કવિયાત્રી લેખકને 'નારી અસ્મિતાના જ્યોતિર્ધર' પણ કથ્યા છે. ડૉ. મધુસૂદન 'મન મધુવન'ને 'ભાવનાથી મહેકતું' ભાળે એમાં શું આશ્ચર્ય! પરંતુ ગુજરાત સાહિત્ય પરિષદ પ્રમુખ રઘુવીર ચૌધરી જેવા તટસ્થનું નિરીક્ષણ પણ નોંધને પાત્ર છે :

'ચંદ્રકાન્ત ખુલ્લી નજરે મનુષ્યોને જુએ છે. એને અણગમા નથી. બહુ ઓછી સગવડોથી એણે જાતને ઘડીને પ્રસન્નતા આત્મસાત્ કરી છે. આવા માણસના સ્વાનુભવો પણ એક શ્રદ્ધેય ઝરૂખો ખોલી આપે, જે બહિરંતરને જોડી આપે... 'જિંદગીને ઝરૂખેથી' શ્રેણીના પુસ્તક સંપુટને હું આવકારું છું.'

'પત્રકારત્વ : સિદ્ધાંત અને અધ્યયન' પ્રકટ થયું ત્યારે 'સમભાવ'ના 'કલમઘર'માં સ્થિત રજની વ્યાસે 'પત્રકારત્વની દિશાની જરૂરિયાતને પહોંચી વળવાનો પ્રશસ્ય પુરુષાર્થ' નોંધ્યો હતો.

'વિશ્વકોશ'ના પ્રથિતયશ પુરોધા ડૉ. ધીરુભાઈ ઠાકરસાહેબે 'સ્વપ્નલોક' વાર્તાસંગ્રહની પ્રસ્તાવનામાં 'સ્વપ્ન-વાસ્તવની સરહદો' શોધી દર્શાવી હતી.

લેખકનાં સાહિત્યિક, સાંસ્કૃતિક, સામાજિક સેવાકાર્યોમાં અભિન્ન સ્વરૂપે સંમતિ અર્પનાર સહપાંથી ડૉ. કુમારપાળ દેસાઈએ આ લખનારને સુચારુ સૂચન કરેલું પૂર્વોક્ત 'સ્વપ્નલોક'ના ચોથા પૂંઠે વિષયસંતર્પક લખી આપવાનું અને સહર્ષ લખ્યું હતું. આમ :

'ડૉ. મધુસૂદન પારેખ જેવા અભ્યાસીએ વાર્તાકારની 'ભાવનાના રળિયામણા છોડને સ્નેહથી સીંચ્યો એ પૂર્વે 'ધીરે વહે છે ગીત' (હમણાં કવિશ્રી મનહર મોદીએ આ કાવ્યસંચયની બીજી સંવર્ધિત રૂપકડી આવૃત્તિ 'રન્નાદે'માં પ્રકટ કરી) એની ગીતગઝલો પીઢ વિવેચક અનંતરાય રાવળસાહેબની શાબાશીનો સ્વાદ માણી ચૂકી છે. પત્રકારત્વ, લોકસાહિત્ય, સંપાદન, ચરિત્રલેખન આ બધું સન્મિત્ર વિનોદ ભટ્ટના શબ્દોમાં 'બોંતેર કલાકનું કામ' ચોવીસથી ઓછા કલાકમાં આ અક્ષરદેહનો ડૉક્ટર જ પતાવી આપી શકે! પરંતુ મને આ અદમ્ય ઉત્સાહનું બીજું મહત્ત્વનું સૂત્ર-કારણ ચંદ્રકાન્તભાઈના પ્રસ્તુત બીજા વાર્તાસંગ્રહ 'સ્વપ્નલોક'નાં પાત્રોની સધ્ધર ભાવસૃષ્ટિમાં પ્રતિબિંબિત થયેલું જોવા મળે છે. વાચકોની રોમૅન્ટિક ક્ષણોને, સહરાના રણની ડમરીને બદલે આદર્શવાળું તરબતર અત્તર બનાવીને જ તેઓ છોડશે!'

આ એક આશ્ચર્ય છે કે પિતાની છત્રછાયા નાનપણમાં જ ગુમાવી સંઘર્ષના સમુન્દરો પાર કરતાં કરતાં શિખર-આરોહણ સુધીની પ્રબળ મહત્ત્વાકાંક્ષા સેવનાર વ્યક્તિ, ભાવનાપ્રધાન મૂલ્યોને અકબંધ રાખી શકે (સૌ. મંજુલાબહેનનો પણ આમાં ફાળો પાછળથી પણ પૂરો રહ્યો જ હશે). અભ્યાસકાળમાં મિત્ર અને શિક્ષક કેવા મળ્યા. દોસ્ત દયાળભાઈ માટે જમવા બેસે ત્યારે - એની જેમ જ - છ રોટલી બાકી રાખે! શિક્ષકમિત્ર બાલકૃષ્ણ જોશી પરીક્ષાનું ફૉર્મ મહેતાને અપાવવા પોતાની સાઇકલ શરાફઘેર ગિરવે મૂકે!

ટાઉનહૉલમાં ગરબાનો પ્રોગ્રામ પેખવા લેખકછાત્ર ગયા ને ટાઉનહૉલ બહાર એમની નવીનક્કોર સાઇકલ ગુમનામ!

આ સાઇકલ તો વિધવા માએ પોતાને હાથેથી સોનાની છેલ્લી બંગડી વેચીને અપાવી હતી - કોને કહેવું? પણ 'ભલાના ભગવાન' કહેવત લેખકના ફિરસ્તા સમા ગુરુજનો પ્રો. રણધીર ઉપાધ્યાય અને પ્રો. એ. જી. ભટ્ટસાહેબે સ્કૉલરશિપ - ફ્રીશિપ અપાવી સાચી પાડી! ('તસ્મૈ શ્રીગુરવે નમઃ' તે આનું નામ.)

'દુઃખ કે અબ દિન બિતત નાહી' એવું સાયગલગીત સાઇકલ પર ગાવાને બદલે ગરીબાઈના ગોરંભાને હટાવવા ટ્યૂશનો કરવા માંડ્યા. પણ રે કિસ્મત! બાળકો બહારગામ જતાં રહેલાં અને 'હાશ' કરવા જતા હતા ત્યાં શેઠના સસરાજી પધાર્યાને કહેવા લાગ્યા, 'છોકરાં બહારગામ છે, પણ તમારે બેસવાનું છે અને મારી સાથે નરસિંહ મહેતા અને મીરાંબાઈ વિશે વાતો કરવાની છે. દહાડો પાડવાનો નથી, સમજ્યા?' અને મહેતાજી સઘળું સમજી ગયા તે ગયા કાયમ માટે આવાં ટ્યૂશનો ના કરવાના દૃઢ નિર્ધાર સાથે! યુવા શિબિર સંચાલનનો અનુભવ પણ કેવો હતો? એક મંત્રીશ્રી નવ વાગ્યે દીપપ્રાગટ્યાર્થે આવવાને બદલે બપોરના એક વાગ્યે પધાર્યા અને 'જીવનમાં સમયપાલનનું મહત્ત્વ' ઉપર પ્રલંબ ભાષણ ઠપકારતા હતા ને ગરજુ કાર્યકર્તાઓ તાળીઓ પાડી પાડી આ દંભને પૂજતા હતા!

પરંતુ કાગડા બધે કાળામેશ નથી હોતા. કાલી ઘટાને જ રજત કોર હોય જ! પરમ મિત્ર પ્રિ. જયરામ પટેલ કાળુપુર સ્વામિનારાયણના આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી પાસે એક શિક્ષણસંસ્થા સંચાલનની વાત કરવા લઈ ગયા તો આચાર્યશ્રીએ આ ઉદ્ગારોમાં તેજ રેડેલું : 'તમારી તમામ શરતો મંજૂર, મારી એકે નહિ, તમે ભગવાનની સેવામાં જોડાઓ છો. ડર સંકોચ ના રાખશો.' પણ સજ્જનોની મુલાકાતે સંકટ-સંકોચ આવે તો ખરાં જ. ચંદ્રકાન્તભાઈએ ઉપકુલપતિપદ તજ્યું પછીના કાળમાં ખાલીપો આવી ઊભો ને ચિ. પિનાકીન - સૌ. શાલિનીની ચિંતાઓનું ગ્રહણ ઘેરી વળ્યું ત્યારે એક વેળાના નાયબ મુખ્ય મંત્રી અને પૂર્વે મહેતાના વત્સલ શિષ્ય નરહરિભાઈ અમીન આવી પહોંચ્યા ને બોલ્યાઃ 'પિનાકિન આજથી મારો નાનો ભાઈ!' અઋણ ક્યારે થવાશે?

**જન્મતારીખ - જન્મસ્થળ :**
૬-૯-૧૯૩૯, મુ. સરખેજ. જિ. અમદાવાદ.

**નામ-અટક :**
ચંદ્રકાન્ત મહેતા.

**પિતા-માતાનું નામ :**
પિતા : હરિશંકર મહેતા, માતા : મણિબહેન.

**મૂળ વતન :**
મુ. સરોડા, તા. ધોળકા. જિ. અમદાવાદ.

**ડિગ્રી-ઉપાધિ :**
એમ.એ., પીએચ.ડી., એલએલ.બી., પીજી ડિપ્લોમા ઇન જર્નાલિઝમ

**નોકરી કે વ્યવસાય :**
વ્યવસાય : શિક્ષણ, પત્રકારત્વ : પૂર્વ ઉપકુલપતિ : ગુજરાત યુનિવર્સિટી.

**લગ્નસાલ-લગ્નસ્થાન :**
ઈ.સ. ૧૯૬૬, લગ્નસ્થાનઃ અમદાવાદ.

**લગ્ન પૂર્વે 'પ્રેમ'ની અનુભૂતિ :**
પ્રણય પરિણયમાં પરિણમ્યો.

**પત્નીનું નામ અને શિક્ષણ :**
મંજુલા, બી.એ.

**સંતાન સંખ્યા :**
એક પુત્ર

**લગ્નબાહ્ય સંબંધ વિશેનો મત :**
'આ બૈલ, મુઝે સિંગ માર'ની સ્થિતિ.

**લગ્નસંબંધ વગર જ સ્ત્રી સ્વતંત્ર વિકાસ કરી શકે?**
સમાજ આડો ન ફાટે તો સરળતાપૂર્વક.

**સંયોગોના દબાણમાં પહેલો પ્રતિભાવ ક્યો - રુદન કે ક્રોધ?**
એનો આધાર તમે 'સાવજ' છો કે 'શિયાળ' એના ઉપર.

**પાઠ્યક્રમમાં જાતીય શિક્ષણ જરૂરી?**
મીડિયાની 'મુક્ત યુનિવર્સિટી' છતાંય?

**કુંવારું માતૃત્વ આવકાર્ય ગણો?**
એક કર્ણ પૂરતો નથી શું?

**સર્જનમાં કોઈ પ્રેરણામૂર્તિ હતી? છે?**
રવીન્દ્રનાથ ટાગોર અને સ્વામી વિવેકાનંદ.

**કૉન્ટૅક્ટ લેન્સ/ચશ્માં ખરાં? ગોગલ્સ કેવાં ગમે?**
ચશ્માં વાંચવા પૂરતાં, નખરાં નથી ગમતાં; પછી ચશ્માં પહેરનારની ક્વૉલિટી પર એનો આધાર.

**ચશ્માંથી લઘુતાગ્રંથિ થાય?**
ના.

**સૌંદર્યપ્રસાધનો વાપરો છો? ક્યાં ક્યાં?**
ના.

**હૅરડાઈ વાપરો છો? કઈ?**
હા. ટુ-ટોન.

**પ્રારંભકાળમાં કયા મુખ્ય લેખકો અને કઈ કૃતિઓનો પ્રભાવ સ્વીકારો છો?**
ટાગોર, વિવેકાનંદ, ગાંધીજી, મુનશી, પ્રેમચંદ, ર. વ. દેસાઈ.

**કેટલી ભાષાઓથી પરિચિત છો?**
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અંગ્રેજી.

**અંગત પુસ્તકાલયમાં કેટલી કિતાબો?**
૩૦૦. (૨૦૦૧માં પાંચ હજાર)

**સર્વપ્રથમ મૌલિક પ્રકાશિત કૃતિનું નામ.**
'ધીરે વહે છે ગીત' (કાવ્યસંગ્રહ).

**પ્રેરણા મહત્ત્વની કે પરિશ્રમ?**
કઠોર પરિશ્રમ.

**સવારે લખો કે મોડી રાત સુધી? ઉજાગરા ખેંચી શકો છો?**
જરૂરિયાત મુજબના સમયની ગોઠવણ, અલબત્ત.

**લેખન પૂર્વે અને પછીની મનોદશા?**
લેખન પૂર્વે પ્રશાન્ત, લખ્યા પછી પ્રસન્ન.

**અવાજો વચ્ચે, પ્રવાસ દરમિયાન કે એકાંતમાં લખવું ફાવે?**
એકાન્ત વધુ ગમે.

**લેખન માટે કોઈ ખાસ સ્થળવિશેષ?**
પ્રાકૃતિક સૌંદર્યના સ્થાનનું આકર્ષણ ખરું.

**લેખનપ્રસંગે ચા-કૉફી કે શરબતની ટેવ ખરી? કઈ બ્રાન્ડ પસંદ?**
ના.

**લખતી વખતે ચા-કૉફી જાતે બનાવી લેવાં પડે ત્યારે કેવું લાગે છે?**
અકાળે વિધુરત્વ જેવું!

**પર્ફ્યૂમ, પાન-મસાલાની આદત ખરી?**
'મન મહકે સંદલ-સા!'

**દારૂબંધી ગમે કે નહિ?**
'અબ ન રહે વો પીને વાલે, અબ ન રહી વો મધુશાલા.'

**કોઈ વાર સિગારેટ પીવાની ઇચ્છા થઈ છે ?**
ના.

**ભોજનમાં ક્યાં કઠોળ, ફરસાણ, અથાણાં ભાવે?**
કઠોળમાં વટાણા, ફરસાણમાં સમોસા, અથાણાંમાં ગોળકેરી.

**પોશાકમાં રંગવૈવિધ્ય પસંદ છે?**
હા.

**બૂટ, ચંપલ, સાબુ કઈ કંપનીનાં ને બ્રાન્ડનાં ગમે?**
બૂટ-ચંપલ 'બાટા'નાં, સાબુ લિરિલ.

**ઘરમાં અને બહારના પહેરવેશમાં રંગ પસંદગી? ખાદી પહેરવી ગમે?**
ઘરમાં બ્લૂ કલર, બહાર શ્વેત કલર. ખાદી એક જમાનામાં જાતે કાંતીને પહેરી હતી, ગાંધીજીના અવસાન પહેલાં.

**અલંકારો ને વસ્ત્રોની પસંદગી માટે સમય આપવો ગમે?**
ના. મિસિસ મહેતા ઝિંદાબાદ.

**લખતાં-વાંચતાં કોઈ અચાનક જ આવી ચઢે ત્યારે કેવું અનુભવો?**
ધનુર્વેદના સાધકને ભ્રમર ડંખ મારવા આવે તેવી સ્થિતિ.

**છેલ્લી નકલ પૂર્વે કેટલી વાર લખો છો?**
કલમને લંગડી-દાવ રમવાની છૂટ ન અપાય.

**પેન, બૉલપેન, ટાઇપરાઇટરમાંથી વધુ કયું પસંદ?**
આજ્ઞાંકિત બૉલપેન, પણ શ્યામ રંગ સમીપે ન જાવું, પછી તો 'રાધેશ્યામ'ની જેવી ઇચ્છા.

**આરંભે કયા સામયિકમાં કૃતિ પ્રકાશિત થવાથી હર્ષની લાગણી જન્મેલી?**
'સ્ત્રી'માં ૧૩ વર્ષની ઉંમરે નવનીત સેવકે એક લેખ છાપેલો ત્યારે.

**કઈ કઈ કૃતિઓથી કીર્તિ મળી? પુરસ્કારો?**
જવાબ અલગ કાગળમાં આપ્યા મુજબ.

**કેટલા સાહિત્યપ્રકારો, લેખનપ્રકારો, કાવ્યપ્રકારો અજમાવ્યા?**
કવિતા : ગીત-ગઝલ, ટૂંકી વાર્તા, નિબંધ, એકાંકી, ચરિત્રસાહિત્ય, બાળસાહિત્ય

**પ્રસિદ્ધ પુસ્તકોની સંખ્યા?**
ગુજરાતી તથા હિન્દી સહિત કુલ ૭૮.

**પ્રિય ત્રણ ભારતીય કળાકારો કે લેખકોનાં નામ.**
રવીન્દ્રનાથ ટાગોર, મુનશી પ્રેમચંદ, ગોવર્ધનરામ ત્રિપાઠી.

**ગમતા ત્રણ વિદેશી સર્જકો.**
શેક્સપિયર, એ. જી. ગાર્ડીનર, વર્ડ્ઝવર્થ.

**આપની પ્રતિષ્ઠિત યા પ્રિય કૃતિઓ?**
'ધીરે વહે છે ગીત', 'મન મધુવન', 'કેમ છે, દોસ્ત?' (વાર્તાસંગ્રહ), 'થોડુંક આકાશ, થોડીક ધરા' (નિબંધસંગ્રહ).

**અગત્યના ચાર વિવેચકોનાં નામ જેમણે આપની કૃતિનું મૂલ્યાંકન કર્યું હોય.**
ડૉ. ધીરુભાઈ ઠાકર, ડૉ. રમણલાલ જોશી, શ્રી મધુસૂદન પારેખ, અનંતરાય રાવળ, રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા.

**અપેક્ષિત પારિતોષિક ના મળે ત્યારે કેવી લાગણી અનુભવો છો?**
'સહજ મિલે સો દૂધ બરાબર!' અપેક્ષાજન્ય દુઃખોને આવકારવાની આદત નથી.

**પુરસ્કાર યા પારિતોષિક લેખન માટે ઉત્સાહ વધારે છે?**
ના.

**સાહિત્ય કે વિવેચન ઉપરાંત કઈ લલિતકળાઓમાં રુચિ? અન્ય કોઈ માધ્યમમાં કલાસર્જન કર્યું છે?**
નાટકમાં, ગીત-સંગીતમાં.

**સાહિત્ય ઉપરાંત ઇતિહાસ, નૃવંશશાસ્ત્ર, મનોવિજ્ઞાનમાં અથવા બીજી કઈ માનવવિદ્યાઓમાં રસ છે?**
સંસ્કૃતિ, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન.

**ગાયનમાં રસ ખરો? કયું વાજિંત્ર વગાડી શકો છો? બીજા શોખ?**
શ્રવણ પૂરતો. હૃદયવીણા. વાચન, લેખન, સમાજસેવા.

**ગમેલી એક ઉત્તમ ફિલ્મ અને એક નાટકનું નામ?**
'દો આંખે, બારહ હાથ' - વ્હી. શાંતારામ, 'કુમારની અગાશી'

**પ્રિય નટ, નિર્દેશક, સંગીતકાર, કૅમેરામૅનનું એક-એક નામ.**
નટ : પ્રવીણ જોશી, નિર્દેશક : સત્યજિત રે, ગાયક : મૂકેશ

**આકાશવાણી પર કાર્યક્રમો આપ્યા છે?**
હા, વાર્તાલાપ, હિન્દી શિક્ષણપાઠ, ઇન્ટરવ્યૂ.

**સિનેમા, ટીવી, વીડિયો જેવા હૉટ માધ્યમના આક્રમણથી સાહિત્યસર્જનનો પ્રભાવ ભવિષ્યમાં ઘટશે?**
માધ્યમોનો પ્રભાવ ભરતી-ઓટ જેવો છે. સાહિત્યસર્જન પાસે ચિરંજીવિતાનું વરદાન છે. સાહિત્યનો પ્રભાવ અજર-અમર રહેશે.

**કમ્પ્યુટર વિશેનું મંતવ્ય:**
માણસ ટૅક્નૉલૉજીનો ગુલામ બનશે, તો અખતરો 'ખતરો' સાબિત થશે.

**વાંચન માટે વખત બચે છે?**
હા. દરરોજ બે-ત્રણ કલાક વાંચવાની આદત.

**ટીવી પર ઝળકવાની ઇચ્છા છે?**
કારકિર્દીને ઝરૂખેથી, પ્રશ્નમંચ જેવા અમદાવાદ દૂરદર્શનના કાર્યક્રમોના આરંભકર્તા. કાવ્યવાંચન, વાર્તાલાપ, ચર્ચા વગેરેમાં સક્રિય સામેલગીરી.

**બે ગમતી ટીવી સીરિયલો. :**
-

**બાધા, આખડી, માનતામાં આસ્થા ખરી? ઉપવાસ, વ્રત એકટાણાં કરો છો?**
ના.

**જાતે પાઠપૂજા કે વિધિ કરો ખરા?**
માત્ર ગણપતિ સ્મરણ, પ્રાર્થના.

**સ્વદેશ-વિદેશમાં, પર્યટનો-પ્રવાસો અને તીર્થાટનો કેટલાં થયાં?**
નૈરોબી (પૂર્વ આફ્રિકા), લંડન (યુ.કે.), ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લેન્ડનો પ્રવાસ એક વાર. પ્રવાસ નિમિત્તે તીર્થાટન.

**કયું વાહન વાપરો છો?**
કાર.

**યાદગાર અકસ્માત.**
અલગ કાગળમાં દર્શાવ્યાં મુજબ.

**ઈશ્વર, દેવ, ગુરુ, ગ્રંથ પર વિશ્વાસ ખરો?**
ચારેયમાં.

**પ્રતિષ્ઠાદર્શન કે સામાજિક કુરૂઢિનું ખંડન કર્યાનો એક દાખલો?**
જીવનસાથીની પસંદગી જાતે કરી.

**વર્ણાશ્રમવ્યવસ્થા અંગેની માન્યતા?**
માણસને માણસથી અલગ કરે તેવી વ્યવસ્થા પ્રત્યે આક્રોશ.

**જાહેર કે ગુપ્તદાન કરવામાં રુચિ ખરી?**
ગુપ્તદાનની વિશેષ. માતાની સ્મૃતિમાં બાલમંદિર અને પુસ્તકાલય માટે દાન.

**લેખક તરીકેની પ્રતિબદ્ધતા કઈ જાતની?**
આદર્શોન્મુખ યથાર્થ.

**દૈનિકો-સામયિકોનાં વાંચનનું આપના રોજિંદા ક્રમમાં કેવું સ્થાન? ગમતાં દૈનિક-સામયિકનું નામ.**
પસંદગીનાં દૈનિકો, સામયિકો વાંચન. ગુજરાત સમાચાર, સંદેશ, સમકાલીન, ફૂલછાબ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, હિન્દુ, નવભારત ટાઈમ્સ, અખંડાનંદ, પરબ, ઉદ્દેશ, ઈન્ડિયા ટુડે.

**તંત્રી તરીકેનો યા સામયિક સંપાદનનો અનુભવ.**
હા. 'પથબંધુ' સાપ્તાહિકના મુખ્ય સંપાદક.

**એક જ પ્રેરક અવતરણ આપવાનું હોય તો કયું?**
'મોત આવે તે છતાં મરવું નથી, જિંદગી! તારા થકી ડરવું નથી!'

**આપને ભાવિ જગત કઈ રીતે સ્મરે તો ગમે?**
એક સાચુકલા ઈન્સાન તરીકે.

**સંપર્ક માટે સરનામું :**
ડૉ. ચંદ્રકાન્ત મહેતા,
૧૬, હેવનપાર્ક, રામદેવનગર પાસે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫.
ફોનઃ ૨૬૯૨૯૨૯૧.

**હસ્તાક્ષર :**

(૧૩-૧-૨૦૦૨)

# પતિ મારા પરમેશ્વર
## - મંજુલા મહેતા

એક ભક્તને ઈશ્વરનો પરિચય આપવાનું કહેવામાં આવે ત્યારે જેવી વિટંબણા તેના મનમાં થાય તેવી જ વિટંબણા ડૉ. ચંદ્રકાન્ત મહેતાસાહેબ વિશે કાંઈક લખતાં મને થાય છે.

जिसे पतिव्रत जैसा साधन मिल गया है, उसे किसी साधन की आवश्यकता है ? इसमें सुख, संतोष और शांति सब कुछ है। – प्रेमचंदजी

બસ, મારા જીવનમાં પણ મને આવું જ એક વ્રત મળી ગયું, ૧૯૬૬માં જ્યારે હું ડૉ. ચંદ્રકાન્ત મહેતાસાહેબની ધર્મપત્ની બની. (પહેલેથી જ હું એમને મહેતાસાહેબના નામથી સંબોધું છું.) મહેતાસાહેબ વિશે લખવા બેઠી છું. શું લખું, શું ના લખું? મહેતાસાહેબના અભિનંદન ગ્રંથમાં અનેક મહાનુભાવોએ મહેતાસાહેબ વિશે લખ્યું છે. મહેતાસાહેબને સૌએ મન ભરીને પોંખ્યા છે. તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વ વિશે ઉત્તમ વાતો કરી છે. મહેતાસાહેબને એક શ્રેષ્ઠ ગુરુ, આદર્શ પત્રકાર, ઉત્તમ સાહિત્યકાર, મંગલમય કટારોના લેખક, સાચા શિક્ષણકાર, પ્રખર વિદ્વાન, ઉત્તમ મિત્ર, શ્રેષ્ઠ વક્તા, સાત્ત્વિક મૂલ્યો ધરાવતા, યુવાનોના પથદર્શક, ભર્યાભર્યા હૃદયવાળા, સૌના શુભચિંતક, ઉચ્ચ ધ્યેયને વરેલા, તેજોમય પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા મહેતાસાહેબના આ બધાં પાસાંઓને લોકો સમક્ષ પ્રસ્તુત કરીને ધન્ય બનાવી દીધા છે.

મહેતાસાહેબ વિશે તેમના અભિનંદન ગ્રંથ દ્વારા આપ સૌને જ જાણવા અને માણવા મળ્યું એમાં મારે એક ઉમેરણ કરવાનું છે. **મહેતાસાહેબ એક ઉત્તમ પતિ પણ છે.** વ્યક્તિના જીવનમાં પરિવાર બહુ મહત્ત્વનો ભાગ ભજવતો હોય છે. મહેતાસાહેબ પરિવારપ્રિય માણસ છે. તેઓએ પોતાના પરિવારની હંમેશાં ખૂબ જ કાળજી લીધી છે. સૌને આશ્ચર્ય થાય તેવી વાત છે કે મહેતાસાહેબ ક્યારેય મને દૂભવી નથી. મારી આંખમાં આંસુ આવવા દીધાં નથી. કોઈ વસ્તુની મને તકલીફ પડવા દીધી નથી. મારા પિયરપક્ષના પરિવારને પણ એમણે એટલી જ ઈજ્જત અને માન આપ્યું છે.

નાની વયે પિતાની શીળી છાયા ગુમાવ્યા છતાં તેઓ હિંમત ન હાર્યા. પોતાની માતા માટે ઉત્તમ પુત્ર સાબિત થયા. ત્રણ બહેનોનો એક જ ભાઈ. બહેનો પ્રત્યે પણ તેમણે ખૂબ જ પ્રેમથી બધી જ ફરજો બજાવી અને બજાવી રહ્યા છે. બોલવામાં ઓછું અને કરવાનું વધારે એ એમનો સ્વભાવ છે.

તેમણે હંમેશાં પરિવારના સૌ સભ્યોનો વિચાર કર્યો છે, પોતાની જાતનો ક્યારેય નહીં. તેમના જીવનમાં બે-ત્રણ વાર આવેલી ગંભીર બીમારીમાંથી ઈશ્વરે તેમને ઉગારી લીધા છે. જેના પર ઈશ્વરના ચાર હાથ હોય તેનો વાળ વાંકો કેવી રીતે થાય? સ્વ. માતુશ્રી મણિબા તથા સ્વ. પિતાશ્રી હરિશંકર મહેતાના વહાલસોયા આ પુત્રનું રક્ષણ કરનાર ઈશ્વરનો ખૂબ ખૂબ આભાર.

૧૯૬૬માં અમારાં લગ્ન થયાં. ત્યારથી અત્યાર સુધી મહેતાસાહેબે જીવનમાં જે સંઘર્ષો વેઠીને પોતાનો વિકાસ કર્યો તેની હું સાક્ષી છું. મર્યાદિત આવકમાં પરિવાર ચલાવવાનું મુશ્કેલ કામ તેઓ હસતા મોઢે પાર પાડતા. પોતાને ગમે તેટલી તકલીફ પડે, પણ પરિવારના એક પણ સભ્યને તકલીફ ન પડવી જોઈએ. એવો અનન્ય એમનો કુટુંબપ્રેમ. બાળપણમાં જ પિતા ગુમાવ્યા હતા અને દરિયાપુરમાં આવેલી અચરતલાલ ગિરધરલાલ બૉર્ડિંગ જ્યાં મફત રહેવા-જમવાની સગવડ મળતી હતી, ત્યાં રહીને અભ્યાસ કર્યો હતો. એની અસર તેમના સ્વભાવ પર પડેલી. સ્વભાવે તેઓ ખૂબ જ કોમળ, લાગણીશીલ અને પરગજુ. મ્યુનિસિપલ શાળામાં શિક્ષક થયા. આવક ઓછી, જવાબદારી વધારે, છતાં બીજા કોઈને કાંઈ પણ મુશ્કેલી હોય તો તેઓ હંમેશા મદદ કરવા તત્પર રહે. ફીના કારણે કોઈ પણ ગરીબ વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડવો જોઈએ એવું દૃઢપણે માને. પાસે પૈસા ન હોય તો ઉછીના લઈને પણ ગરીબ વિદ્યાર્થીને મદદ કરે. આવો કરુણાશીલ તેમનો સ્વભાવ આજે પણ એવો ને એવો જ રહ્યો છે. જરૂરતમંદને મદદ કરવા દોડી જઉં અને તે વ્યક્તિને જરા પણ ભાર ન લાગે તેવી રીતે તેનું કાર્ય પાર પાડવું એ મહેતાસાહેબની એક ખૂબી છે.

મહેતાસાહેબની વિકાસયાત્રાનું મૂળ તેમની હિંમતમાં રહેલું છે. ગમે તેવા કપરા સંજોગોમાં તેઓ હિંમત હાર્યા નથી. ઇચ્છાશક્તિ, મુશ્કેલીમાં પણ વિજયનો માર્ગ શોધવાની વિચક્ષણતા, કાર્યમાં આવતાં વિઘ્નોથી ડર્યા વગર પોતાના લક્ષ્યમાં અવિચળ રહેવું, વાવ્યા જ કરવું ને લણવાનો વિચાર સુધ્ધાં પણ ન કરવો. સ્પષ્ટ ધ્યેય, દૃઢ નિશ્ચય, આ બધાં પરિબળોએ તેઓના વિકાસના પાયાને મજબૂત બનાવ્યો છે. **દ્રવ્ય વગર પણ શ્રીમંત બની શકાય છે, તે તેમણે સિદ્ધ કરી બતાવ્યું છે, ઈજ્જ કમાઈને.** મહેતાસાહેબ માને છે કે ઈશ્વરે તમને જે રૂપમાં - જે સ્થિતિમાં મૂક્યા છે ત્યાં તમે ઉત્તમ કાર્ય કરો. એક પતિ હો તો ઉત્તમ વળી બનો, ઉત્તમ પુત્ર બનો, જો તમે શિક્ષક હો તો ઉત્તમ શિક્ષક બનો; જે કાંઈ કાર્ય કરો તેમાં ખૂંપી જાવ, જાન લગાવી દો... સફળતા તમારા પગ ચૂમવાની જ છે.

મહેતાસાહેબે પોતાના શિષ્યોને પિતાતુલ્ય પ્રેમ આપ્યો છે તેની હું સાક્ષી છું. વડીલોને આદર-સન્માન, નાનેરાંને વહાલ અને સમવયસ્કોને તેમણે હંમેશાં પ્રેમ અને સહકાર આપ્યો છે.

મહેતાસાહેબ હંમેશાં કહેતા હોય છે કે ઈશ્વરે આપેલી ક્ષણેક્ષણનો ઉપયોગ કરો. તેઓને કામ કરતા જોઈને આપણે થાકી જઈએ, પણ તેમને થાક ન લાગે. વાંચન અને લેખન તેમનાં બે પ્રિય કામ છે. ઘણાને સાચું નહીં લાગે, પણ જ્યારે મહેતાસાહેબનું માથું દુખતું હોય ત્યારે તેઓ અઘરામાં અઘરું પુસ્તક લઈને વાંચવા બેસે ત્યારે તેમને માથાનો દુખાવો ગાયબ થઈ જાય.

હંમેશાં બધાનું ભલું ઇચ્છનાર મહેતાસાહેબને પણ વડીલોના આશીર્વાદ, સ્નેહીઓનો સ્નેહ, સ્વજનોની લાગણી, વિદ્યાર્થીઓ તરફથી આદરસન્માન, મહાનુભાવો તરફથી મળતો અનન્ય પ્રેમ - આ બધું મળ્યું છે તે ઈશ્વરના આશીર્વાદ સમાન છે.

મહેતાસાહેબ કોઈ સાથે વેરઝેર રાખવામાં માનતા જ નથી. ઘરમાં કોઈ વિશે કોઈ ઘસાતું બોલે તો મહેતાસાહેબ તરત જ રોકી દે. હા, એમને કહેવું હોય તે મોઢે કહી દે, પાછળ કદી નહીં અને ગુસ્સો નીકળી ગયા પછી બધું ભૂલી જવાનું. વ્યક્તિનો મોટામાં મોટો ગુનો પણ માફ. મહેતાસાહેબ ગુસ્સે થાય પણ તેનું કારણ વાજબી જ હોય. તેમને અવ્યવસ્થા, જૂઠાણું, બહાનાંબાજી અને આળસ; આ બધા પ્રત્યે ભારે ચીઢ છે. ક્યારેક આવા કોઈ કારણસર ગુસ્સો આવે, પણ ક્ષણિક ઊભરો આવીને શમી જાય. પછી સામેની વ્યક્તિને દુઃખ થયું હોય તેનાથી વધારે દુઃખ તેમને પોતાને થાય; તેવું ઋજુ હૃદય ધરાવે છે. આપણને સૂર્ય ગમે છે, તો તેનો તાપ સહન કરતાં પણ શીખવું જોઈએ. મહેતાસાહેબ આકાશના સૂર્ય સમાન છે, જે સમગ્ર જગતને પ્રકાશનું દાન કરે છે.

પરિવારમાં અમારે એક પુત્ર પિનાકિન જે ઇસરોમાં સાયન્ટિસ્ટ છે. અમારી પુત્રવધૂ સૌ. શાલિની અને પૌત્ર ચિ. સિદ્ધાંત. પિનાકિન B.E. Electronics અને MBA with Finance છે. ઇસરોમાં ઉચ્ચ હોદ્દા પર છે, પણ આજ સુધીમાં ક્યારેય પિનાકિને તેના પપ્પાનો બોલ ઉથાપ્યો નથી. એ અમારું સદ્ભાગ્ય છે કે ઈશ્વરે અમને આવો પ્રેમાળ-લાગણીવાળો પનોતો પુત્ર આપ્યો. શાલિની તો અમારી પુત્રી છે, પુત્રવધૂ નહીં. મહેતાસાહેબ અને મેં એને

હંમેશાં પુત્રી સમાન સ્નેહ અને વાત્સલ્ય આપ્યાં છે અને શાલિની પણ તેનાં મમ્મી-પપ્પાથી અમને જરા પણ અલગ ગણતી નથી અને અમારો લાડકો પૌત્ર ચિ. સિદ્ધાંત પણ ખૂબ જ ભાગ્યશાળી છે. તેને મહેતાસાહેબ જેવા વહાલના દરિયાસમાન ગૌરવપૂર્ણ દાદાની શીળી છાયામાં તૈયાર થવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.

મહેતાસાહેબ 'કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ'માં માનનારા છે. બોત્તેર વર્ષની ઉંમરે પણ તેઓ ૧૮ કલાક કામ કરી શકે છે. એમનું માનવું છે કે કાર્ય કરવાની ઇચ્છાશક્તિ બળવાન હોય તો થાક બાપડો બની આપણાથી દૂર ભાગી જાય છે.

મહેતાસાહેબનાં પુસ્તકો અને કટારલેખોમાં યુવાનો, વડીલો અને ખાસ કરીને નારીસન્માનની વાતો વિશેષ જોવા મળે છે અને હકીકતમાં જીવનમાં તેમણે આ ચરિતાર્થ પણ કર્યું છે. ૧૯૬૬માં જ્યારે બહુ જ ઓછી બહેનો જૉબ કરવા બહાર નીકળતી ત્યારે તેમણે મને જૉબ કરવાની પરમિશન આપી. કસ્ટમ્સ અને એક્સાઇઝ ડિપાર્ટમેન્ટમાં ઇન્સ્પેક્ટરની પોસ્ટ માટેની પરીક્ષાઓ તેમને મને અપાવી. પરીક્ષાની તૈયારીમાં પણ મને મદદ કરી. હું તે પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ અને કસ્ટમ્સ ઍન્ડ સેન્ટ્રલ એક્સાઇઝ ડિપાર્ટમેન્ટમાં જોડાઈ. પૂરાં આડત્રીસ વર્ષ મેં જૉબ કરી. ડિપાર્ટમેન્ટમાં ઉત્તરોત્તર પ્રમોશન દ્વારા પ્રગતિ કરી. એક્ઝિક્યુટિવ જૉબમાં ઓફિસ અવર્સનું કાંઈ નક્કી નહીં. ફિલ્ડમાં જવાનું થાય, રેડમાં જવાનું થાય. ઘણી વાર બબ્બે દિવસ પણ થઈ જાય, પણ મને મહેતાસાહેબનો પૂરો સપોર્ટ મળ્યો. ઘરના કામની ચિંતામાંથી મને મુક્ત કરી દીધી. કામ માટે ચોવીસ કલાકની કામવાળી બાઈ રાખી લીધી. મેં મન દઈને પૂરી ઈમાનદારીથી મારી ફરજ નિભાવી અને ડિપાર્ટમેન્ટમાં પણ નામના મેળવી. મહેતાસાહેબનો સપોર્ટ ન હોત તો આ બધું શક્ય બનત ખરું ? અને મારાં માતા જેવાં સ્વ. સાસુમા મણિબાએ ચિ. પિનાકિનને મોટો કર્યો અને ઘરની કાળજી લીધી. એમનો ઉપકાર પણ ભુલાય તેવો નથી. એમના આશીર્વાદથી મહેતાસાહેબ આજે આટલી પ્રગતિ કરી શક્યા છે.

પહેલાંના જમાનામાં 'પતિ એ જ પરમેશ્વર'ની ઉક્તિ પ્રચલિત હતી, તે મારા માટે આજે પણ પ્રાસંગિક છે. ઉત્તમ પતિના બધા જ ગુણો મહેતાસાહેબમાં ઉપલબ્ધ છે. મને ઘણી વાર થાય કે શું એક જ વ્યક્તિમાં આટલા બધા ગુણો એકસાથે હોઈ શકે ખરા? હા, અમારા મહેતાસાહેબને ઈશ્વરના આશીર્વાદ સ્વરૂપે આ બધું મળ્યું છે. હું તેમને માન, સન્માન અને અહોભાવની દૃષ્ટિએ નીરખું છું. હું મારી જાતને ખૂબ ખૂબ ખૂબ જ ભાગ્યશાળી માનું છું. સૌની શુભેચ્છાઓ અને આશીર્વાદથી મહેતાસાહેબ તંદુરસ્ત દીર્ઘાયુ ભોગવે અને ઈશ્વર મને તેમની સેવા કરવાનો મોકો આપે એ જ ઈશ્વરને પ્રાર્થના.

અસ્તુ

# દાદાજી

## - સિદ્ધાંત(પૌત્ર)

કમર સીધી મસ્તક ઊંચું
જુઓ મારા દાદાજી
આખો દિવસ કામ જ કરતા
નથી થતા 'રિટાયર'જી.
ધોતી ઝભ્ભો કદી ન પહેરે
શૂટમાં શોભતા દાદાજી,
આંખો એમની નેહ નીતરતી
જાણે વહાલનો દરિયોજી
સત્યપાલનનો આગ્રહ રાખે,
વચનપાલનના પક્કાજી,
આળસ એમનો જાની દુશ્મન,
કામને ઈશ્વર ગણતાજી.
વિનય વિવેક સૌને શીખવાડે,
આદર સૌને આપેજી.
પુસ્તક એમનો પ્રાણ છે ને,
લખાણ એમનો શ્વાસજજી
જ્ઞાનના ભંડાર એ તો
અનુભવોના સાગરજી.
હૈયું એમનું હિમાલય જેવું,
સ્વભાવે કરુણા સાગરજી,
આવા મારા દાદાજી
એ તો અમારા ઘરના રાજાજી,
સૌથી ન્યારા, સૌને પ્યારા
ઓળખ્યા મારા દાદાજી?
નામ છે ચંદ્રકાન્ત મહેતાજી.

**સિદ્ધાંત**
(પૌત્ર)

# એક પ્રગટ સારસ્વત : ડૉ. ચન્દ્રકાંત મહેતા
## - પ્રો. ઈશ્વર પરમાર

આદરણીયશ્રી ચંદ્રકાન્તભાઈ,

॥ રામ ॥

"ત્રિવેણીમાં ગંગા અને જમુના પ્રગટ છે, પરંતુ સરસ્વતી ગુપ્ત છે. આજે એક સારસ્વત તરીકે તમને પ્રત્યક્ષ જોઈને લાગ્યું કે સરસ્વતી પણ પ્રગટ થઈ. આજે રાષ્ટ્રને સરસ્વતી પ્રગટ થઈને બધાને પ્રભાવિત જ નહીં, પરંતુ પ્રકાશિત કરે એની ખાસ જરૂર છે.

મારી પ્રસન્નતા.

પ્રભુપ્રાર્થના.

શુભ સ્મરણ સાથે...."

તા.૧૮-૬-૨૦૦૦ **- મોરારિબાપુ**

પોતાની સરસ્વતી વાણી થકી સૌ કોઈને પ્રસન્ન કરતા સર્વપ્રિય સંત મોરારિબાપુ જેમના થકી પ્રસન્ન થયા તે સારસ્વતની જીવન-સાધના અદ્‌ભુત અને પ્રેરક છે. 'કેમ છે દોસ્ત !' કહીને યુવાનો સાથે 'ગુફ્તેગો' કરતાં-કરતાં તેમના ડામાડોળ ચિત્તમાં ચેતનાની 'ચિનગારી' મેલતા રહેતા આ સારસ્વત તેમને જીવનમાં સફળ થવા માટે, પોતાની જેમ સંઘર્ષ કરવા પ્રેરે છે. આવું પ્રેરક શિક્ષણ તેઓ પાંચ દાયકાથી પણ વધુ સમયથી આપતા રહ્યા છે - શબ્દોના માધ્યમ દ્વારા તેમનું વક્તવ્ય પ્રભાવક. લેખન પણ તેવું જ. આવા સાહિત્ય અને શિક્ષણના સિતારા છે - ડૉ. ચંદ્રકાન્ત મહેતા.

હાલમાં અમદાવાદ ખાતે હેવન પાર્કમાં - સ્વર્ગ સમા ઉદ્યાનમાં - સપરિવાર વસતા આ સારસ્વતનો જન્મ સને ૧૯૩૯ની છઠ્ઠી ઑગસ્ટે થયો. વતન : સરોડા (તા.ધોળકા, જિ.અમદાવાદ). એ ગામની વસ્તી માંડ ત્રણ હજારની હશે. માતા મણિબા અને પિતા હરિશંકર. એમને સંતાનોમાં ત્રણ દીકરીઓ શાન્તાબેન, સવિતાબેન અને વિમળાબેન અને દીકરો 'બાબુ' એટલે ચંદ્રકાન્ત.

મણિબા સ્વભાવે ધાર્મિક, ધીરજવાળાં ને મજબૂત મનનાં હતાં. પિતા હરિશંકર ઊંડા આસ્થાવાન, સારા આખ્યાનકાર. અશ્રુધારા સાથે એમણે વહાવેલા એમના અનેકવિધ આખ્યાનોને અંતે ગ્રામજનો આ ભજન ભાવપૂર્વક ઝીલતા :

**"હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે,**
**જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ-વાણી રે..."**

આ વત્સલ પિતાએ પોતાના સંતાનોને દશમ-સ્કંધ અને મહાભારતના પસંદ કરેલા કેટલાક પ્રસંગો હેતપૂર્વક ચખાડ્યા હતા. આવી વાર્તાઓ સાંભળવામાં બાબુને રસ વિશેષ.

બાબુ જ્યારે એક વરસનો હતો, ત્યારે એને ભારે બળિયા નીકળેલા. સૌ ચિંતાતુર. આ ગંભીર માંદગીમાંથી કુમળા બાળકને ઉગારી લેવા માતા-પિતાએ ખૂબ દોડધામ કરી. તેમાં વળી કોઈએ બળિયાદેવની બાધા રાખવાનું સૂચવ્યું. એ બાધા માનીને, માથે સળગતી સગડી અને મોઢામાં ખાસડું રાખીને ઉઘાડા પગે મણિબા બળિયાદેવના દર્શને જઈ આવ્યાં ! આવી એ હેતાળ માને એકવાર પિતાએ તમાચો ઝીંકી દીધેલો ! બન્યું એવું કે આઠ વરસના બાબુથી, તેની જોડે રમતા મોહનિયાનું ટી-શર્ટ ફાટી ગયું. કોઈને આવું નુકસાન કેમ કરાય ? ફરી વાર આવું થાય નહીં તે માટે બાળકને પાઠ ભણાવવા તેની પાછળ મણિબાએ દોટ કાઢી. બાબુ આગળ, માતા પાછળ. ગભરાયેલો બાબુ નિસરણી ઊતરવા ગયો ને ત્યાંથી ભોંય પર પટકાયો ! જરાકમાંથી જબરું થઈ ગયું : બાબુને લોહીની ઊલટીઓ થઈ ને કાનમાંથી લોહી વહેવા માંડ્યું !

પિતા હરિશંકર આવું અણધાર્યું દેખીને તરત તો હેબતાઈ ગયા ને પછી દુર્ઘટનાનું કારણ મણિબાને માની લઈને એમને ગાલે તમાચો ઝીંકી દીધેલો ! બેભાન બાબુને અમદાવાદની વી.એસ.હૉસ્પિટલમાં પહોંચાડ્યો. અહીં બાબુ ઓગણત્રીસ દિવસ બેહોશ રહ્યો. અતિશય ચિંતાતુર પિતાએ ડૉક્ટરના પગ પકડી લીધા. ડૉક્ટરે છેલ્લી કોશિશરૂપે તેમને સો રૂપિયાનું મોંઘુંદાટ ઈન્જેક્શન લખી આપ્યું. એ પ્રિસ્ક્રિપ્શન લઈને પિતાએ ઉઘાડા પગે દોટ મૂકી ઈન્જેક્શન ખરીદ્યું. ડૉક્ટરને ધ્રૂજતા હાથે આપ્યું. આ છેલ્લી કોશિશ સફળ થઈ - બાબુ કૉમામાંથી બહાર આવ્યો.

નવજીવન પામ્યાની આ ઘટનાને માંડ વરસ વીત્યું ત્યાં ચોથી ચોપડી ભણતા નવ વરસના બદનસીબ બાબુ અને પરિવાર પર આફતના કાળાંડિબાંગ વાદળ છવાઈ ગયા. એ સમયે મણિબા તો ગયા હતા નાની બહેનની દવા કરાવવા અમદાવાદ ને આ તરફ પિતાને કાળનું તેડું આવ્યું. તેઓ લવરીએ ચડ્યા : 'યમદૂતો આવ્યા છે.... આ બ્રાહ્મણના જીવને કાલે સવારે લઈ જવાના છે.... મારા દીકરાનું શું થશે.... કુંવારી બહેનોના લગ્નની જવાબદારી એ કેવી રીતે ઉઠાવશે.... યમદૂતો આવ્યા છે....'

એ વખતે પિતાની ચાકરીમાં માંડ તેર વરસની મોટી બહેન શાન્તા અને નાનકડો બાબુ. બન્ને ડરના માર્યા થરથરતાં હતાં. પડોશનાં ચંચળબા એ બન્નેને દિલાસો દેતા રહ્યાં પણ થવાનું હતું તે થઈને જ રહ્યું ! પિતાએ ચિરવિદાય લઈ લીધી. માસૂમ બાળકોએ જોવી પડી પ્યારા પિતાની ભડભડ સળગતી ચિતા ! ગરીબ બ્રાહ્મણ-પરિવારની જીવનછાયા સંકેલાઈ ગઈ (૧૯૪૯). હવે વિધવા થયેલ મણિબાના કાળાભમ્મર વાળ મગન વાળંદે અસ્તરાના ઝાટકે ઊતારી દીધા ! માતાનું કરુણ કલ્પાંત : 'ઓ...શિ...યા...ળા... અવતારમાં આ બાબુડાને... કેમ ઉછેરીશ ?' ઓશિયાળી આ માતાએ પોતાના બાળકોને ઓશિયાળાં ન થવા દેવાનો અપ્રકટ નિર્ધાર કર્યો. બાળકોને ભણતા રાખ્યાં. ચોથા ધોરણમાં ભણતા બાબુની શાળામાં જે પ્રાર્થના ગવાતી તે ઘરમાંય ગુંજતી :

**'એક જ દે ચિનગારી, મહાનલ ! એક જ દે ચિનગારી !**
**ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી, મહાનલ.'**

માતાને ધીરજ બંધાવવાના હેતુથી દસ વરસના બાબુએ નવાપુરા ગામના 'બાળગોરમારા'જ તરીકેની ફરજ અપનાવી લીધી. આ ગોરા ને ગટિયા ગોરમા'રાજ ધોતિયું-ખમીસ પહેરતા ને કપાળમાં વૈષ્ણવી તિલક કરતા. કંઠવગા બે-પાંચ શ્લોકો ગગડાવીને ગ્રામજનોને સરવણી કરી આપે ને બાળ વર-વધૂને ફેરા પણ ફેરવી આપે - બે'ક વાર તો બાળગોરમા'રાજે ફેરા ઊંધા ફેરવેલા ! એમણે કર્મકાંડમાં સાથી તરીકે અનુભવી વાળંદ શાંતિભાઈને પસંદ કરેલા, કેમ કે બીજા કોઈને પાર્ટનર તરીકે રાખે તો અડધોઅડધ રકમ અમથી જતી કરવી પડે !

આમ, દસ વર્ષની વયથી બાબુએ Earn and Learn - 'કમાઓ અને ભણો'નું સૂત્ર અપનાવી લેવું પડ્યું. સરોડા ગામની પ્રાથમિક શાળાના આચાર્ય નારણભાઈ પટેલ ખુમારીવાળા વિદ્યાપ્રેમી શિક્ષક હતા. એમના પ્રોત્સાહને બાબુને પાંખો આપી. પછી કેલિયાવાસણાની શાળામાં ભણીને એણે સાતમું ધોરણ સારી રીતે પાસ કર્યું. પરિવારને થયો પ્રશ્ન : બાબુને આગળ ભણાવવો કે કેમ ? એના ભખભખ થતા ભણવાના એન્જિનમાં કોલસા ઓરવા કેમ ?

સદ્ભાગ્યે અમદાવાદ ખાતેની અચરતલાલ ગિરધરલાલ ધર્માદા બૉર્ડિંગની ભાળ મળી. અહીં ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓને વધુ અભ્યાસ માટે નિઃશુલ્ક પ્રવેશ અપાતો હતો. એમાં પ્રવેશ મેળવવા માટે આશા અને અરમાનના ઘડુલા સાથે બાબુ - ચંદ્રકાન્ત મહેતા - એ બૉર્ડિંગની ઑફિસે જઈ ઊભો. એની હકીકત જાણીને મૅનેજરે કહ્યું : 'અહીં આઠમાં ધોરણના વિદ્યાર્થીને પ્રવેશ અપાતો નથી. મૅટ્રિક પાસ કરીને આવજે.' ચંદ્રકાન્તના આશા અને અરમાનના બન્ને ઘડુલો જાણે ભોંય પર

પડીને વેરણછેરણ થઈ ગયો ! એ કિશોર રડી પડ્યો. તત્કાળ તો એણે પોતાને ગામ પાછા આવવું પડ્યું; પણ એણે મૅનેજરનો સંપર્ક છોડ્યો નહીં. એ કિશોરની ધગશ જોઈને છેવટે મૅનેજરે તેને અપવાદ ગણીને પ્રવેશ આપ્યો. તેની રહેવા-જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક થઈ ગઈ ! (આ ગાળે તેર વરસની વયના ચંદ્રકાન્ત મહેતાની પ્રથમ કૃતિ 'સાહિત્ય અને સમાજ' નામે 'સેવક' સામયિકમાં પ્રસિદ્ધ સાહિત્યકાર નવનીત સેવકે પ્રસિદ્ધ કરી હતી. ચૌદમા વર્ષથી તો એ કિશોરે કાવ્યરચના કરવા માંડેલી !)

બૉર્ડિંગમાં પ્રવેશ (૧૯૫૩) મળી ગયાના ખબર માતાને ચંદ્રકાન્તે ઉમંગભેર આપ્યા, પરંતુ પોતાના એકમાત્ર પુત્રને આંખોથી અળગો કરવાનું માતાને ખૂબ વસમું લાગ્યું. આમ છતાં પુત્રના અને પરિવારના ભાવિ હિતને ખાતર રજા આપી. તેને બગલથેલો તૈયાર કરી આપ્યો. થેલામાં મૂકી સુખડી, ઢેબરાં ને થોડાં કપડાં. એના એક હાથમાં છત્રી આપી અને બીજા હાથમાં પોતાને હાથવગા હતા એટલે રૂપિયા આપ્યા - ત્રણ !

લીલા રંગનું ખમીસ અને પટ્ટાવાળો લેંઘો પહેરેલા બાબુએ - ચંદ્રકાન્તે - અમદાવાદ પહોંચીને બૉર્ડિંગમાં ધામો નાખ્યો. બૉર્ડિંગમાં શાક અને ભાત લિમિટેડ મળતા. બીજીવાર ભાત પીરસાતા નહીં. આ ગામઠી કિશોરને, તેના ભણતરને ખાતર, બીજા સિનિયર છાત્રોએ જમવામાં જાળવી લીધો; ઉપરાંત તેઓ આપસમાં ફાળો એકઠો કરીને ચંદ્રકાન્તની બા માટે સાડી, બહેનો માટે ચણિયા-ચોળીનું કાપડ વગેરે સરોડા મોકલતા.

આઠમા ધોરણમાં ભણવા દરમિયાન, એક વખત નોટોના અભાવે કોઈ શિક્ષકે બીજે દિવસે શાળામાં આવવાની મનાઈ ફરમાવી. આથી ચોધાર આંસુએ રડતા ચંદ્રકાન્તને જોઈને છાત્ર શંકરભાઈ પટેલનું દિલ દ્રવી ગયું. એણે એને નોટબુક, પુસ્તકો, સાબુ, ગળી વગેરે અપાવ્યું. કોઈ અપાવે ને પોતે લીધા કરે એવી મજબૂરી કિશોર ચંદ્રકાન્તને ખટકતી હતી. આથી તેણે ચોથા-પાંચમા ધોરણમાં ભણતા કેટલાક વિદ્યાર્થીઓને ટ્યુશન આપવા માંડ્યું. ટ્યુશન-ફી પેટે ત્રણ રૂપિયા મળતા. આ રીતે મહિને વીસ-પચીસ રૂપિયા રળીને ચંદ્રકાન્ત પોતાની માતાને મોકલાવે.

વિદ્યાર્થી તરીકે ચંદ્રકાન્ત આરંભથી જ તેજસ્વી રહ્યા. આઠમા ધોરણના વર્ગશિક્ષક શ્રી ભાલચંદ્ર લાખિયા તેનું હીર પારખી ગયા. ક્યારેક તેને પોતાને ઘેર તેડાવીને જમાડતા. ગાંધી-વિનોબાની વાતો કરતા. ખાદી પહેરવાને પ્રેરતા. ચંદ્રકાન્તે કાંતવા માંડ્યું. એથી બનેલી આંટીઓના વિનિમયથી મળેલી ખાદી પહેરતા તેમને કેવો રોમાંચ થયો હશે !

હાઈસ્કૂલમાં હોવા દરમિયાન તુલસી-કબીર, રામકૃષ્ણ-વિવેકાનંદ, નરસિંહ-મીરાં, રવીન્દ્રનાથ-ગાંધીજીનું મળ્યું તે સાહિત્ય વાંચીને જાતમાં અક્ષરધન જમા કર્યું. 'સરસ્વતીચંદ્ર' અને 'સત્યના પ્રયોગો' જેવા ગ્રંથોનો પરિચય કર્યો. કેટલાક સંસ્કૃત ભાષાના કવિઓ - કાલિદાસ, ભવભૂતિ, ભાસની કૃતિઓ માણી. ભર્તૃહરિના 'નીતિશતક'ના કેટલાક શ્લોકો તો ચંદ્રકાન્તે કંઠસ્થ કરી લીધા.

વિદ્યાપ્રેમની સાથે ચંદ્રકાન્તમાં મૂલ્યપ્રીતિ પણ વિકસવા માંડી. નવમા ધોરણમાં ભણવા દરમિયાનનો એક પ્રસંગ એના પુરાવા સમાન છે. બન્યું એવું કે વતન-ગામ સરોડાથી દસેક કિલોમીટર ચાલીને ધોળકા સ્ટેશને આવેલા ચંદ્રકાન્તે અમદાવાદ જવા માટે અહીંથી ટ્રેનમાં બેસવાનું હતું. એ વખતે ટ્રેન તો ઊપડવા માંડી હતી. તેથી નાછૂટકે ચંદ્રકાન્ત ગાર્ડના ડબ્બામાં ચઢી ગયો. ટિકિટ લઈ શકાઈ ન હતી ને મફતમાં મુસાફરી કરવાની દાનત ન હતી. ડબ્બામાં ઘૂસતા વેંત એણે ગાર્ડસાહેબને વિનંતી કરી : 'મને ટિકિટ અપાવી દો, સર.' એ સાહેબે તેના તરફ દયા દાખવતા કહ્યું. 'ચા....લે હવે; તારે ટિકિટ લેવાની જરૂર નથી. હું સાથે છું ને ? અમદાવાદ પહોંચ્યા પછી હું તને સ્ટેશન બહાર નીકળવાની વ્યવસ્થા કરી આપીશ. આવું બધું ચાલતું હોય છે. તારા એટલા પૈસાય બચશે ને ?'

પણ નીતિપ્રિય ચંદ્રકાન્તનું મન માન્યું નહીં. મોરૈયા સ્ટેશને ટ્રેન થોભી કે તરત છલાંગ મારીને ઊતરી ગયો ને ત્યાંના સ્ટેશનમાસ્તરને બે ટિકિટ આપવા વિનંતી કરી : 'સાહેબ, મોરૈયાથી ધોળકાની અને મોરૈયાથી અમદાવાદની, એમ બે ટિકિટ આપો. મારે આ ટ્રેનમાં જ અમદાવાદ જવું છે.'

'...પણ બે ટિકિટ કેમ ?'

'સાહેબ, મેં ધોળકાથી અહીં મોરૈયા લગીની આ ટ્રેનમાં મફત મુસાફરી કરી છે - કરવી પડી છે; એટલે હું વધારાની ટિકિટ લઉં તો જ મને જંપ વળે એમ છે.'

'ઠીક...ઠીક, પણ તને ટિકિટ આપવા પાછો ઑફિસમાં જઉં તો આ દરવાજા અગાડી ઊભા રહીને ટિકિટ કોણ કલેક્ટ કરશે ?'

'એ ફરજ આપના વતી હું બજાવીશ; પણ મેં કહ્યું એમ બે ટિકિટો આપો. આ લો પૈસા, આટલી મહેરબાની કરો !'

કિશોર ચંદ્રકાન્તે મુસાફરો પાસેથી ટિકિટો લેવા માંડી ને તે દરમિયાન સ્ટેશનમાસ્તરે તેને બે ટિકિટો લાવી આપી, તેની પીઠ થાબડી. સીટી વાગી. ચંદ્રકાન્ત દોડીને ગાર્ડસાહેબ પાસે ગયો. તેમને બે ટિકિટો બતાવી ને પછી મુસાફરો માટેના ડબ્બામાં બેઠક લીધી.

ધોરણ-૧૦માં અભ્યાસ દરમિયાન એક વખત માતુશ્રી મણિબા ગંભીર માંદગીમાં પટકાયાં. એમને સરોડાથી અમદાવાદ લાવવા પડ્યાં. વી.એસ. હૉસ્પિટલમાં પૂરા દોઢ માસ સારવાર ચાલી. હવે તેઓ સાજા થતાં તેમને પાછા સરોડા ગામે લઈ જવાના હતાં. હૉસ્પિટલનું બિલ થયું નવસો રૂપિયાનું ! સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. દેસાઈએ સ્થિતિ સમજીને સો રૂપિયા તો બાદ કરી દીધા, પણ આઠસોય ક્યાં ઓછા હતા ! એ બિલને ધારીધારીને જોતાં ચંદ્રકાન્તભાઈના ખિસ્સામાં તે વખતે માત્ર વીસ રૂપિયા જ હતા ! એમણે સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ સાચકલાઈથી કહ્યું, 'સાહેબ, હાલ તુરંત તો હું આટલી રકમ એક સાથે આપી શકું તેમ નથી. તે રકમ ચૂકવવાને બદલે હું દરરોજ સાંજ પછી બે કે ત્રણ કલાક, આપ કહો તેટલા મહિના લગી હૉસ્પિટલે આવીને, આપ કહો તે સેવા આપું તો ? મારી આટલી વિનંતી સ્વીકારો !' વિદ્યાર્થીની સચ્ચાઈનો અહેસાસ થવાથી સુપરિન્ટેન્ડન્ટ સાહેબે બિલની બધી રકમ માફ કરી દીધી. આર્થિક કટોકટીના એ દિવસોમાં એક વાર તો એમણે જાતે બનાવેલો બાજરીનો રોટલો, શાક-દૂધના અભાવે, પાણી સાથે ગળે ઉતાર્યો હતો !

આ પ્રામાણિક કિશોર ચંદ્રકાન્તનો ગરીબી કેમેય કેડો મેલતી ન હતી. મૅટ્રિકમાં હતા ત્યારે પ્રિલિમનરી એક્ઝામ વખતે બાકી ફી ન ભરી શકવાને કારણે વર્ષ બગડવાની ભીતિ ડોળા કાઢતી આવી ઊભી. મૂંઝાઈને ઑફિસની બહાર ઊભેલા ચંદ્રકાન્તની પાસે વર્ગશિક્ષક ટી.બી. ડણાક આવી ઊભા. એમણે ખભે હાથ મૂકીને કહ્યું, 'ડૉન્ટ વરી બૉય !' એમણે પોતાના ખિસ્સામાંથી ફી ભરી દઈને હોનહાર ચંદ્રકાન્તનું વર્ષ બચાવી લીધું. આમ, તેમની અભ્યાસયાત્રા અટકી નહીં. તે અઢાર વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષામાં પાસ થયા (૧૯૫૭).

મૅટ્રિક પાસ થવું એ કંઈ તેમની મંજિલ નહોતી, મુકામ હતો. સારસ્વત તો સાધુની જેમ ચલતા ભલા ! ચંદ્રકાન્તે અમદાવાદની એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. એમને જવું તો હતું સાયન્સ કૉલેજમાં ને થવું'તું ડૉક્ટર, પણ એમના ભાગ્યમાં બીજા પ્રકારના ડૉક્ટર થવાનું નિર્માયું હશે. સંજોગોને સ્વીકારીને આર્ટ્સ કૉલેજમાં અભ્યાસ કરવાની સાથોસાથ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ચંદ્રકાન્ત મહેતા જોડાયા.

•

ઓગણીસ વર્ષના ચંદ્રકાન્તભાઈ - મહેતાસાહેબ ! - અમદાવાદ મ્યુનિસિપાલિટી બોર્ડની પ્રાથમિક શાળામાં બાણું રૂપિયાના પગારદાર થયા. આ જવાબદારી એમણે ત્રણ વર્ષ (૧૯૫૮-૧૯૬૧) જુદા જુદા વિસ્તાર - વાડજ, રાયપુર, નરોડા, સરસપુર, અસારવાની શાળાઓમાં નિષ્ઠાપૂર્વક અદા કરી.

સવારે કૉલેજ, બપોરે શાળા ને સાંજે ટ્યૂશન ! સવારે કૉલેજ તો પહોંચી શકાતું, પરંતુ શાળામાં સમયસર ફરજ પર હાજર થવા માટે કૉલેજમાંથી દસ વાગ્યે સાઈકલ પર સરકી જવું પડતું. રસ્તે જો અસારવાનો રેલવે ક્રૉસિંગ-ફાટક અવરોધ કરે તો ત્યારે એક આનાની તીખી સેવ ત્યાં ને ત્યાં ચા સાથે પેટમાં ધડાધડ જમા કરાવી દેતા ! શાળાએ હાજર થઈને બાળદેવોને પ્રસન્ન કરતા. શાળા-સમય પછી રાતે નવ વાગ્યા સુધી ટ્યૂશન અને પછી ખોલીમાં બેસીને ટાઢુંબોળ ટીફિન જમી લેવાનું. જમીને બલ્બના પીળચટા પ્રકાશમાં અભ્યાસ કરતા.

આ પ્રાથમિક શિક્ષકને પોતાના વિદ્યાર્થીઓ માટે ઊંડો પ્રેમ હતો. આથી તેમને સચોટ શિક્ષણ આપવાની તેમનામાં ઝંખના જાગી. વાગીશ્વરીનું પ્રભાવક વાણીનું વરદાન એમને શિક્ષણક્ષેત્રે ફળવા માંડ્યું. પ્રવાસ-પર્યટનોના આયોજનોથી બાળકોને ખુશ કરતા ચંદ્રકાન્તભાઈ એક પ્રયોગશીલ શિક્ષક તરીકે પણ પંકાયા. જો કે આ શિક્ષકને આર્થિક સંકડામણ સતાવતી રહી. આ સતામણ વર્ગ-શિક્ષણ વખતે વીસરાઈ જતી.

પ્રાથમિક શિક્ષક ચંદ્રકાન્તભાઈને ગળે એ કદી ન ઊતર્યું કે પોતે વર્ગમાં તન્મયતાથી ભણાવતા હોય ત્યારે વર્ગમાં બહારથી કોઈ આવીને ખલેલ ન કરી શકે. એક વખત તેઓ રાયપુર વિસ્તારની એક મ્યુનિ. શાળાના ચોથા ધોરણમાં કવિતા શીખવવામાં તલ્લીન હતા. બાળકો પણ કવિતાની ભાવસૃષ્ટિમાં મનોમન વિહરતા હતા. એ વખતે કાળી મૂછોવાળા કોઈ ધોતિયાધારી મહાશય વર્ગમાં ઘૂસી આવ્યા. શિક્ષક મહેતાસાહેબે તેમને થોભી જવા કહેલું, પણ એ માન્યા નહીં. તેમને ધરાર વર્ગમાં ફરતા દેખીને મહેતાસાહેબનો પિત્તો ગયો - 'કોણ છો તમે ? ખબર નથી પડતી કે આ ક્લાસ છે ?' આ ઘાંટો સાંભળીને

શાળાના આચાર્ય ઉમિયાશંકરભાઈ દોડી આવ્યા. વર્ગમાંના પેલા આગંતુકને જોઈને તેમને નમસ્કાર કર્યા અને શિક્ષક ચંદ્રકાન્તભાઈને કહ્યું, 'અરે મહેતા, તમે આમને જાણતા નથી ? આ તો મૂળશંકરભાઈ જોશીસાહેબ છે - આપણા સુપરવાઈઝર. એમની સાથે કેમ વાત કરાય તેનું તમારે ભાન રાખવું જોઈએ. તમારે એમની માફી માગવી જોઈએ.'

'માફી મારે નહીં, એમણે માગવી જોઈએ. ગમે તે હોય, શિક્ષકની પરવાનગી લીધા વિના તેના વર્ગમાં પ્રવેશ થઈ શકતો જ નથી.'

'ઠીક છે, ઠીક છે...' એમ કહીને સુપરવાઈઝર સાહેબ વર્ગ જ નહીં, શાળા પણ છોડી ગયા. તે પછી આચાર્ય ઉમિયાશંકરભાઈએ ચંદ્રકાન્તભાઈને કહ્યું, 'તમે તો બહુ કરી ! ભારે કરી ! જોજો, હવે કાલે તમારી બદલી થઈ જ સમજો; ફેંકી દેશે ક્યાંય દૂર !'

'જે કરવું હોય તે ભલે કરે, બદલીનું કારણ પૂછવાનો આપણને હક્ક તો ખરો કે નહીં ?'

- ખરે જ, બીજે દિવસે બદલીનો હુકમ આવી ગયો - 'શાસનના હિતમાં તમારે સરસપુર ખાતેની શાળામાં આવતીકાલથી હાજર થવું.' ઓગણીસ વર્ષની વયના નવયુવાન શિક્ષક ચંદ્રકાન્તભાઈ ધૂંઆ-પૂંઆ થતા પહોંચી ગયા સુપરવાઈઝરસાહેબની ઑફિસમાં અને સંભળાવ્યું : 'મને હેરાન કરીને તમને હવે ટાઢક થઈ ને સાહેબ ? વર્ગમાં ભણાવવા સિવાય બીજો કયો ગુનો કર્યો'તો મેં ગઈ કાલે ? ભલે સાહેબ, ખુશીથી હું સરસપુર જઈશ; આપનું ચાલે તો મને કચ્છ-ભુજ મોકલી આપજો !... જઉં છું.'

'થોભી જા, છોકરા !' સત્તાધીશ સુપરવાઈઝરસાહેબ મૂળશંકરભાઈ શાંતિથી બોલ્યા - 'તારા વિશે મેં બધું જ જાણી લીધું છે. તું વિધવા માતાનો પુત્ર છે. ઘરનું પૂરું કરવા અભ્યાસ સાથે નોકરી કરે છે. એલ.ડી. આટ્ર્સ કૉલેજ, મૉર્નિંગ-કૉલેજ છે; એટલે અગિયાર વાગ્યા સુધીના તારા પીરિયડ પડતા મૂકીને તું દસ વાગ્યે કૉલેજમાંથી નીકળી જાય છે. સાંભળ, તારું ભણવાનું ન બગડે એટલા માટે મેં તને બપોરે સાડાબાર વાગ્યે શરૂ થતી સરસપુરની શાળામાં બદલ્યો છે, સમજાયું ?'

આટલું સાંભળતાં-સાંભળતાં ચંદ્રકાન્તભાઈનો ગુસ્સો શમી ગયો. એમણે કહ્યું, 'જોશીસાહેબ, આટલી ભલી લાગણી માટે આપનો ખૂબ ખૂબ આભાર ! તમે એક નાના શિક્ષકને સમજી શક્યા છો, તેનો મને....'

'-તારામાં સાચા શિક્ષકની ખુમારી છે. હું તારું ભવિષ્ય ઉજ્જવળ દેખું છું. મહેતા, તારી આ ખુમારી ટકાવી રાખજે. તેં મારું અપમાન કર્યું, એનાથી મને સહેજ પણ ખોટું નથી લાગ્યું. વગર રજાએ કોઈપણ અધિકારીએ શિક્ષકના વર્ગમાં ન જવું જોઈએ. તારી આ વાત હું બરાબર યાદ રાખીશ. હવે તું કૉલેજમાં પૂરો સમય રહેજે અને કરે છે એમ નિષ્ઠાથી શાળામાં કામ કરજે. મારી શુભેચ્છાઓ છે. તારું ભાવિ ઉજ્જવળ છે. હું તો થોડા વરસ પછી નિવૃત્ત થઈશ; તને કોઈ ઊંચી પદવીએ પ્રવૃત્ત જોઈશ, તો મને આનંદ થશે...'

•

પ્રાથમિક શાળામાં નોકરીની સમાંતર એલ.ડી. આટ્ર્સ કૉલેજમાં અભ્યાસ કરવાનું ચાલતું હતું. પ્રથમ વર્ષ બી.એ.માં ભણવાના દિવસોમાં સહાધ્યાયી મિત્ર દયાળ પટેલની સાથે, એમના 'ગૅરેજ નિવાસ'માં રહેતા. ટીફિન-સર્વિસ બન્ને વચ્ચે બંધાવી લીધી હતી. એક ટીફિનમાં દસ રોટલી સાથેનું દાળ-ભાત-શાકનું બાંધ્યું ભાણું બે જુવાનિયાઓને ક્યાંથી પૂરું થાય ? - પણ સખાભાવ એવો કે ચંદ્રકાન્તભાઈ પહેલા જમવા બેસે તો ત્યારે મિત્ર દયાળભાઈ માટે છ રોટલી બાકી રાખે ને પોતે ચાર રોટલીથી સંતોષ માને; અને જો દયાળભાઈ પહેલા જમવા બેસે તો એય પેલાની જેમ !

એ ગાળે એફ.વાય.બી.એ.ની પરીક્ષાનું ફૉર્મ ભરવાનો સમય થયો. પૈસાના અભાવે બન્ને મૂંઝવણમાં હતા. આ મૂંઝારો ચંદ્રકાન્તભાઈએ પોતાના શિક્ષક-મિત્ર બાળકૃષ્ણભાઈ જોશીને જણાવ્યો. એમણે પોતાની સાઈકલ એક શરાફની પાસે ગીરો મૂકીને પરીક્ષા-ફી માટે પૈસા આપ્યા. એ ફ્રેન્ડ ઈન નીડ ઈઝ એ ફ્રેન્ડ ઈન્ડીડ !

તે પછીના વરસે અમદાવાદ શહેરમાં શાળા-કૉલેજ વચ્ચેની આવન-જાવન માટે મણિબાએ પોતાની છેલ્લી મૂડી સોનાની બંગડી વેચીને પુત્ર ચંદ્રકાન્તને સાઈકલ અપાવી હતી. એ દિવસોમાં દરરોજ વીસેક કિલોમીટરનું સાઈકલિંગ કરવું પડતું. એક વખત ટાઉન હૉલમાં થઈ રહેલા ગરબાના એક કાર્યક્રમમાં ડોકિયું કરવા માટે કમ્પાઉન્ડમાં સાઈકલ મૂકીને ચંદ્રકાન્તભાઈ હૉલમાં ગયા. દસ મિનિટ પછી પાછા ફર્યા ત્યારે તેમની બ્રાન્ડ ન્યૂ સાઈકલ ચોરાઈ ગઈ હતી !

રડમસ ચહેરે કૉલેજના અધ્યાપકો ડૉ. રણધીરભાઈ ઉપાધ્યાય પ્રો. એ.જી. ભટ્ટ અને પ્રિ. આર.ડી. દેસાઈને આ

જબરા નુકસાનની વાત કરી. એમણે સ્પેશિયલ ફીશિપ મંજૂર કરાવીને રૂપિયા એકસો પચાસ અપાવ્યા. આથી સેકન્ડ-હેન્ડ સાઈકલ ખરીદી શકાઈ. કૉલેજના અધ્યાપકોએ અનાયાસ આપેલો વિદ્યાર્થી-પ્રીતિનો આ દાર્શનિક પાઠ ભાવિ અધ્યાપક ચંદ્રકાન્તભાઈના ચિત્તમાં વસી ગયો અને 'ગુરુ' શબ્દનો મહિમા એમનામાં વસતા 'શશિન્'ને સમજાઈ ગયો.

હા, એફ.વાય.બી.એ.ના વર્ષ દરમિયાન યોજાયેલ પાદપૂર્તિ-સ્પર્ધામાં ચંદ્રકાન્ત મહેતાને ક.મા. મુન્શી પુરસ્કાર મળ્યો ત્યારે સહપાઠી મિત્ર મુકુંદ એમનું ઉપનામ નિરધાર્યું હતું - 'શશિન્ !'

કૉલેજમાં અભ્યાસ, શાળામાં નોકરી ઉપરાંત સિટીમાં ટ્યૂશન કરતા ચંદ્રકાન્તભાઈ એક વિશેષ ચિંતામાં પણ રહ્યા કરતા. એ ચિંતા હતી પોતાની બહેનોના લગ્ન કરવાની. આ માટે એમણે વધુ એક ટ્યૂશન કોઈ વેપારીને ત્યાં આપવાનું સ્વીકાર્યું. વેપારી પચીસ રૂપિયા આપે તેના બદલામાં તેનાં બે બાળકોને દરરોજ દોઢ કલાક ભણાવવાના રહેતા.

એક શનિવારે ચંદ્રકાન્તભાઈ વેપારીને ઘેર ગયા. ઘરમાં કોઈ ન હતું. નોકરે કહ્યું, 'શેઠ બાળકો સાથે આજે બહાર ગયા છે.' ચંદ્રકાન્તભાઈને થયું : સારું ત્યારે, આજે એટલો આરામ !

- પણ એટલામાં અંદરના ખંડમાંથી શેઠના સસરાજી બહાર આવ્યા - 'માસ્તર ! છોકરાં બહાર ગયાં છે, પણ તમારે તો અહીં બેસવાનું છે, હોં ! તમારે મને નરસિંહ મહેતા ને મીરાંબાઈની વાતો કરવાની છે. પચીસ રૂપિયા આપીએ છીએ, એટલે દહાડો પાડવાનો ના હોય; શું સમજ્યા ?'

ચંદ્રકાન્તભાઈ સંકલ્પપૂર્વક સમજ્યા કે હવે કદીય ટ્યૂશન કરવાં જ નથી ! એ તો શેઠના સસરાજીને એક શબ્દ પણ કહ્યા વિના ત્યાંથી ચાલતા થઈ ગયા. આથી સમય બચતો તે પ્રિય વિષય હિન્દી માટે ફાળવી શકાતો.

હિન્દી વિષય પ્રતિ વિશેષ અનુરાગ થવાનું શ્રેય તેમને તે વખતના અધ્યાપક ડૉ. રણધીર ઉપાધ્યાયને છે. બી.એ. માટે મુખ્ય વિષયની પસંદગી કરવાની હતી. આ માટે જુદા જુદા અધ્યાપકોનો એકએક પીરિયડ ભર્યા બાદ નિર્ણય લેવાનું નક્કી કર્યું. બીજા બે'ક પીરિયડ ભરીને ચંદ્રકાન્તભાઈ ડૉ. રણધીરભાઈ ઉપાધ્યાયના વર્ગમાં ગયા. 'ઝિની ઝિની બિની ચદરિયા'- કબીરનું પદ તેઓ પોતાની આગવી છટાથી ભણાવતા હતા. શબ્દેશબ્દ હૃદયસોંસરો ઊતરી જાય એવી મોહક વિદ્વત્તા ! તે જ તાસમાં, હિન્દીના ઉત્તમ અધ્યાપક થવાનો ચંદ્રકાન્તભાઈએ સંકલ્પ કર્યો ને મુખ્ય વિષય તરીકે હિન્દીને અપનાવીને ચંદ્રકાન્તભાઈ બી.એ. થયા. (૧૯૬૧).

•

બાવીસ વર્ષના સ્નાતક ચંદ્રકાન્તભાઈ હવે પ્રાથમિક શિક્ષક તરીકેનો મુકામવટાવીને માધ્યમિક શિક્ષણક્ષેત્રમાં પ્રવેશ્યા. તેઓ અમદાવાદના રાયપુર વિસ્તારમાં આવેલી ડેમોક્રેટિક હાઈસ્કૂલમાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયા. (૧૯૬૧-૧૯૬૪). ગુજરાતી-હિન્દી વિષયના વિદ્યાર્થીવત્સલ શિક્ષક તરીકે તેઓ યશ-પ્રેમ પામ્યા. આ નોકરી દરમિયાન એમનું ઉચ્ચ અભ્યાસનું ભુખાળવું એન્જિન ભખ-ભખ કરતું ચાલતું રહ્યું. એમણે એમ.એ.ની પદવી મેળવી. (૧૯૬૩). આમ હવે તેઓ માધ્યમિક શિક્ષક તરીકેનો મુકામ વટાવીને ઉચ્ચ શિક્ષણક્ષેત્રે સેવાઓ આપવા સજ્જ થયા.

અલબત્ત, આગળ જતાં ધો.૭થી ૧૦ના હિન્દી વિષયના પાઠ્યપુસ્તકોની એમની હસ્તપ્રતો સ્વીકારાઈને પુરસ્કૃત પણ થઈ ધો.૧૦ અને ૧૨ના હિન્દી પાઠ્યપુસ્તકોની રચના વખતે તેઓ મુખ્ય પરામર્શક રહ્યા.

•

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે આરંભ તો થયો ખંડ સમયના અધ્યાપક તરીકે (૧૯૬૪). અમદાવાદની બી.વી.ડી. આર્ટ્સ કૉલેજમાં ત્રણ દિવસ અને પાલનપુરની બનાસકાંઠા આર્ટ્સ કૉલેજમાં ત્રણ દિવસ જતા. પાલનપુર પહોંચવા માટે તેમને અમદાવાદથી આગ્રા લોકલ ટ્રેનમાં થર્ડ ક્લાસમાં આખી રાતની મુસાફરી કરવી પડતી. જો કે આ બે કૉલેજોની પાર્ટ-ટાઈમ સર્વિસનો કુલ પગાર રૂપિયા બસો સિત્તેર થતો હતો ! અને જો કે બે માસ પછી ૧૯૬૪થી પ્રા. ચંદ્રકાન્ત મહેતાને પાલનપુરની કૉલેજ ફુલટાઈમ લેક્ચરર તરીકે અપનાવી લીધા અને અમદાવાદમાં પાર્ટ-ટાઈમ લેક્ચરર તરીકે કામ કરવાનું પણ ચાલુ રાખવા દીધું.

પાલનપુરની કૉલેજના પ્રાચાર્ય શ્રી નટુભાઈ યાજ્ઞિક, પ્રા. ચંદ્રકાન્ત મહેતાને વિદ્યાક્ષેત્રે વિવિધ કૌશલ્યો વિકસાવવા માટે પ્રેરણા આપતા રહ્યા. સેવાભાવના, માનવતા અને ઉદારતાના ગુણો તેમના જીવનમાં વણાયેલા હતા. પ્રા. મહેતા વિદ્યાકીય ઉપરાંત વહીવટી બાબતે પ્રાચાર્ય શ્રી નટુભાઈ યાજ્ઞિકના જમણા હાથ બની ગયા.

કૉલેજમાં પ્રાધ્યાપક થયા પછી પ્રા. ચંદ્રકાન્તભાઈની વાચનરુચિને મોકળું મેદાન મળ્યું. તેઓ કઠોપનિષદ, મુંડકોપનિષદ વગેરે ઉપનિષદો પ્રત્યે ખેંચાયા.

પ્રા. ચંદ્રકાન્ત મહેતા દ્વારા હિન્દીમાં પ્રેમચંદ પૂરા વંચાયા. હિન્દી કવિઓમાં મૈથિલીશરણ, પ્રસાદ, પંત, નિરાલા, મહાદેવી, અજ્ઞેય વગેરેની કૃતિઓમાં ખોવાયા. હિન્દીના પ્રખર સાહિત્યકાર 'અજ્ઞેય'ની નવલકથા 'નદી કે દ્વીપ'ની સાથે ગુજરાતના અગ્રણી સાહિત્યકાર રઘુવીર ચૌધરીની નવલકથા 'અમૃતા' નિરાંતે વાંચવા માટે તેઓ ત્રણ દિવસની રજા લઈને બહારગામ ગયેલા. શેક્સપિયરના કેટલાંક નાટકો વાંચીને અભિભૂત થયા. સ્વેટ માર્ડન અને ડેલ કાર્નેગીના પુસ્તકોએ વ્યક્તિત્વ-ઘડતર માટેનું ભાથું પૂરું પાડ્યું. Douglas Mallochની આ બે પંક્તિઓ તેમને જીવનરાહ બતાવી રહી છે :

'Be the BEST of whatever you are.'

બેસ્ટ લેક્ચરર થવા માટે, સફળ અધ્યાપન માટે પ્રા. મહેતા ખાસ્સી પૂર્વતૈયારી કરતા. શબ્દકોશો, વિશ્વકોશો, સાહિત્યકોશો, પૌરાણિક કોશો - આ જાણે એમના જીવનકોશ ! વર્ષે દોઢસો-બસો પુસ્તકો વાંચવાની એક અધ્યાપક તરીકે એમણે આદત કેળવી અને જાળવી. અનેક ઉદાહરણો અને પંક્તિઓના સથવારે વહેતી એમની અસ્ખલિત વાગ્ધારા કૉલેજિયનોને મુગ્ધ કરતી રહી. ક્યારેક તો કૉલેજમાં સમય ઓછો પડતો. આવે વખતે પોતાના નિવાસે વિદ્યાર્થીઓને બોલાવીને એક્સ્ટ્રા પીરિયડ્ઝ લેતા - વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવીને.

આવા ઉત્તમ અધ્યાપક પ્રા. ચંદ્રકાન્ત મહેતાને અમદાવાદની નવગુજરાત આર્ટ્સ કૉલેજે હિન્દી વિભાગના અધ્યક્ષ અને પ્રાધ્યાપક તરીકે માનભેર નિમણૂક આપી. પાલનપુરનું લાલન અને પ્રિ. નટુભાઈ યાજ્ઞિકનું પાલન કંઈ ઓછું ન હતું. પરંતુ ચંદ્રકાન્તભાઈને અમદાવાદ સાથે આત્મીયતા વિશેષ.

નવગુજરાત કૉલેજમાં એમણે કાર્યકારી આચાર્ય - એક્ટિંગ પ્રિન્સિપાલ - તરીકે પણ દક્ષ સેવાઓ આપી હિન્દીનું અનુસ્નાતક કેન્દ્ર પણ ચાલતું. આ ગાળે એમના પચીસ જેટલાં સંશોધનપત્રો - રિસર્ચ પેપર્સ - પ્રકાશિત થયાં હતાં. તેઓ કૉલેજમાં હિન્દી ઉપરાંત અર્ધમાગધી, સામાન્ય જ્ઞાન અને ધર્મ જેવા વિષયોનું પણ સફળ અધ્યાપન કરતા. આ જ કૉલેજમાં ૨૪ વર્ષ સુધી ઍડમિશન, એક્ઝામિનેશન અને કલ્ચરલ કમિટીની આગેવાની સુપેરે નભાવી.

એકવાર હિન્દીના વર્ગખંડમાં દેવો અધિક ને તેમને માટેના કાષ્ઠ-આસન ઓછાં પડ્યાં ! બેન્ચીઝ ઘટી. આ સંજોગોમાં પ્રા. ચંદ્રકાન્ત મહેતાએ હિન્દીમાં સૂચવ્યું : 'જો તમારે ભણવું જ હોય તો, જેમને બેન્ચ નથી મળી તે બધા મિત્રો, નીચે રૂમાલ પાથરીને તે પર બેસી શકે છે -' ને બધા જ વિદ્યાર્થીઓ એમને સાંભળવા માટે હોંશેહોંશે નિઃસંકોચ નીચે બેસી ગયા !

પ્રિય વિદ્યાર્થીઓના અભ્યાસ-હિત ખાતર એક વખત તો પ્રા. ચંદ્રકાન્તભાઈએ, કોઈ અધ્યાપક ભાગ્યે જ કરે તેવી, અ-સામાન્ય વ્યવસ્થા ગોઠવી ! બન્યું એવું કે તબિયત-વશ એમને લાંબી રજા લેવી પડી. આ સંજોગોમાં વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે પોતાના ખર્ચે એમણે બીજા અધ્યાપક પ્રો. પાલીવાલજીની ગોઠવણ કરી !

કૉલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા તોફાનો વખતે પુસ્તકાલયમાં બૉમ્બ મૂકવામાં આવતાં પ્રિય પુસ્તક-આલમને બચાવવા ખાતર પ્રા. મહેતાએ નિર્ભયતાપૂર્વક સળગતા બૉમ્બને બૂટથી કચડીને નાખ્યો !

પી.જી. ટીચર પ્રા. ચંદ્રકાન્તભાઈને સને ૧૯૬૯-૧૯૭૦ના વર્ષમાં નડિયાદની સી.બી. પટેલ આર્ટ્સ કૉલેજના હિન્દીના અનુસ્નાતક વર્ગમાં વ્યાખ્યાનો માટે જવાનું થયું. એ વખતે તેઓ 'અજ્ઞેયજી'ની નવલકથા 'નદી કે દ્વીપ' રસાસ્વાદન સાથે વિશ્લેષતા હતા. આવ્યો વર્ષનો અંત ને રવિવારનો છેલ્લો તાસ. પ્રો. મહેતાએ અનુસ્નાતક વિદ્યાર્થીઓને સવારે નવ વાગ્યે ભણાવવાનું શરૂ કર્યું તે છેક બપોરે બે વાગ્યા સુધી ! - વચ્ચે નો બ્રેક, નો રિસેસ !

પ્રા. મહેતા નવયુવાન વિદ્યાર્થીઓથી કદી રીઝર્વ - અતડા - ન રહે. તેઓ તેમની સમસ્યાઓ સમજવા સહાનુભૂતિ સાથે તત્પર રહે, તેમને માર્ગદર્શન આપે. જરૂરતમંદ વિદ્યાર્થીને પુસ્તકો આપે - અપાવે. કૉલેજના અંધ વિદ્યાર્થી ચંપકલાલ અને અંધ વિદ્યાર્થિની રંજનને પરસ્પર નજીક લાવી લગ્ન કરાવી આપવાનું તેઓ નિમિત્ત બન્યા. પ્રા. મહેતાએ કૉલેજમાં પ્રથમ વાર સ્ટુડન્ટ-રિલેશન કમિટીની રચના કરી.

નવગુજરાત કૉલેજમાં તેમની સાથે અગ્રણી સાહિત્યકાર ડૉ. કુમારપાળ દેસાઈ (પદ્મશ્રી) સાથે બાંધવ સરખો સ્નેહ બંધાયો. તે સમયથી તેઓ તેમના સુખદુઃખના હૂંફાળા સાથી રહ્યા છે. તે સમયના તેમના વિદ્યાર્થી, વિદ્યાર્થી-કાર્યકર અને પછી અગ્રણી નેતા નરહરિ અમીન સાથે તેમનો સંપર્ક જળવાઈ રહ્યો છે ને તે થકી શિક્ષણક્ષેત્રે અનેક યોજનાઓ અને

રચનાત્મક કાર્યો થયા કરે છે. જનસહાયક ટ્રસ્ટની સ્થાપના અને પ્રવૃત્તિઓમાં તેઓ પાયાના સહયોગી રહ્યા.

ત્રીસ વર્ષના પ્રા. ચંદ્રકાન્તભાઈ સને ૧૯૬૯માં ડૉ. ચંદ્રકાન્ત મહેતા થયા. એમણે હિન્દી વિષયમાં 'મીર કાવ્ય પરંપરા એવં ગુજરાત કા અજ્ઞાત કવિ મીર મુરાદ' વિષય પર પાંચ વર્ષની જહેમત સાથે તૈયાર થયેલ મહાનિબંધ લખ્યો. એમના માર્ગદર્શક હતા. ડૉ. ગોવર્દ્ધન શર્મા. એમણે વિષય-માર્ગદર્શન ઉપરાંત આચરણ-નિષ્ઠ પવિત્રતા. નિર્ભયતા અને ગુરુ-શિષ્યના નિર્મળ પ્રેમનો અનુભવ કરાવ્યો. ડૉ. મહેતા પછીથી પીએચ.ડી. ગાઈડ થયા (૧૯૭૯) અને તેમના માર્ગદર્શન હેઠળ છ વિદ્યાર્થીઓએ હિન્દી વિષયમાં પીએચ.ડી.ની પદવી હાંસલ કરી.

ચંદ્રકાન્તભાઈને નવગુજરાત કૉલેજમાં નિમણૂક મળી તે જ વર્ષે સને ૧૯૬૬માં તેમનાં લગ્ન થયા. સુ. શ્રી મંજુલાબહેન જોશી સાથેનો પૂર્વ-પરિચય પ્રણય-પરિચયમાં પરિણમ્યો. કસ્ટમ ઑફિસમાં સુપરિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવવા ઉપરાંત વિદ્યારસિક મંજુલાબહેન પતિ ચંદ્રકાન્તભાઈ માટે લેખન-પ્રવચન-અધ્યયન માટેની વાચન-સામગ્રી મેળવવામાં સહાય આપતાં રહ્યાં છે. ચંદ્રકાન્તભાઈ પણ તેમની ખાતાકીય પરીક્ષાની તૈયારીમાં સહાયભૂત થયા હતા, જેથી મંજુલાબહેન પ્રથમ પ્રયત્ને પાસ થયાં હતાં.

સને ૧૯૬૬થી ચંદ્રકાન્તભાઈને આકાશવાણી સાથે બંધાયેલો સંબંધ આજ પર્યંત ઘનિષ્ઠ રહ્યો છે. શાળા-પ્રસારણ, વડલો, અમૃતધારા, હિન્દી શિક્ષણ ને સ્વાતંત્ર્યસેનાનીઓના પ્રદાન વગેરે સંદર્ભે તેમના અનેક પ્રસારણો થયાં ને થતાં રહે છે. આગળ જતા દૂરદર્શન, અમદાવાદની ગુજરાતી ધારાવાહિકો અને ચલચિત્રોની મૂલ્યાંકન સમિતિના તેઓ સદસ્ય રહ્યા. ડૉ. ચંદ્રકાન્ત મહેતાના પ્રથમ પુસ્તક 'ધીરે વહે છે ગીત'નું પ્રકાશન સને ૧૯૬૯માં થયું, જેમાં તેમના ગીત-ગઝલના રચના-કૌશલ્યનો ખ્યાલ આવે છે.

ગીતો ભલે ધીરે વહ્યાં, પણ ગદ્યક્ષેત્રે ચંદ્રકાન્તભાઈ ધસમસતા રહ્યા. તેનું કારણ અખબારોમાં નિયમિત કટારોનું લેખન - કૉલમ રાઈટિંગ. 'સંદેશ'ની પૂર્તિના સંપાદક અને પત્રકાર ગુણવંત છો. શાહના પ્રોત્સાહન થકી એમણે 'સંદેશ' અખબારમાં 'હલ્લો યંગ ફ્રેન્ડ' કટાર આરંભી. આ પછી 'ગુજરાત સમાચાર'માં ચાલી તેમની એક નહીં, બે કટારો ! સને ૧૯૭૬થી શરૂ થયેલ 'કેમ છે દોસ્ત ?' અને 'એક જ દે ચિનગારી' શરૂ થવાનું શ્રેય તેમના સક્રિય શુભેચ્છક અને અગ્રણી સાહિત્યકાર ડૉ. મધુસુદન પારેખને છે. એમણે રાહ ચીંધ્યો ને ચંદ્રકાન્તભાઈ અથક રાહી બની રહ્યા ! સને ૧૯૭૮થી વળી વધુ એક કટાર 'ગુજરાત સમાચાર'માં લખવી શરૂ કરી : 'ગુફ્તેગો'. આ કૉલમમાં જિજ્ઞાસુ વાચકો - સવિશેષ નવયુવાન - યુવતીઓ - વિવિધ બાબતે પ્રશ્નો પૂછીને માર્ગદર્શન મેળવતા રહે છે. શ્રેષ્ઠ યુવાસર્જક તરીકે સંસ્કાર પરિવાર, વડોદરા તરફથી એમને સંસ્કાર પારિતોષિક એનાયત થયું (૧૯૮૫). સહયોગી કૉલેજોનો સંયુક્ત રક્તદાન શિબિરનો જબરો કાર્યક્રમ આયોજીને ડૉ. મહેતાએ રાજ્યપાલ દ્વારા સ્પેશિયલ સાઈટેશન - ખાસ પ્રશસ્તિ મેળવી.

લેખન-પ્રવૃત્તિઓના સમાંતર તેમના અભ્યાસનું એન્જિન તો એક પછી એક સ્ટેશન વટાવતું રહ્યું. ચંદ્રકાન્તભાઈના ખાનગી શબ્દકોશમાં 'મુકામ' શબ્દ જ નહીં હોય. 'મંઝિલ' શબ્દ બેવડાયો હશે. સને ૧૯૭૮માં તેઓ એલએલ.બી. થયા. હુઈ ન બાત ?

સને ૧૯૭૮થી ૧૯૮૧ સુધી ચંદ્રકાન્તભાઈ અમદાવાદ શહેર સમાજશિક્ષણ સમિતિની કાર્યક્રમ સમિતિના કન્વીનર અને ત્યાર પછી ૧૯૮૧થી તેઓ સચિવ તરીકે આજપર્યંત સંનિષ્ઠ સેવાઓ આપી રહ્યા છે. એમણે પરિસ્થિતિવશ પ્રાથમિક શાળા છોડી જનાર વિદ્યાર્થીઓનું સર્વેક્ષણ કરાવીને કેન્દ્ર સરકારની સહાયથી અવૈધિક શિક્ષણની યોજના ચલાવી. એમણે રિમાન્ડ હોમમાં પણ સેવાઓ આપી છે. સને ૧૯૮૧-૧૯૯૦ દરમિયાન કુલ ૨,૧૬,૯૨૫ જેટલા નિરક્ષર પ્રૌઢોને સાક્ષર બનાવવા ૧૪૦૦ વર્ગોનું એમણે સંચાલન કર્યું. જનશિક્ષણ નિલયમ્‌ના ૧૫ કેન્દ્રોનું આયોજન કરીને પંચોતેર હજાર લાભાર્થીઓની વાચનક્ષમતા જાળવી રાખી. સર્વશિક્ષણ અભિયાન, આંગણવાડી, ઘોડિયાઘર જેવી યોજનાઓને કાર્યાન્વિત કરી. નવસાક્ષરો માટે, ખાસ સ્વરૂપની પુસ્તિકાઓનું સંપાદન તેમ જ લેખન કર્યું. સને ૧૯૮૩થી ત્રૈમાસિક પત્રિકા 'સમાજદીપ' ચલાવી. એ જ રાહે પછીથી 'પંથબંધુ' સાપ્તાહિક કેટલોક સમય નવસાક્ષરો માટે ચલાવ્યું. સને ૧૯૯૮-૧૯૯૯ દરમિયાન અવૈધિક શિક્ષણના ૩૦૦ વર્ગોનું સંચાલન કરીને ૨,૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને વધુ અભ્યાસના પ્રવાહમાં સામેલ કર્યા. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત શાળાકીય એઈડ્ઝ અવેરનેસ શિક્ષણ કેન્દ્રના તેઓ સંચાલક રહ્યા. એવું જ બધું નોંધપાત્ર કાર્ય અમદાવાદના પરા વિસ્તારની ૬૦ શાળાઓના શિક્ષકો-આચાર્યોને એઈડ્ઝ વિષયક શિક્ષણ આપવાની યોજના કાર્યાન્વિત કરવાનું છે - એક અધ્યાપક કેટલી મોટી બાથ ભરી શકે છે !

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ક્રિયાન્વિત કરવા સંદર્ભે ડૉ. ચંદ્રકાન્ત મહેતાનું પ્રદાન અનન્ય છે.

નવગુજરાત કૉલેજના હિન્દી વિભાગના અધ્યક્ષ/પ્રાધ્યાપક હોવા ઉપરાંત આ કૉલેજના નવપ્રસ્થાન 'નવગુજરાત મલ્ટીકૉર્સ ઈન્સ્ટિટ્યૂટ'ના ફાઉન્ડર ડિરેક્ટર (સ્થાપક નિયામક) તરીકે એમણે યાદગાર સેવાઓ આપી (૧૯૭૮-૧૯૯૦). આ સંસ્થા દ્વારા એમણે પરંપરાગત અભ્યાસક્રમથી નોખા પ્રકારના સોળ જેટલા નવા અભ્યાસક્રમો આપ્યા. આ બાર વર્ષો દરમિયાન આશરે ૨૫૦૦ જેટલી ગૃહિણીઓએ હોમલાઈફ-ગૃહજીવન અંગેની તાલીમ મેળવી. દોઢસો જેટલા યુવાનોએ ફોટોગ્રાફીની પાયાની તાલીમ મેળવી.

પત્રકારત્વના શિક્ષણક્ષેત્રે ડૉ. મહેતાનું પ્રદાન બહુમૂલ્ય છે. એમણે આ ઈન્સ્ટિટ્યૂટ અન્વયે પત્રકારત્વના પી.જી. ડિપ્લોમા અભ્યાસક્રમની શરૂઆત કરી (૧૯૭૮). આ અભ્યાસક્રમને માહિતી ખાતાએ નોકરીની દૃષ્ટિએ ગ્રાહ્ય ગણ્યો. આ તાલીમ દ્વારા ૪૦૦ જેટલાં નવયુવાન-યુવતી પત્રકારો, કાર્યક્રમ-નિર્માતાઓ, નિર્દેશકો કે માહિતી ખાતાના અધિકારીઓ તૈયાર થવા પામ્યા. ડૉ. મહેતાએ પત્રકારત્વના સિદ્ધાંતો, કાયદાઓ, સંશોધનપદ્ધતિઓ તથા પ્રત્યાયનનું વિદ્વત્તાપૂર્ણ શિક્ષણ કર્યું - આ બધી જવાબદારીઓ નિભાવવા દરમિયાન તેમના વહાલસોયા માતા મણિબાનું દુઃખદ અવસાન થયું (૧૯૭૯).

સને ૧૯૮૮-૧૯૮૯ના ગાળામાં ડૉ. ચંદ્રકાન્તભાઈએ પૂર્વ આફ્રિકા, યુ.કે., ફ્રાન્સ, સ્વિટ્ઝર્લૅન્ડ દેશોમાં પ્રવાસ ખેડ્યો. એ વિદેશી ધરતી પર એમણે સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને ધર્મ પર સચોટ પ્રવચનો આપ્યાં અને ઉપરાંત -

કેમ્બ્રિજ અને ઑક્સફર્ડ યુનિવર્સિટી તથા યુનિવર્સિટી ઑફ લંડનની મુલાકાત લીધી. લંડનના અનેક વિદ્યાર્થીઓની મુલાકાત લઈ તેમની અભ્યાસ-પદ્ધતિનું અધ્યયન કર્યું. લંડન યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અંગ્રેજ અધ્યાપકે નરસિંહ મહેતા વિશે પીએચ.ડી. કર્યું હતું. તે અંગ્રેજ કાલીકાલી ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતાના પ્રભાતિયાં ભણાવતા હતા. એ જ યુનિવર્સિટીના ડૉ. રૂપર્ટ સ્નેલે હિન્દીમાં સૂરદાસ અંગે પીએચ.ડી. કર્યું હતું. ગુજરાત-ભારત બહાર નરસિંહ-સૂરદાસનો પ્રકાશ પથરાયેલો દેખીને તેમને ખૂબ ખૂબ ગૌરવ-આનંદ થયો. એમણે કેમ્બ્રિજના ગ્રંથાલયની પણ મુલાકાત લીધેલી.

•

નવગુજરાત મલ્ટીકોર્સ ઈન્સ્ટિટ્યૂટમાંથી સ્વયં મુક્ત થયા બાદ ચંદ્રકાન્તભાઈને તેમના પરમ મિત્ર પ્રિ. જયરામભાઈ પટેલ, નરનારાયણદેવ ગાદીના પીઠાધીશ ૫૦૫ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ (સ્વામિનારાયણ મંદિર, કાળુપુર, અમદાવાદ)ને મળવા લઈ ગયા. મહારાજ યુવાનો માટેની વ્યવસાયલક્ષી શિક્ષણસંસ્થા શરૂ કરવા ઇચ્છતા હતા. એમને આ માટે આરંભક અને સંયોજકની ગોત હતી. ચંદ્રકાન્તભાઈએ મળતાં પહેલાં પોતાની ટર્મ્સ-કન્ડીશન્સ ગોઠવી રાખી.

- પણ ડૉ. મહેતા કંઈ બોલે તે પહેલાં મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ કહ્યું, 'ચંદ્રકાન્તભાઈ, મનમાં કશો સંકોચ ન રાખશો. મારે તમને તમારી કોઈ શરત વિશે પૂછવું નથી. તમારી બધી શરતો - વગર જાણ્યે - મંજૂર અને મારી એક પણ શરત નહીં. તમે ભગવાનની સેવામાં જોડાઓ છો એમ સમજો. કશો ડર કે સંકોચ ન રાખશો.'

અને આમ સહજાનંદ મલ્ટીકોર્સ એકેડેમીની સ્થાપના થઈ અને તેનું સુકાન ચંદ્રકાન્તભાઈએ ચાર વર્ષ (૧૯૯૦ - જુલાઈ ૧૯૯૪) સંભાળ્યું. આ સંસ્થાના સંયોજક તરીકે ડૉ. મહેતાએ અનેકવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો આરંભીને યુવા પેઢીની કારકિર્દીનું વિકાલક્ષી ઘડતર કર્યું. નવ જેટલા અભ્યાસક્રમો આપ્યા, જેમાં હીરા ઘસવાની તાલીમનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ ગુજરાતમાં પ્રથમ વાર આરંભાયો. તે જ રીતે કરાટે અને ટેલિફોન-ઑપરેટરના કૉલેજ-કક્ષાના કૉર્સની તેમના દ્વારા શરૂઆત થઈ. ઑગસ્ટ ૧૯૯૪થી ડૉ. ચંદ્રકાન્તભાઈ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિયુક્ત થતા મલ્ટીકૉર્સના નિયામક, ટ્રસ્ટી અને સેક્રેટરી તરીકે રાજીનામું આપ્યું.

•

ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતાએ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઑફ કમ્યુનિકેશન ઍન્ડ જર્નાલિઝમના પ્રાધ્યાપક અને અધ્યક્ષ તરીકે સાત વર્ષ (૧૯૯૦-૧૯૯૭) સેવાઓ આપી. તેની સમાંતર ત્રણ વર્ષ યુનિવર્સિટીના ઉપકુલપતિપદની જવાબદારી વચ્ચે પણ પત્રકારત્વ વિભાગના વડા અને પ્રાધ્યાપક તરીકેની જવાબદારી નિયમિત રીતે અદા કરતા. ઉપકુલપતિપદની જવાબદારી ગાળા દરમિયાન એમણે પત્રકારત્વના વર્ગોમાં શિક્ષણકાર્ય કરતા રહીને સારસ્વતધર્મ અદા કર્યો હતો. ઉપકુલપતિ ડૉ. મહેતા બીમારીવશ, બેસી શકવાની શક્તિ ન હોય તેવી સ્થિતિમાં પથારીમાં ટેકાઓ મૂકીને સ્વસ્થ ચિત્તે અધ્યાપન કરતા અને અભ્યાસક્રમને પૂરો ન્યાય આપતા. વહીવટ એમની વિદ્યાપ્રીતિને ક્યારેય ઝાંખી પાડી શક્યો નથી. ક્યારેક તો સળંગ ચાર-ચાર તાસ માત્ર દસ જ મિનિટની ટૂંકી રિસેસ પાડીને એમણે લીધા છે. આવી નિષ્ઠાથી એમણે આ ડિપાર્ટમેન્ટને સ્થિર અને પછી ગતિશીલ કર્યું.

ડૉ. મહેતા આ ડિપાર્ટમેન્ટમાં જોડાયા ત્યારે પત્રકારત્વનો માત્ર સ્નાતક-કક્ષાનો અભ્યાસક્રમ ચાલતો હતો. તેમણે અનુસ્નાતક-કક્ષાના અભ્યાસક્રમની રચના કરી અને યુ.જી.સી.એ તેને માન્યતા આપી. એ અભ્યાસક્રમને અપનાવીને દેશની અન્ય યુનિવર્સિટીઓએ પણ પત્રકારત્વના અનુસ્નાતક-કક્ષાના અભ્યાસક્રમો શરૂ કર્યા.

ડૉ. મહેતા માસમીડિયાના એકમાત્ર, ગુજરાત યુનિવર્સિટી માન્ય પીએચ.ડી. ગાઈડ છે. તેમના માર્ગદર્શન હેઠળ સોનલબહેન પંડ્યા વગેરે છ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. હિન્દી વિષયના પણ માન્ય પીએચ.ડી. ગાઈડ ખરા, કોકીલાબહેન શુક્લ, કન્હૈયાલાલ ચૌહાણ વગેરે છ વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન દ્વારા પીએચ.ડી. થયા. સંશોધનકાર્ય અંગેની એમની ઊંચી અને ઉત્કૃષ્ટ કાર્ય થવાની અપેક્ષાને સંતોષવા માટે સંશોધકોએ ખૂબ મહેનત કરવી પડતી. ડૉ. મહેતાના ત્રીસ રીસર્ચ આર્ટિકલ્સ (શોધપત્રો) પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રકાશિત થયા.

•

ડૉ. ચંદ્રકાન્ત મહેતા તા.૧-૮-૧૯૯૪ના ઉપકુલપતિ તરીકે નિયુક્ત થયા. તા.૧-૩-૧૯૯૬થી તા.૨૩-૧૨-૧૯૯૬ના ગાળે તેઓ ઉપકુલપતિ તથા કાર્યકારી કુલપતિ હતા. તેઓ ઉપકુલપતિ તરીકે તા.૩૦-૬-૧૯૯૭થી નિવૃત્ત થયા.

ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાન્તભાઈ પોતાની ચેમ્બરમાં સામાન્ય સંજોગોમાં પૂરો સમય - ૧૧થી ૬ હાજર રહેતા. દરરોજના કાર્યો દરરોજ પૂરા કરવાનો એમનો આગ્રહ રહેતો.

આ માટે ફાઈલો ક્યારેક ઘેર પણ લઈ જઈને કામ પૂરું કરતા. વહીવટમાં પારદર્શિતા, ત્વરિતતા અને નિષ્પક્ષતા જાળવવા સાવધ રહેતા.

ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાન્તભાઈએ યુનિવર્સિટીની ઍકેડેમિક અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ, પરીક્ષાસમિતિ, ફાયનાન્સ સમિતિ, ગ્રંથાલય ભવનો, વગેરેમાં સુધારણા કરવા અને વિકાસ કરવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવી. યુવાવિકાસ પ્રવૃત્તિ, ઍકેડેમિક સ્ટાફ કૉલેજ અને વિસ્તરણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને એમણે પ્રોત્સાહિત કરી. યુનિવર્સિટી અને કૉલેજો વચ્ચે સેતુરૂપ 'વિદ્યાવૃત્ત' નામની પત્રિકા શરૂ કરીને તેની સંપાદકીય જવાબદારી પોતે અદા કરી. તેમની કામગીરી અને આતિથ્યથી ઑસ્ટ્રેલિયન તેમજ જાપાનના વિદ્યાર્થીઓની મુલાકાતી મંડળી ખૂબ પ્રભાવિત થઈ હતી. યુનિવર્સિટી-સંલગ્ન કૉલેજોમાં જો ક્યારેય મૅનેજમેન્ટ કોઈ અધ્યાપક કે કર્મચારીને સસ્પેન્ડ - છૂટા - કરે ત્યારે હિયરિંગ દરમિયાન સમજાવટથી કામ લઈ મૅનેજમેન્ટને સુલેહ કરી લેવા ડૉ. મહેતા સંમત કરતા. આથી કર્મચારી, આચાર્યો કે અધ્યાપકોની નોકરી બચી જતી ને તેઓ પોતાની ફરજ વિશેષ નિષ્ઠાથી બજાવવા તત્પર થતા.

ડૉ. મહેતા યુનિવર્સિટીમાંના ભવનોની મુલાકાતો લઈને તેમના પ્રશ્નો સ્થળ પર ઉકેલી આપતા. રાતે યુનિવર્સિટીની હૉસ્ટેલોનું સરપ્રાઈઝ ચેકિંગ કરતા.

ગમે તે સમસ્યા હોય, સાથે મળો ને સંવાદ કરો - આ વ્યવહાર-સૂત્રને અજમાવતા ઉપકુલપતિ ડૉ. મહેતા સમક્ષ વળી એક સમસ્યા રજૂ થઈ. અને ૧૯૯૬ના મે માસમાં નોન-ટીચિંગ સ્ટાફે પ્રવેશકાર્યની કામગીરીનો બહિષ્કાર કર્યો. તેમની હડતાલ લાંબી ચાલી. વાલીઓ અકળાયા. પ્રવેશાર્થી વિદ્યાર્થીઓ અકળાયા. આ સંજોગોમાં, પરિસ્થિતિ સાચવી લેવા માટે તત્કાલીન સંબંધિત સચિવોની સહાયથી ગુજરાત કૉલેજમાં કેન્દ્રીય પ્રવેશકાર્ય શરૂ કરાવી દીધું. આ પછી એમણે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતા, મૅનેજમેન્ટ, અધ્યાપકમંડળના પ્રમુખ તથા નોન-ટીચિંગ સ્ટાફ યુનિયનના પ્રમુખની મીટિંગ ગોઠવીને હડતાલનો સુખદ અંત આણ્યો અને પ્રવેશકાર્ય શરૂ કરાવ્યું.

શિક્ષણની સંસ્થાઓમાં પ્રવેશની કામગીરી કરતા પરીક્ષાની કામગીરી અનેકગણી પડકારરૂપ હોય છે. એકવાર એન્જિનિયરિંગ કૉલેજના અધ્યાપકોએ પરીક્ષાને લગતું કોઈપણ કામ કરવાનો ઈનકાર કરી દીધો. વાત એમની ગેરવાજબી નહોતી. છેલ્લા ત્રણ વર્ષનું પરીક્ષાનું મહેનતાણું ચૂકવવામાં જ આવ્યું ન હતું. પૈસાના અભાવે યુનિવર્સિટીએ બીજી ફેકલ્ટીના પરીક્ષકોને પણ મહેનતાણું ચૂકવ્યું ન હતું. આ સમસ્યાના ઉકેલ માટે રજિસ્ટ્રાર જડીઆભાઈ સાથે ઉપકુલપતિ ડૉ. ચંદ્રકાન્ત મહેતા જાતે ઉચ્ચ શિક્ષણના ફાઈનાન્સ ઍડવાઈઝરને મળ્યા અને રૂપિયા એક કરોડની ઍડહોક ગ્રાન્ટ રિલીઝ કરવા ભલામણ કરાવી. આ પછી તરત તેઓ તત્કાલીન મુખ્યમંત્રી શ્રી સુરેશ મહેતાને મળ્યા. એ ગ્રાન્ટ મંજૂર કરાવી. આથી બધા જ પરીક્ષકોને યુનિવર્સિટી મહેનતાણું ચૂકવી શકી અને પરીક્ષાને લગતી તમામ કાર્યવાહી યોગ્ય રીતે થવા માંડી.

આમ છેવટે પ્રશ્નપત્રોના સેટ તૈયાર થઈને બધા પરીક્ષા-કેન્દ્રોમાં તો પહોંચાડ્યાં; પણ પછી ક્યાંક આવું ય થાય : વાઈસ-ચાન્સેલર ડૉ. મહેતાને રિપોર્ટ મળ્યો કે નડીઆદના પરીક્ષા-કેન્દ્રમાં ઘૂસી જઈને ગુંડા-તત્ત્વોએ સુપરવાઈઝરને રૂમમાં

પૂરી દીધા અને પરીક્ષાર્થીઓને માસ-કૉપીની અનુકૂળતા કરી આપી.

આ ખબર મળતાવેંત ડૉ. મહેતાએ તત્કાલીન ગૃહમંત્રી શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અને પોલીસ આઈ.જી. મિ. દત્તાની મદદથી શાન્તિથી પરીક્ષા લેવડાવી. પોલીસે ગુંડાતત્ત્વોને પાઠ ભણાવ્યો. ડૉ. મહેતાએ કૉપીકેસની તપાસ માટે કમિટી નીમી દીધી. પરીક્ષાર્થીઓને અન્યાય ન થાય તે માટે શંકાસ્પદ વિદ્યાર્થીઓને એ.ટી.કે.ટી. અપાવડાવી.

ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા, ઉપકુલપતિ લેખે એક યાદગાર નિયોજક-નિયામક આપોઆપ સિદ્ધ થઈ રહ્યા. પોતે મૌન સેવી રહ્યા પણ તેમનું કામ બોલે છે. સ્નેહાળ સંબંધો સહજમાં બાંધીને સંવાદ સર્જવાની તેમની ભાવના થકી ઉચ્ચ શિક્ષણના ઇતિહાસમાં એક વધુ પ્રેરક અને દિશાસૂચક પ્રકરણ રચાયું. હેટ્સ ઑફ - સલામ !

જવાબદારીભર્યા જાહેર હોદ્દા જાણી-માણી ચૂકેલ પ્રતિભાઓના પંથ કંઈ સરિયામ સડક જેવા સડસડાટ હેંડ્યા જવાય એવા સુવિધાસભર હોતા નથી. કોઈ અકળ મનોદશા તેમને પણ ઘેરી વળતી હોય છે. હા, તેઓ વમળમાંથી જોતજોતામાં બહાર આવી શકતા હોય છે, કેમ કે વરસો પહેલા નિષ્કામભાવે એમણે વાવ્યું હોય તે ઊગી ચૂક્યું હોય છે; એમણે તો માત્ર લણવાનું જ હોય.

ઉપકુલપતિપદેથી મુક્ત થયા પછીના ગાળામાં ચંદ્રકાન્તભાઈ પોતાના ચિત્તમાં અકળ ખાલીપો અનુભવવા લાગ્યા. પરિવારજનો - પત્ની, પુત્ર, પુત્રવધૂના ભાવિની ચિંતા એકસઠમા વર્ષે ચિત્તમાં ઉત્પાત મચાવતી હતી. આ વખતે એમના વત્સલ શિષ્ય અને નીવડેલા રાજકીય અગ્રણી નરહરિ અમીન તેમની વધુ નિકટ આવ્યા. એમની સમક્ષ હૈયું હળવું કરતા ચંદ્રકાન્તભાઈએ કહ્યું, 'બંધુ, મિત્ર ધર્મેન્દ્ર ઝાલાના અવસાન પછી મને આત્મીય સ્વજનની ખોટ સાલ્યા કરે છે. ક્યારે શું બને, કોને ખબર ? હું ન હોઉં ત્યારે મારા પરિવારની, પુત્ર પિનાકિનની સંભાળ...'

'-તમે અકારણ ચિંતા ન કરો.' ચંદ્રકાન્તભાઈનો હાથ ઝાલીને નરહરિભાઈએ કહ્યું, 'ચિંતા ન કરો, કશું થનાર નથી; સ્વસ્થ રહો અને સાંભળો : પિનાકિન આજથી મારો નાનો ભાઈ !' - આમ પ્રેમસગાઈ ફરીવાર સબસે ઊંચી સિદ્ધ થઈ !

ફરી નવા પ્રયાણ !

ગુજરાતીમાં તેમજ હિન્દીમાં તેમના દ્વારા લખાયેલા અનેક પુસ્તકો પુરસ્કૃત થવા માંડ્યા. ઍવૉર્ડ્ઝની નવાજેશ થવા માંડી - સ્થાનિકથી માંડીને રાષ્ટ્રકક્ષાએ તેમના સેવાકાર્યોની કદર થવા માંડી અને નવીનવી જવાબદારીઓ ઓઢાડતી આવી.

ડૉ. ચંદ્રકાન્ત મહેતા 'ગુજરાત સમાચાર' ઍકેડેમીના સ્થાપક થયા અને નિયામક રહ્યા (૧૯૯૮-૧૯૯૯). આ સંસ્થાના ઉપક્રમે પત્રકારત્વ, કૉમ્પ્યુટર, ડી.ટી.પી., મૅનેજમેન્ટ ટુરિઝમ ઍન્ડ ટ્રાવેલ મૅનેજમેન્ટ, ઑફિસ ઓટોમેશન, ફૅશન ડિઝાઈનિંગ, કેલિગ્રાફી, સ્ટેનોગ્રાફી, વગેરે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા. આ રાહે ફરી અનેક યુવાનોની ઝળહળતી કારકિર્દીનું ઘડતર કરવાના તેઓ યશભાગી બન્યા.

ડૉ. ચંદ્રકાન્ત મહેતા હાલ - દસેક વર્ષથી - અમદાવાદ મુકામેની શૈક્ષણિક સંસ્થા હીરામણિ ઈન્સ્ટિટ્યૂટ અને મીડિયા એજ્યુકેશન ઍન્ડ રીસર્ચના વડા તથા વિદ્યાસંકુલના વહીવટી નિયામક તરીકેનો કાર્યભાર ઈ.સ. ૨૦૦૦થી સુપેરે સંભાળી રહ્યા છે. તેઓને આ સંકુલના સ્વપ્નશિલ્પી જ કહી શકાય. તેઓ આ સંસ્થાના સ્થાપક, નિયામક ને પ્રવર્તક.

આવા કર્મયોગીને મારા શ્રદ્ધાપૂર્ણ નમન, એમના નિરામય અને શતાયુની પ્રાર્થના સહ.

# ડૉ. ચન્દ્રકાંત મહેતા
## - આત્મકથ્ય

| | | |
|---|---|---|
| **નામ** | : | ડૉ. ચંદ્રકાન્ત મહેતા |
| **નિવાસસ્થાન** | : | ૧૬, હેવનપાર્ક, રામદેવનગર, સેટેલાઈટ<br>અમદાવાદ-૩૮૦૦૧૫.<br>ફોન : (ઘર) (૦૭૯) ૨૬૯૨૯૨૯૧, ૨૬૯૨૮૨૮૬<br>(ઓ) (૦૨૭૧૭) ૨૪૨૬૦૬, ૨૪૨૭૦૭<br>ફેક્સ : (૦૨૭૧૭) ૨૪૨૯૦૯<br>મોબાઈલ : ૯૮૨૪૦૧૫૩૮૬<br>E-mail : dr.chandrakantmehta@hotmail.com |
| **ઉપનામ** | : | 'શશિન્' |
| **જન્મતારીખ** | : | ૬ઠ્ઠી ઑગસ્ટ, ૧૯૩૯ |
| **માતૃભાષા** | : | ગુજરાતી |
| **રાષ્ટ્રીયતા** | : | ભારતીય |
| **શૈક્ષણિક લાયકાત** | : | એમ.એ., પીએચ.ડી, એલએલ.બી,<br>પીજી. ડિપ્લોમા-ઈન-જર્નાલિઝમ |
| **હોદ્દાગત સેવાઓ** | : | ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ તથા કાર્યકારી કુલપતિ (૧૯૯૪ થી ૯૭) ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગના પૂર્વ વડા, (૧૯૯૦ થી ૯૭) હિન્દી અને મીડિયા એજ્યુકેશનના ગુજરાત યુનિવર્સિટીના માન્ય પીએચ.ડી. ગાઈડ. |
| **વર્તમાન હોદ્દો** | : | નિયામક : ગુજરાત યુનિવર્સિટી માન્ય હીરામણિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ તથા 'હીરામણિ' શિક્ષણ સંકુલના ટ્રસ્ટી અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, હીરામણિ કેમ્પસ, સરખેજ ગાંધીનગર હાઈવે, પોસ્ટ ચાંદલોડીયા, અમદાવાદ-૩૮૨૪૮૧. |

### વિવિધ ક્ષેત્રે પ્રદાન શિક્ષણ ક્ષેત્રે

- નવગુજરાત આર્ટ્સ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે તથા કાર્યકારી આચાર્ય તરીકે ૨૪ વર્ષ અને ગુજરાત યુનિવર્સિટીમાં રીડર અને પત્રકારત્વ વિભાગના વડા તરીકે ૭ વર્ષ સેવાઓ.
- ડૉ. મહેતા જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર, પત્રકાર, સમૂહ માધ્યમ તજજ્ઞ, સમાજચિંતક તથા સમાજસેવક.
- વ્યવસાયલક્ષી - કારકિર્દી વિકાસલક્ષી અભ્યાસક્રમોના તેઓ વિશેષજ્ઞ અને ગુજરાતમાં આર્ટ્સ-કૉમર્સ કોલેજ કક્ષાએ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ આરંભવાનું શ્રેય તેમને ફાળે.
- સંશોધનક્ષેત્રે ૩૫ જેટલા લેખો : પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે ૬ વિદ્યાર્થીઓને હિન્દીમાં ગુજ. યુનિ.ની પીએચ.ડી.ની

પદવી પ્રાપ્ત. ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિષયમાં ૬ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત, ૩ વિદ્યાર્થી સંશોધનરત.

- નવગુજરાત મલ્ટીકોર્સ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટથી આરંભાયેલા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોના આયોજન, આરંભ અને કાર્યાન્વયનની સેવાઓ છેલ્લા ૩૧ વર્ષોથી અવિરતપણે પ્રગતિશીલ રહી છે.
- 'યંત્ર સંસ્કૃતિ અને મંત્ર સંસ્કૃતિ'ના સમન્વયના આદર્શ સાથે સાકાર થયેલું 'હીરામણિ' વિદ્યાસંકુલ' તેમની આગવી દૃષ્ટિ અને વહીવટી દક્ષતાની શાખ પૂરે છે.
- સમાજ શિક્ષણ, પ્રૌઢ શિક્ષણ અને અવૈધિક શિક્ષણમાં છેલ્લા ૩૦ વર્ષથી સેવારત.

## સાહિત્યિક પ્રદાન

**ગુજરાતી** : ડૉ. મહેતા ગુજરાતી તથા હિન્દીના સુપ્રસિદ્ધ સાહિત્યકાર છે. તેઓ કવિ, લેખક, એકાંકીકાર, નિબંધકાર, વાર્તાકાર, ચરિત્ર લેખક, યુવા તથા બાળ સાહિત્ય તેમજ જીવન ઘડતરલક્ષી સાહિત્યના સર્જક છે. ગુજરાતીમાં તેમનાં ૯૯થી વધુ પુસ્તકો પ્રકાશિત થયાં છે જેમાં નવલિકાસંગ્રહ, નિબંધસંગ્રહ, ચિંતનાત્મક લેખ સંગ્રહ, બાળસાહિત્યના પુસ્તકો, જીવનચરિત્રો તથા પત્રકારત્વ સહિત કાવ્યસંપાદન અને લોકવાણી વિષયક સંપાદનોનો સમાવેશ થાય છે.

**હિન્દી** : ડૉ. મહેતાનું હિન્દી સાહિત્યમાં પણ નોંધપાત્ર સાહિત્યિક પ્રદાન છે. હિન્દીમાં તેમના ૫ કહાની સંગ્રહ, ૭ નિબંધ સંગ્રહ, ૧ એકાંકી સંગ્રહ, ૧ સક્ષીમાત્મક લેખ સંગ્રહ, હાઈકુ સંગ્રહ તથા ૪ સંપાદન સહિત ૨૧ ગ્રંથોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત કાવ્યશાસ્ત્ર, ગઝલ, સાહિત્યિક પત્રકારત્વ, લલિત નિબંધ વગેરે વિષયો સહિત ૩૫ જેટલા સંશોધન લેખોનો સમાવેશ થાય છે.

**પ્રાકૃત** : ડૉ. મહેતા ગુજરાતી તેમજ હિન્દીની જેમ પ્રાકૃતના પણ અભ્યાસી છે. તેમણે 'સિરિસિરિવાલ કહા' અને 'મૂળદેવ કહા'નું અનુવાદ સહિત સંપાદન કર્યું છે.

**અંગ્રેજી** : "રિલેવન્સ ઓફ મહાત્મા ગાંધી" અને બિયોન્ડ ધ હોરાઈઝેન એન્ડ અધર સ્ટોરિઝ'. બે પુસ્તક અંગ્રેજીમાં પ્રકાશિત.

## પત્રકારત્વ અને સમૂહ માધ્યમ ક્ષેત્રે પ્રદાન

**એક્રિડિટેડ જર્નાલિસ્ટ** : ગુજરાત સરકાર (માહિતી ખાતુ) દ્વારા વરિષ્ઠ પત્રકાર તરીકેની માન્યતા

**લોકપ્રિય કટાર લેખક** : માંગલ્યલક્ષી સાહિત્ય દ્વારા સમાજનું માર્ગદર્શન અને યુવા પેઢીનું ઘડતર ડૉ. મહેતાની કલમનું આગવું નજરાણું છે.

**'ગુજરાત સમાચાર'**માં પ્રસિદ્ધ થતી તેમની કોલમો ત્રણ દાયકાથી પણ વધુ સમયથી અવિરતપણે વાચક સમર્પિત.

## ગુજરાત સમાચારની કટારો

| કટારનું નામ | દિવસ |
|---|---|
| કેમ છે દોસ્ત ! | રવિવાર પૂર્તિ |
| એક જ દે ચિનગારી | ,, |
| ગુફ્તેગો | બુધવાર પૂર્તિ |

**નિયામક** : હીરામણિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મીડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ, અમદાવાદ.

- જર્નાલિઝમ/માસમીડિયાના ગુજરાત યુનિવર્સિટીના એકમાત્ર માન્ય સંશોધન નિર્દેશક.
- ૧૯૭૮થી પત્રકારત્વની શિક્ષણ અને સંસ્થા સ્થાપના તથા સંચાલનનો બહોળો અનુભવ.
- નવગુજરાત મલ્ટી કોર્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના પત્રકારત્વ વિભાગના સ્થાપક અને નિયામક. (૧૯૭૮-૧૯૯૦)
- ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના રીડર અને અધ્યક્ષ. (૧૯૯૦-૧૯૯૭).
- સહજાનંદ મલ્ટીકોર્સ એકેડેમી તથા સહજાનંદ પત્રકારત્વ ઈન્સ્ટિટ્યૂટના માનદ્ નિયામક અને પરામર્શક (૧૯૯૦-૧૯૯૪)
- ગુજરાત સમાચાર એકેડેમી ઓફ એજ્યુકેશન એન્ડ રિસર્ચના સ્થાપક-સંચાલક (૧૯૯૮-૧૯૯૯)
- પત્રકારત્વના શિક્ષણની અનેક સંસ્થાઓની સ્થાપના અને અભ્યાસક્રમ ઘડતરમાં તેમનો મહત્ત્વનો ફાળો છે. ગુજરાત યુનિ., સૌરાષ્ટ્ર યુનિ., ભાવનગર યુનિ., એમ.એસ. યુનિ., દ.ગુ. યુનિ.ના પત્રકારત્વના શિક્ષણ - પરીક્ષણ સાથે તેઓ સંકળાયેલા રહ્યા છે. પત્રકારત્વના સિદ્ધાંતો, કાનૂની પત્રકારત્વ, સંચાર માધ્યમ સંશોધન તથા સંચાર, મીડિયા અને આચાર સંહિતા, જનસંપર્ક જેવા વિષયોમાં તેમનું મહત્વનું ખેડાણ.
- પત્રકારત્વ વિષયક અનેકવિધ પરિસંવાદો અને વિશિષ્ટ વ્યાખ્યાનોનું આયોજન અને સંચાલન અને સહભાગિતા અને અધ્યક્ષતા.
- પત્રકારત્વના સંશોધન, મહાનિબંધો તથા ગ્રંથોના મૂલ્યાંકનકાર, માધ્યમ નિષ્ણાત.
- ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કૃત **'પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન'** પુસ્તકના લેખક
- **'સંચાર-માધ્યમ-સંશોધન', 'મીડિયા અને આચાર સંહિતા'** પુસ્તકો દ્વારા પત્રકારત્વ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન. પ્રિન્ટ મીડિયાના વિશેષજ્ઞ.
- ગુજરાત યુનિવર્સિટી તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં પત્રકારત્વ વિષયમાં યુનિવર્સિટી વ્યાખ્યાન.
- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જર્નાલિઝમ વિષયમાં પીએચ.ડી. માટેના વિષયની મંજૂરીના સલાહકાર સભ્ય.

## સામયિક સંપાદન

- **પથબંધુ** સાપ્તાહિકના પૂર્વ મુખ્ય સંપાદક. (૧૨ વર્ષ)
- સમાજ શિક્ષણ સમિતિ, અમદાવાદના **'સમાજદીપ'** ત્રૈમાસિકના પૂર્વ સંપાદક.
- **'ભાષાસેતુ'** હિન્દી ત્રૈમાસિકના સંપાદક મંડળના સભ્ય.
- **'મહાસિદ્ધિ'** માસિકના સલાહકાર સમિતિના સદસ્ય.
- **'શબ્દભારતી'** હિન્દી પત્રિકાના પૂર્વ પરામર્શક.

## દૂરદર્શન

દૂરદર્શન, અમદાવાદના ક્વીઝ પ્રોગ્રામ, કારકિર્દી-વિકાસલક્ષી કાર્યક્રમોના આરંભકર્તા, સંચાલક અને વાર્તાલાપકાર તરીકે સેવાઓ. ગુજરાતી ધારાવાહિકો અને ચલચિત્રોની મૂલ્યાંકન સમિતિના સભ્ય તરીકેની સેવાઓ. સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ વિશે અનેક વાર્તાલાપો અને મુલાકાત કાર્યક્રમ આપ્યા. આકાશવાણી અને દૂરદર્શનની કાર્યક્રમ પરામર્શક સમિતિના પ્રસારભારતી નિયુક્ત સદસ્ય.

## આકાશવાણી

- ૧૯૬૬થી આકાશવાણી સાથે પણ પ્રગાઢ રીતે સંકળાયેલા છે. વર્ષો સુધી 'હિન્દી શિક્ષણ'ના પાઠોનું લેખન-સંચાલન

કર્યું છે. સામાન્ય જ્ઞાન, શાળા-પ્રસારણ, અમૃતધારા ઉપરાંત અનેક વિષયો પર તેમના અભ્યાસનિષ્ઠ વાર્તાલાપો, નાટકો તથા મુલાકાતોનું આકાશવાણી દ્વારા પ્રસારણ.

## સાહિત્યિક સંસ્થાઓમાં પ્રદાન

- હિન્દી સાહિત્ય અકાદમી, ગુજરાતની કારોબારી સમિતિના પૂર્વ સભ્ય.
- ગુજરાત સાહિત્ય અકાદમીના સરકાર નિયુક્ત તથા નિર્વાચિત પૂર્વ સદસ્ય.
- હિન્દી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપાધ્યક્ષ.
- મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટના ટ્રસ્ટી.
- શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના ટ્રસ્ટી.
- ભાષા-સાહિત્ય-સંસદના અધ્યક્ષ
- ઓથર્સ ગિલ્ડ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હીના આજીવન સદસ્ય.

## શૈક્ષણિક સંસ્થાઓમાં સેવાઓ

- **એક્ઝિક્યુટિવ ડિરેક્ટર** : હીરામણિ વિદ્યાસંકુલ, અમદાવાદ
- **ઉપપ્રમુખ** : બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ, અમદાવાદ
- **ઉપપ્રમુખ** : હિન્દી સાહિત્ય પરિષદ, અમદાવાદ.
- **પૂર્વ સેક્રેટરી** : ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી એજ્યુકેશન ટ્રસ્ટ તથા સહજાનંદ કોલેજ/સ્કૂલ્સ
- **પ્રમુખ** : મીડિયા એજ્યુકેશન ટ્રસ્ટ
- **મેનેજિંગ ટ્રસ્ટી** : ઈશાવાસ્ય એજ્યુકેશન ટ્રસ્ટ
- **જોઈન્ટ સેક્રેટરી** : જ્યોતિર્મયી કેળવણી મંડળ, સરોડા
- **ટ્રસ્ટી** : જનસહાયક ટ્રસ્ટ, અમદાવાદ

## સમાજસેવા

- નિરક્ષરતા નિવારણ, પ્રૌઢશિક્ષણ, સમાજશિક્ષણ, આંગણવાડી, બાળવાડી તથા એઈડ્ઝ નિયંત્રણ રક્તદાન વગેરે સમાજસેવાની પ્રવૃત્તિ સાથે છેલ્લાં ૩૦ વર્ષથી કાર્યરત
- રેડક્રોસ : ગુજરાતના આજીવન સદસ્ય.
- અમદાવાદ શહેર સમાજ શિક્ષણ સમિતિના ત્રણ દાયકાથી સભ્ય સચિવ (સેક્રેટરી) ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત.
- ફાઉન્ડર મેમ્બર : હેલ્થ ફાઉન્ડેશન-શેઠ અચરતલાલ ગિરધરલાલ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ.
- ટ્રસ્ટી : શ્રી રવીન્દ્ર મેમોરીઅલ ટ્રસ્ટ
- કારોબારી સદસ્ય : જિલ્લા બાલ સંરક્ષણ ગૃહ, અમદાવાદ.
- કારોબારી સદસ્ય : ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ વેલફેર.
- અમદાવાદ શહેર કોમી એકતા સમિતિના પૂર્વ સદસ્ય.
- યુવક બિરાદરી મુંબઈના ગુજરાત શાખાના પૂર્વ અધ્યક્ષ.

## વિશિષ્ટ નિયુક્તિઓ

- ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ-કુલપતિ તરીકે ૧૯૯૯થી ૨૦૦૪ સુધી સેવારત.
- રાજસ્થાન યુનિવર્સિટીના રાજ્યપાલશ્રી નિયુક્ત પૂર્વ સેનેટ મેમ્બર.
- ભારત સરકાર સંસ્કૃતિ મંત્રાલય દ્વારા રાજા રામમોહનરાય લાઈબ્રેરી ફાઉન્ડેશનના સરકાર નિયુક્ત સદસ્ય.
- ભારત સરકારના 'વિદેશ મંત્રાલય'ની હિન્દી સલાહકાર સમિતિના પૂર્વ સદસ્ય.
- ભારત સરકારની પેન્શન, પર્સોનલ અને પબ્લિક ગ્રિવન્સિસ મંત્રાલયની હિન્દી સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય.
- ગુજરાત રાજ્યના 'ગ્રંથાલય ધારા' રચના સમિતિના સરકાર નિયુક્ત સદસ્ય.
- ગુજરાત સરકારની 'રાજા રામમોહનરાય લાયબ્રેરી ફાઉન્ડેશનની પુસ્તક પસંદગી સમિતિ, કલકત્તાના અધ્યક્ષ તથા નિયામકના પ્રતિનિધિ.
- ગુજરાત સરકારની ડી.પી.ઈ.પી.ની (પ્રાથમિક શિક્ષણ) ગવર્નિંગ બોડીના પૂર્વ સદસ્ય.
- કેન્દ્ર સરકાર અનુદાનિત ઉદયભાણસિંહ સહકાર પ્રબંધ સંસ્થાનની મેનેજિંગ કમિટીના સભ્ય.
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો ઓપરેટિવ મેનેજમેન્ટ (NICM)ની અનુસ્નાતક શિક્ષણ સમિતિના જોઈન્ટ સેક્રેટરી.
- ભારત સરકાર સંસ્કૃતિ મંત્રાલય દ્વારા નિયુક્ત ગુજરાત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ ટેક્નોલોજીની ગવર્નિંગ બોર્ડના સભ્ય.
- ગુજરાતના રાજ્યપાલશ્રી ધારા નિયુક્ત **'ઉચ્ચ શિક્ષા ગુણવત્તા સુધાર સમિતિ'**ના સભ્ય તરીકેની સેવાઓ.
- પ્રસારભારતી નિગમ દ્વારા આકાશવાણી તથા **દૂરદર્શનની કાર્યક્રમ સલાહકાર સમિતિના સદસ્ય.**
- ગુજરાત મીડિયા ક્લબ : માનદ સદસ્ય

## પુરસ્કાર : પારિતોષિકો

- **નેશનલ એવોર્ડ**

  હિન્દીતર ભાષી હિન્દી લેખક પુરસ્કર યોજના અંતર્ગત તેમની કૃતિ **'સાથ સાથ ચલ રહી કિરન' માટે રાષ્ટ્રીય સન્માન.**
- **સંસ્કાર પારિતોષિક**

  ૧૯૮૫માં શ્રેષ્ઠ યુવા સર્જક તરીકે સંસ્કાર પરિવાર વડોદરા તરફથી.
- **સંસ્કૃતિ પુરસ્કાર**

  જિલ્લા બાળ સંરક્ષણગૃહ, અમદાવાદ તરફથી યુવા ઘડતર, પત્રકારત્વ તથા પ્રૌઢ શિક્ષણક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ.
- **'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ'**
  - હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા 'લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ'
  - સ્વાસ્થ્ય સેવા ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા મહામહિમ ગવર્નર શ્રી નવલકિશોર શર્માજીના હસ્તે લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ.
- **સૌહાર્દ પુરસ્કાર**

  ઉત્તર પ્રદેશ સરકાર હિન્દી સંસ્થા, લખનૌ દ્વારા ગુજરાતી તરીકે હિન્દી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન બદલ (૧૯૯૯).
- **ભારતી ભૂષણ સન્માન :** હિન્દી-ઉર્દૂ એવોર્ડ સમિતિ, લખનૌ દ્વારા (૨૦૦૮)

- **રાજભાષા સન્માન**

  ગુજરાત રિફાઈનરી આઈ.ઓ.સી. દ્વારા પુરસ્કાર (૧૯૯૭).
- **સ્કોલર એવોર્ડ**

  ઈન્ટરનેશનલ બ્રહ્મ સમાજ, યુ.એસ.એ.
- કાદંબરી એવોર્ડ (હિન્દી નિબંધ સંગ્રહ માટે) જબલપુર
- દિવ્ય એવોર્ડ (હિન્દી નિબંધ સંગ્રહ માટે) ભોપાલ
- **બ્રહ્મ રત્ન એવોર્ડ**

  બૃહદ્ બ્રહ્મ સમાજ, ગુજરાત (ખેડા જિલ્લો)
- **સાહિત્યિક પુરસ્કાર**

  બાળસાહિત્યના ઉત્તમ સર્જન બદલ **'ચંદ્રશેખર આઝાદ'** અને **'વીર ભગતસિંહ'** પુસ્તકોને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર.
- **પત્રકારત્વ સિદ્ધાંત અને અધ્યયન** પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર.
- **'અન્વેષણ ઔર અન્ય એકાંકી'** (હિન્દી) તથા **'જરા ઠહર જાઓ'** (વાર્તાસંગ્રહ)ને હિન્દી સાહિત્ય અકાદમી, ગુજરાત રાજ્યનો પુરસ્કાર.
- **'કેમ છે દોસ્ત'** વાર્તાસંગ્રહને **ધૂમકેતુ એવોર્ડ** - હ્યુમન સોસાયટી ઓફ ઈન્ડિયા.
- ગુજરાત જર્નાલિસ્ટ એવોર્ડ, ગુજરાત જર્નાલિસ્ટ યુનિયન દ્વારા
- **પ્રશસ્તિપત્ર** : ગુજરાતની કોલેજોમાં રક્તદાનની શ્રેષ્ઠ પ્રવૃત્તિ બદલ ગુજરાતના ગવર્નરશ્રીના હસ્તે પ્રશસ્તિપત્ર.
- **સુવર્ણચંદ્રક** : નાટ્યક્ષેત્રે મહત્ત્વના પ્રદાન બદલ 'બૃહદ ગુજરાત સંસ્કૃત પરિષદ' દ્વારા સુવર્ણચંદ્રક.
- **શૈક્ષણિક પુરસ્કારો** : ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો.૭ થી ૧૦ની હસ્તપ્રતોને ઉત્તમ સંપાદનનો પુરસ્કાર.
- **'રિલેવન્સ ઓફ મહાત્મા ગાંધી ટુડે' વિષય પર ઈલેનોઈસ યુનિવર્સિટી, શિકાગો, અમેરિકામાં પ્રવચન માટે આમંત્રિત** (૨૦૦૭)
- **વિશિષ્ટ પ્રવચનો** : દેશ-પરદેશમાં ધર્મ, સંસ્કૃતિ, સાહિત્ય અને શિક્ષણવિષયક સંખ્યાબંધ પ્રવચન (૧૯૮૮, ૨૦૦૭).

  : વિશ્વના વિવિધ ધર્મોના ઊંડા અભ્યાસી.

  : ભારતીય સંસ્કૃતિ, હિન્દુ ધર્મ, જૈન ધર્મ તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય વિષયક ઊંડું ચિંતન, છેલ્લા ૨૫ વર્ષથી પર્યૂષણ વ્યાખ્યાન માળામાં જૈન ધર્મના વિવિધ સિદ્ધાંતો પર પ્રવચન.
- **વિદેશયાત્રા** : ૧૯૮૮માં પૂર્વ આફ્રિકા (નૈરોબી, કિસુમુ, મોમ્બાસા) તેમજ યુ.કે. (લંડન), ફ્રાન્સ અને સ્વિટ્ઝર્લૅન્ડનો પ્રવાસ, વિદેશોમાં સાહિત્ય, ધર્મ, શિક્ષણ અને યુવા પ્રવૃત્તિ વિશે પ્રવચનો.
- **યુ.એસ.એ.**માં બેન્સલમ, ન્યૂજર્સી તથા ડાઉની (એલ.એ.)માં ધર્મ, સમાજ, સાહિત્ય વિશે પ્રવચનો માટે (૨૦૦૭) આમંત્રિત.
- **સાહિત્યિક કૃતિઓ** : સંલગ્ન યાદી મુજબ

# ડૉ. ચંદ્રકાન્ત મહેતાની પ્રકાશિત કૃતિઓ/સંપાદનો

કાવ્ય :

૧. ધીરે વહે છે ગીત

વાર્તાસંગ્રહ :

૨. મન મધુવન
૩. સ્વપ્નલોક
૪. અંતર ભીનાં ભીનાં
૫. ભીતર ટહુકે મોર
૬. કેમ છે દોસ્ત !
૭. સમણે સમણે નોખી ભાત
૮. પંખી નીલ ગગનનાં
૯. પ્યાસ આકાશ
૧૦. સાંધ્ય ગગન
૧૧. ડૉ. ચંદ્રકાન્ત મહેતાની ૫૧ શ્રેષ્ઠ વાર્તાઓ (સં.મંજુ મહેતા)
૧૨. હૈયે-હૈયે હલચલ
૧૩. સંવેદનાના શિલાલેખ
૧૪. સ્પંદનનાં પ્રતિબિંબ

નિબંધસંગ્રહ :

૧૫. જિંદગીને ઝરૂખેથી
૧૬. અંતરને અજવાળે
૧૭. જીવન અંજલિ થાજો
૧૮. મને ગગન પડે છે નાનું
૧૯. આપણે ઘડવૈયા બંધુ આપણા.
૨૦. જાગો, ફિર એક બાર !
૨૧. થોડુંક આકાશ... થોડીક ધરા
૨૨. મહેકતો રહેજે મનવા

ચિંતન :

૨૩. એક જ દે ચિનગારી
૨૪. અંતર્દ્વાર
૨૫. પ્રકાશદીપ
૨૬. જીવનદીપ
૨૭. ચિંતનદીપ
૨૮. તારો ચંદ્ર વધુ શીતળ
૨૯. મારો તડકો મને પાછો આપ
૩૦. કમળપત્રમાં અશ્રુબિંદુ
૩૧. આવજો કહેવાનું ભૂલાઈ ગયું
૩૨. હું ક્ષણિક, તું ચિરંતન
૩૩. દીપ જલે દિલમાં
૩૪. અમૃતકુંભ
૩૫. પંથ જુએ છે વાટ
૩૬. કદમ, તને સલામ
૩૭. તું હારવા જન્મ્યો નથી
૩૮. જીવન કર્મયોગનું ઝરણું
૩૯. જ્યોતિકલશ છલકે
૪૦. ગોતવાં છે ગુલમહોર
૪૧. નહીં માફ નીચું નિશ

જીવન ઘડતરલક્ષી :

૪૨. ઈશ્વરના ઘરનો ટેલિફોન નંબર કયો ?
૪૩. હૈયાંને છાંયે છૈયાં
૪૪. લીલા વાંસના મીઠા સૂર
૪૫. શ્યામ ગુલાબી આકાશ
૪૬. એક વાર રસ્તામાં સામે મળી જિંદગી
૪૭. સ્વપ્નશિલ્પી

૪૮. ગોતવાં છે ગુલમહોર
૪૯. ધર્મ કરે છે સાદ
૫૦. સમાજ કરે છે સાદ
૫૧. માણસાઈ કરે છે સાદ
૫૨. જિંદગી કરે છે સાદ
૫૩. સફળતા કરે છે સાદ

**બાળ સાહિત્ય :**

૫૪. ચંદ્રશેખર આઝાદ
૫૫. વીર ભગતસિંહ
૫૬. આઝાદીના અમૃતપુત્રો
૫૭. વતનનાં રતન
૫૮. છુક-છુક ગાડી ગીતોની
૫૯. ઉત્સવોની રથયાત્રા
૬૦. સુભાષચંદ્ર બોઝ

**યુવા સાહિત્ય :**

૬૧. કોલેજની હવામાં
૬૨. યુવાનો અને ધર્મ (ગુફ્તેગો શ્રેણી)
૬૩. યુવાનો અને સમાજ (ગુફ્તેગો શ્રેણી)
૬૪. યુવાનો અને પ્રણય
૬૫. યુવાનો અને પરિણય
૬૬. યુવાનો અને વ્યક્તિત્વ

**પત્રકારત્વ :**

૬૭. પત્રકારત્વ :
સિદ્ધાંત અને અધ્યયન
૬૮. સંચાર માધ્યમ-સંશોધન
(પદ્ધતિ અને સમીક્ષા)
૬૯. મીડિયા અને આચારસંહિતા
૭૦. સંચારના સિદ્ધાંતો (પ્રકાશ્ય)

**જીવનચરિત્ર :**

૭૧. ધર્મસેતુ :
પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજ
૭૨. ડૉ. ભીમરાવ આંબેડકર
૭૩. સ્વાતંત્ર્ય સેનાની યોગાનંદ
૭૪. નારી તારાં નવલાં રૂપ
૭૫. આઝાદીના અનુરાગીઓ
૭૬. સરસ્વતીની અમૃતગાથા
૭૭. ક્રાનિવીર સુભાષચંદ્ર બોઝ

**પ્રેરક કથાઓ :**

૭૮. કેસર ક્યારી
૭૯. પાવનતાના પૂજકો
૮૦. અલગારી ઈન્સાનો
૮૧. બોધવાણી

**પ્રૌઢ શિક્ષણ :**

૮૨. સમજણની કેડીએ ભાગ-૧
૮૩. સમજણની કેડીએ ભાગ-૨

**સંપાદન :**

૮૪. લોક કવિ મીર મુરાદ
૮૫. સિરિસિરિવાલ કહા (પ્રાકૃત ચરિત્રકાવ્ય)
૮૬. મૂલદેવ કહા (પ્રાકૃત ચરિત્રકાવ્ય)
૮૭. આઝાદીની આરાધના
૮૮. કંકુ છાંટી કંકોતરી મોકલી (લગ્ન ગીતો)
૮૯. લોકવાણી (લોકગીતો)
૯૦. વંદના (પ્રાર્થના-ભજનો)
૯૧. અર્ચના (સ્તુતિ-ભજનો)

૯૨. નહીં માફ નીચું નિશાન

૯૩. સ્વાતંત્ર્ય સંગ્રામ : સ્મૃતિ-વંદના

૯૪. મુક્તિ મહોત્સવની મહેફિલ

એકાંકીસંગ્રહ :

૯૫. અન્વેષણ અને અન્ય એકાંકી

**સમાજ ચિંતન :**

૯૬. લાગણીનું ઘર

૯૭. ઘરની લાગણી

૯૮. તો કેડી બનશે રાજપથ

૯૯. પગલે પગલે પ્રગટે કમલ

૧૦૦. અશ્રુ આઝાદીની આંખના

## हिन्दी रचनाएँ

संशोधन ग्रंथ :

101. मीर काव्य परंपरा : एवं कवि मीर मुराद

कहानी संग्रह :

102. दिशान्तर
103. जरा ठहर जाओ (पुरस्कृत)
104. नहीं आया वह अभी समय
105. अनकहा दर्द
106. आखिर कब तक ?

निबंधसंग्रह :

107. साथ-साथ चल रही किरन (नेशनल एवोर्ड सम्मानित)
108. दिया जलाना कब मना है ?
109. कहाँ रुका है काफिला ?
110. तलाश : एक नये आसमान की
111. एक झील अंदर भी
112. जीवन में विश्राम कहाँ ?
113. चलना हमारा काम है

सम्पादन :

114. मुराद वाणी
115. तुलसीदास : पुनर्मूल्यांकन
116. हिन्दी साहित्यिक पत्रकारिता

पत्रकारिता :

117. पत्रकारिता : सिद्धांत और समीक्षा
118. साहित्य और पत्रकारिता की परिक्रमा

एकांकी :

119. अन्वेषण और अन्य एकांकी

समीक्षा :

120. आवास और उपलब्धि

हाडकु कलश :

121. सूरज ढूँढे किरन सतरंगी

**English**

122. Relevance of Mahatma Gandhi (Today)
123. Beyond The Horizon & other Stories




# તમારો છું...

તમારો છું, અને તેથી હૃદયની બહાર માગું છું.
કદી તૂટે નહીં એવો મનનો તાર માગું છું.
રહો હલકાં સદા માટે, તમારો ભાર માગું છું.
જૂના થાવા છતાં, સાચા મિત્રનો યાર માગું છું.
નથી એ મોતની પરવા, શસ્ત્રનો વાર માગું છું.
તમારી જીત કાજે એટલે હું હાર માગું છું.
કસોટી આકરી કરતો સૂનો મઝધાર માગું છું.
મને મારી રડે મૃત્યુ તણોયે પ્યાર માગું છું.

## ડૉ. ચંદ્રકાન્ત મહેતા

# એક પ્રગટ સારસ્વત

